Thursday 15, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૩૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## દમણ- સેલવાસમાં દિવાળી પહેલાં ફૂડ વિભાગની ચાંપતી તપાસ







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૪ :** આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને દમણ-દીવ અને દાદરા અને નગર હવેલીમાં ખાદ્ય સુરક્ષા અભિયાનની શરુઆત કરવામાં આવી છે. પ્રશાસક પ્રફુલભાઈ પટેલના નિર્દેશ અને માર્ગદર્શનમાં પ્રશાસનની ડિઝાસ્ટર મેનેજમેન્ટ, મામલતદાર અને ફૂડ વિભાગની સંયુક્ત ટીમ દ્વારા સેલવાસની જાણીતી મીઠાઈની દુકાનોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતાની ચકાસણી કરવામાં આવી હતી. ટીમે વિવિધ મીઠાઈઓ તેમજ કાચા માલના નમૂના પણ લીધા હતા. તપાસ દરમિયાન દમણમાં ૩ અને દાદરા નગર હવેલીમાં ૬ જેટલી જગ્યાએ જરુરી સ્વચ્છતાનો અભાવ સહિત પ્રિન્ટ વગરનાં પેકેટમાં વેફર્સ અને અન્ય ખાદ્ય પદાર્થોનું વેચાણ થતું હોવાનું જણાયું હતું. ટીમે સંબંધિત દુકાનદારોને તાત્કાલિક આ પ્રકારનું વેચાણ બંધ કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત કેટલીક દુકાનોના ફૂડ લાઈસન્સની મુદત પૂરી થઈ ગઈ હોવાનું પણ સામે આવ્યું હતું.

### ખાદ્યપદાર્થોની દમણમાં ૩ અને દાનહમાં ૬ દુકાનો બંધ કરાવાઈ : જાણીતી મીઠાઈની દુકાનોમાં તપાસ, કેટલીક ખામીઓ સામે આવી : પ્રિન્ટ વગરનાં પેકેટમાં ખાદ્ય પદાર્થોના વેચાણ પર રોક

અધિકારીઓએ સંબંધિત દુકાનદારોને વહેલી તકે લાઈસન્સનું નવીનીકરણ કરાવવા જણાવ્યું હતું અને સૂચનાનું પાલન નહીં કરવામાં આવે તો નિયમ મુજબ કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.

ફૂડ ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે લોકોના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે બેદરકારી દાખવનાર સામે નિયમ મુજબ કડક પગલાં લેવામાં આવશે. તમામ દુકાનદારો અને ફેરિયાઓએ માન્ય ફૂડ લાઈસન્સ રાખવું તથા સ્વચ્છતાના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

તહેવારો દરમિયાન મીઠાઈ અને અન્ય ખાદ્ય પદાર્થોની માંગ વધતી હોય છે. આવી સ્થિતિમાં તેમની ગુણવત્તા અને શુદ્ધતા જાળવવી અત્યંત જરૂરી છે. સ્થાનિક લોકોએ ફૂડ વિભાગની આ કામગીરીને આવકારીને આવી તપાસ નિયમિત રીતે હાથ ધરવાની માંગ કરી છે, જેથી સામાન્ય લોકોને સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો મળી રહે. તહેવારોના સમયગાળામાં આરોગ્ય વિભાગે નાગરિકોને અપીલ કરી છે કે ખાદ્ય સામગ્રીઓ ખરીદતી વખતે એની દરેક રીતે પુરતી તપાસ કરે અને વિશ્વસનીય જગ્યાઓએથી જ એની ખરીદી કરે જો ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કે અન્ય સામગ્રની શંકા જાય તો એફએસએસએઆઈ હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૧૨-૧૦૦ પર ફરિયાદ કરાવી શકાય છે.

**દમણગંગા ટાઈમ્સ ઈપેપર ડાઉનલોડ કરવા માટે**
**www.damangangatimes.com**

## કરજગામથી ૬૨ બોટલ કોડઈન કફ સીરપ સાથે ૧ ઝડપાયો : ૩ વોન્ટેડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૪ :** વલસાડ પોલીસે નશીલા પદાર્થો સામે એક્શન લીધા છે. સરીગામ પોલીસે કરજગામના રાય ફળિયામાંથી ૬૨ બોટલ કોડેઈન કફ સીરપ સાથે રોહિતકુમાર ઉર્ફે કાલીયા સંજય નિશાદને ઝડપી પાડયો હતો. પોલીસેરૂા. ૭,૧૩૦નો સીરપ જપ્ત કરી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. નવરાત્રિ દરમિયાન પોલીસને બાતમી મળી હતી. તેના આધારે



ઉમરગામના કરજગામમાં રીતેશભાઈની ચાલી નીચે તપાસ કરાઈ. આરોપી પાસેથી ૬૨ કોનેક્ષ ટીઆર ૧૦૦ એમએલની બોટલો, લાલ થેલી, વીવો ફોન અને આધારકાર્ડ જપ્ત કરાયા હતાં.

આ સીરપ મંગાવનાર આશીકઅલી અકબર ખાન (સરીગામ) અને રીતેશભાઈ રઘુભાઈ ધોડી પટેલ (કરજગામ) વોન્ટેડ છે. સીરપ આપનાર વિશાલભાઈ (કીમ, સુરત) પણ વોન્ટેડ આરોપી છે. પોલીસ આ સીરપ ક્યાંથી આવ્યું, કોને આપવાનું હતું અને અન્ય કોઈ સામેલ છે તેની તપાસ કરી રહી છે.




## અતુલની કંપની સામે આક્રોશ : સેમ્પલો લેવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** અતુલ કંપની દ્વારા પાર નદીમાં ખુલ્લેઆમ લાલ કલરનું કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતાં માછલી અને જમીનને નુકસાન થતાં આજુબાજુ ના ગામોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.





વલસાડના હરીયા ગામ નજીક અતુલ કંપની આવેલી છે અતુલ કંપની દ્વારા કેમિકલનું ઉત્પાદન કરવામાં આવે છે. અતુલ કંપનીમાં ઈટીપી પ્લાન્ટ આવેલો હોવા છતાં સીધે સીધુ લાલ કલર વાળું કેમિકલ યુક્ત પાણી કંપનીની બાજુમાંથી પસાર થતી પાર નદીમાં છોડી દેવામાં આવે છે. જેના કારણે આ પાર નદી પ્રદૂષિત બની બની ગઈ છે. અતુલ કંપની દ્વારા કેમિકલ યુક્ત પાણી છોડવાના પગલે માછલીઓ મરી જતા સ્થાનિક માછીમારોને રોજગારી છીનવાઈ જતી હોય છે. આ ઉપરાંત આ કેમિકલ પ્રદૂષિત પાણીના કારણે ખેતીની જમીન પીવાના પાણીને અસર પહોંચી છે તો વર્ષો જૂના ઝાડો પણ સુકાઈ જતા હોય છે તો બીજી તરફ કુવા બોરિંગના પાણીમાં પણ કેમિકલ યુક્ત હોવાથી તેઓ ઘર વપરાશ માં ઉપયોગ કરી શકતા નથી. ગ્રામજનો જણાવ્યું કે કંપની દ્વારા અગાઉ કેમિકલયુક્ત પાણીના નિકાલ માટે બે પાઈપલાઈન નાખવામાં આવી હતી. હવે કંપની દ્વારા ત્રીજી નવી લાઈન માટે ખોદકામ શરૂ કરવામાં આવતાં ગામજનોમાં આક્રોશ ઉઠ્યો છે.

અતુલ કંપની દ્વારા પ્રદૂષિત પાણી છોડતા જેની સીધી અસર હરિયા સહિત આસપાસના ૫ થી ૭ ગામોના હજારો લોકોના જનજીવન અને આરોગ્ય પર પડી રહી છે. કંપની દ્વારા પાર નદીમાં કેમિકલ યુક્ત પાણી છોડવાના મામલે વાપી જી.પી.સી.બી.ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ સેમ્પલો મેળવી તપાસ શરૂ કરી છે.

**ફલેટ ભાડે આપવાનો છે**
**હવા ઉજાસવાળો 2BHK ફ્લેટ**
સીસીટીવી કેમેરા, સિક્યુરીટી ગાર્ડ તથા ટુવ્હીલર -ફોર વ્હીલર પાર્કિંગની સુવિધા
સ્વતંત્ર ફ્લેટ - ૨૪ કલાક પાણીની સુવિધા
સુરજ કૃપા એપાર્ટમેન્ટ, ફ્લેટ નં. ૧૦૩, ધારાનગર મેન ગેટ રોડ ઉપર સ્વામિનારાયણ સ્કુલની નજીક
**Mo. 9429093288**

## વાપીમાં રવિવારે બાઉલગાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપીમાં બુકસ અનલીમીટેડ દ્વારા બંગાળના જાણીતા બાઉલ સંગીતના કલાકારો મધુસુદન બાઉલ અને સંતાન બાઉલ દ્વારા ૧૮મી ઓકટોબરને રવિવારના રોજ સવારે ૧૧ કલાકેથી પ્રભુ ઉપવન ખાતે બાઉલ ગાન રજુ કરાશે.

ઉલ્લેખનીય છે કે બાઉલ તત્વજ્ઞાન એ બંગાળની એક સમન્વયાત્મક, ભટકતી રહસ્યવાદી પરંપરા છે, જે ઔપચારિક ધર્મ, જાતિભેદ અને ધાર્મિક વિધિઓને નકારીને માનવ શરીરને જ પવિત્ર મંદિર માનીને તેની અંદર જ ‘મોનેર માનુષ’ (હૃદયના દેવતા અથવા દિવ્ય અંશ)ની શોધ કરે છે. સુફીવાદ, વૈષ્ણવ ધર્મ અને તાંત્રિક પરંપરાઓના ભોગે વિકસેલું આ તત્વજ્ઞાન મોટે ભાગે ઉત્સાહવર્ધક સંગીત અને કવિતા દ્વારા વ્યક્ત થાય છે,

જેમાં માનવતા માટેનો સર્વવ્યાપી પ્રેમ એ જ આધ્યાત્મિક સિદ્ધિનો સર્વોચ્ચ માર્ગ ગણવામાં આવે છે.






Adfactors 441/26

## બીલીમોરામાં નવરાત્રી મહોત્સવમાં પત્રકાર સંઘે મહાઆરતીનો લાભ લીધો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૪ :** આધ્યાશક્તિ માઁ જગદંબાની આરાધનાના પાવન પર્વ નવરાત્રી નિમિત્તે બીલીમોરા સ્થિત વિઘ્નહર્તા યુવક મંડળ દ્વારા આયોજિત ભવ્ય નવરાત્રી મહોત્સવમાં ભક્તિસભર માહોલમાં દિવ્ય મહાઆરતી યોજાઈહતી, જેમાં ગણદેવી તાલુકા પત્રકાર સંઘના પ્રમુખ ભાવિન પટેલ, મંત્રી ચંદ્રકાંત સોલંકી સહિત મંડળના સભ્યોએ મોટી સંખ્યામાં એકત્ર થઈ માઁ અંબેની આરતી ઉતારવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું, જ્યારે આ રૂડા અવસરે પીઆઈ અશ્વિન સરવૈયા, પાલિકા કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલ, કીર્તિ મિસ્ત્રી તથા મનીષ નાયક સહિતના અગ્રણી મહાનુભાવોએ વિશેષ ઉપસ્થિત રહી દર્શન-આરતીનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

## આહવા તા. પં. દ્વારા કુદરતી આફતમાં મકાનોને થયેલ નુકસાની સહાયના ચેક વિતરણ કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૪ :** ડાંગ જિલ્લાના આહવા તાલુકા પંચાયત ખાતે તાલુકા પંચાયત પ્રમુખ વિણાબેન ગાંગુર્ડે અને આહવા-૧ના તાલુકા સદસ્ય રાકેશ પવારની ઉપસ્થિતિમાં કુદરતી આફત અને ભારે વરસાદને કારણે મકાનોને નુકસાન પામેલા અસરગ્રસ્ત લાભાર્થીઓને આર્થિક ચેકનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.અગાઉ આહવા તાલુકાના વિવિધ ગામોમાં ભારે વરસાદ અને કુદરતી પ્રકોપને લીધે અનેક મકાનોને આંશિક તેમજ સંપૂર્ણ નુકસાન પહોંચ્યુ હતું. સરકારી નિયમોનુસાર અને સર્વે કામગીરી પૂર્ણ થયા બાદ આહવા તાલુકા પંચાયત દ્વારા લાભાર્થીઓને સહાય આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ વિણાબેન ગાંગુર્ડે, આહવા-૧ના તાલુકા સદસ્ય રાકેશ પવાર તથા આહવા તાલુકા વિકાસ અધિકારી આર.બી. ચૌધરીની ઉપસ્થિતિમાં કુદરતી આફતના અસરગ્રસ્તોને કચેરી ખાતે બોલાવી રૂબરૂમાં સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતાં. કુદરતી આફતમાં નુકસાન પામેલા કુલ ૪ લાભાર્થીઓને રૂા.૩,૭૦,૫૦૦ (ત્રણ લાખ સિત્તેર હજાર પાંચસો રૂપિયા) ની સહાય વિતરિત કરવામાં આવી છે. ચેક વિતરણ પ્રસંગે તાલુકા સદસ્ય રાકેશ પવારે જણાવ્યું હતું કે, કુદરતી આફતના સમયે ગ્રામજનોને આર્થિક ટેકો પૂરો પાડવો એ શાસનની પ્રાથમિક ફરજ છે. ચોમાસા દરમિયાન મકાનોને થયેલા નુકસાન બદલ સમયસર સહાય પૂરી પાડીને અસરગ્રસ્ત પરિવારોને પુન:સ્થાપિત કરવામાં આ રકમ ઉપયોગી નીવડશેં.સહાય મેળવનાર લાભાર્થીઓએ આ મુશ્કેલ સમયમાં ત્વરિત કામગીરી કરી આર્થિક સહાય પહોંચાડવા બદલ તાલુકા પંચાયત અને સ્થાનિક પ્રશાસનનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બીલીમોરાની હાઈસ્કૂલમાં SDRF ટીમ દ્વારા આપત્તિ વ્યવસ્થાપનનું જીવંત નિદર્શન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૪ :** બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એલ.એમ.પી. રેવા એક્સપેરીમેન્ટલ હાઈસ્કુલ અને શેઠ એમ.સી.ઝેડ. શાહ હાયર સેકન્ડરી સ્કુલ ખાતે બુધવારે ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે કુદરતી અને માનવસર્જિત આપત્તિ સમયે રાખવાની કાળજી અને SDRF ની કાર્યપદ્ધતિ અંતર્ગત વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. શાળાના આચાર્ય કેતન પટેલના સ્વાગત પ્રવચન બાદ SDRFના પીએસઆઈ વી.એમ. પંડ્યાના નેતૃત્વ હેઠળ ઈન્સ્ટ્રકટર ભાવેશકુમાર પટેલ અને ટીમે ભૂકંપ, પૂર, આગ તથા વાવાઝોડા જેવી કટોકટીમાં સ્વબચાવ અને સાવચેતી અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ટીમ દ્વારા બચાવ કામગીરી, આધુનિક ઉપકરણોના ઉપયોગ તેમજ ઘાયલોની પ્રાથમિક સારવાર અંગેનું લાઈવ ડેમો રજૂ કરાયું હતું. શાળાના ૪૪૨ વિદ્યાર્થીઓ અને ૧૪ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રશ્નોતરી દ્વારા ઉપયોગી કૌશલ્યો શીખ્યા હતા. અંતમાં સીનિયર શિક્ષિકા મમતાબેન પટેલે આભારવિધિ આટોપી હતી, જ્યારે બી.વી.કે. મંડળના હોદ્દેદારોએ આ સફળ આયોજન બદલ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતાં.

## ગણદેવીની વાઘરેચ ગ્રામ પંચાયતને મહિલા અનામતનો લાભ ક્યારે મળશે?



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૩ :** ગણદેવી તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતો પૈકી ૫૪ ગ્રામ પંચાયતોમાં આગામી ડિસેમ્બરમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ચૂંટણીને લઈને સરપંચ અને વોર્ડ સભ્યોની અનામત બેઠકોની કેટેગરી જાહેર થવાની ચૂંટણીવાંચ્છુઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ત્યારે બીલીમોરા નજીક વાઘરેચ ગામની ગ્રામ પંચાયતને પ્રથમ મહિલા સરપંચ ક્યારે મળશે તેવો સવાલ ઊઠ્યો છે. વીતેલા છ દાયકાના ઉપલબ્ધ સરપંચપદના ઈતિહાસમાં એક પણ મહિલા સરપંચ ન બનતાં આ વખતે મહિલા અનામતનો લાભ મળશે કે કેમ તે અંગે ગામમાં તેમજ રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦ ટકા અનામતની જોગવાઈ હોવા છતાં વાઘરેચ ગ્રામ પંચાયતના સરપંચપદે આજદિન સુધી મહિલાને તક મળી નથી. હવે આગામી ચૂંટણી માટે અનામતની કેટેગરી નક્કી થવાની પ્રક્રિયા તરફ સૌની નજર મંડાઈ છે. સરપંચપદની અનામત ફાળવણીમાં વાઘરેચને મહિલા અનામત મળશે કે નહીં તે તો સત્તાવાર જાહેરાત બાદ જ સ્પષ્ટ થશે, પરંતુ સતત પુરુષ સરપંચોનું વર્ચસ્વ ધરાવતી આ ગ્રામ પંચાયતમાં મહિલા નેતૃત્વનો માર્ગ ક્યારે ખુલશે તેવો પ્રશ્ન સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યો છે. વાઘરેચ ગ્રામ પંચાયતના ઉપલબ્ધ ઈતિહાસ મુજબ વર્ષ ૧૯૬૬થી ૧૯૭૫ દરમિયાન રમણભાઈ બાબરભાઈ ટંડેલ સરપંચ રહ્યા હતા. ત્યારબાદ વર્ષ ૧૯૭૬થી ૧૯૯૧ દરમિયાન મનુભાઈ છગનભાઈ પટેલ, વર્ષ ૧૯૯૨થી ૧૯૯૬ દરમિયાન ગીરીશભાઈ હીરાભાઈ ટંડેલ, વર્ષ ૧૯૯૭થી ૨૦૧૧ દરમિયાન મનહરભાઈ રમણભાઈ ટંડેલ, વર્ષ ૨૦૧૨થી ૨૦૧૬ દરમિયાન શાંતિલાલ મકનભાઈ પટેલ અને વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન ફરી મનહરભાઈ રમણભાઈ ટંડેલે સરપંચપદ સંભાળ્યું હતું. જ્યારે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ના વર્તમાન કાર્યકાળમાં સુજીતકુમાર શાંતિલાલ પટેલ સરપંચ તરીકે કાર્યરત છે. આમ, ઉપલબ્ધ વિગતો પ્રમાણે અત્યાર સુધી વાઘરેચ ગ્રામ પંચાયતને મહિલા સરપંચ મળ્યાં નથી. હવે આવનારી ચૂંટણીમાં અનામતની ફાળવણી શું વળાંક લાવે છે તે જોવું રહ્યું. ગ્રામ પંચાયતની ચૂંટણી માત્ર સત્તા પરિવર્તનનો અવસર નથી, પરંતુ ગામના દરેક વર્ગને લોકશાહીમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળે તેની પણ કસોટી છે. વાઘરેચમાં મહિલા સરપંચપદ અંગે ઊઠેલી ચર્ચા વચ્ચે અનામતની કેટેગરી નક્કી કરવાની પ્રક્રિયા પારદર્શક રીતે અને પ્રવર્તમાન નિયમો અનુસાર હાથ ધરાય તથા તેની સત્તાવાર માહિતી સમયસર જાહેર થાય તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે. હવે જોવાનું એ છે કે આગામી ચૂંટણીમાં વાઘરેચ ગ્રામ પંચાયતને પ્રથમ મહિલા સરપંચ મળશે કે પછી મહિલા નેતૃત્વની પ્રતીક્ષા વધુ લંબાશે? આ પ્રશ્નોનો જવાબ અનામત બેઠકોની સત્તાવાર ફાળવણી સાથે જ મળશે.

## ખેરગામમાં એસટી બસના અભાવે વિદ્યાર્થીઓ પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**ખેરગામ, તા.૧૪ :** ખેરગામ તાલુકા મથક બન્યાને ૧૨ વર્ષનો સમય વીતી ગયો જે પૂર્વે નવા રોડ ખાતે પાંચેક બસ સ્ટેન્ડ માજી સરપંચ નટુભાઈ પટેલે બનાવેલા તે રસ્તાનું વિસ્તૃતિકરણ થતાં તોડી પડાયા હતા અને આમ છેલ્લા ૧૨ વર્ષથી ગૌરવ પથસમો નવો રોડ બસ સ્ટેન્ડ વિનાનો છે.

દોઢેક વર્ષ પૂર્વે આ પ્રશ્ને વારંવાર રજૂઆત થતા ખાસ કરીને જમા શાળાના દરવાજા પાસે બસ સ્ટેન્ડના અભાવે વિદ્યાર્થીઓએ ટાઢ તડકો વરસાદ વેઠવો પડે છે, તૈયાર બસ સ્ટેન્ડ જકે. મંડળ પણ મુકાવી શક્યું નથી. જેથી ધારાસભ્ય નરેશભાઈ પટેલને રજૂઆતોથી તેમણે રૂ. ચાર લાખનુ અનુદાન મંજૂરી આપી હોવા છતાં ગ્રામ પંચાયત, મંડળ કે આગેવાનો આજ દિન સુધી બસ સ્ટેન્ડ બનાવી શક્યા નથી જેમાં મેડકો કે ત્રીજું નવું સંગઠનને પણ રસ ન હોવાનું જણાય છે. માર્કેટયાર્ડ માટે પણ રૂપિયા ટોકને ૯૯ વર્ષના પટે જમીન આપેલી છે. જ્યાં પ્રથમ ગેટની ઉત્તરે ભેળપુરીવાળા ખસ્યા ત્યાં નાનકડું બસ સ્ટેન્ડ ની તીવ્ર આવશ્યકતા છે. મહાત્મા ગાંધી વર્તુળ દશેરા ટેકરી ખેરગામની સૌથી ઝડપી વિકાસ કરતી વ્યસ્ત ચોકડી છે. જ્યાં સારું બસ સ્ટેન્ડ નહીં હોવાથી પ્રવાસીઓ-વિદ્યાર્થીઓએ દુકાનોના ઓટલે જમાવડો કરવો પડે છે. દુકાનદારો માટે ગ્રાહક અવરોધક બને છે અને તેઓના કારણે ઉઠવું પણ પડે છે અને તડકે ઉભું રહેવું પડે છે.

## JCI નવસારી દ્વારા શેરી ગરબા સ્પર્ધા યોજાઈ

**નવસારી, તા.૧૪ :** JCI નવસારી દ્વારા નવરાત્રિના પર્વ નિમિત્તે પરંપરાગત સંસ્કૃતિ અને લોકકલાને પ્રોત્સાહન આપવાના હેતુથી શેરી ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અંદાજે ૧૨ જેટલી ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ ગામો અને શેરીઓમાંથી ખાસ કરીને બહેનો અને મહિલાઓએ મોટી સંખ્યામાં ભાગ લઈને આપણી પરંપરાગત સંસ્કૃતિને જીવંત રાખવાનો સુંદર -યાસ કર્યો હતો. સ્પર્ધામાં પરંપરાગત શેરી ગરબા ઉપરાંત આરતીની થાળીના આકર્ષક શણગારને પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યું હતું. સ્પર્ધકોએ પોતાની આગવી કળા, પરંપરાગત વેશભૂષા, ગરબાની રજૂઆત અને આરતી થાળીના સર્જનાત્મક શણગાર દ્વારા સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. આ સ્પર્ધાનું મૂલ્યાંકન કરવા માટે JCI નવસારીના પ્રેસિડેન્ટ JC હિતેશકુમાર પવાર, પ્રોજેક્ટ ચેરપર્સન JC વિભૂતિ પટેલ, JC જેસલ શાહ, JC હર્ષદા સાકરિયા, IPP JC જલ્પેશ સાકરિયા, સેક્રેટરી JC રાહુલ સોની, JC જીગ્નેશ રાઠોડ, JC હર્ષિલ શાહ તથા નિર્ણાયકોની ટીમે વિવિધ શેરીઓની મુલાકાત લઈને સ્પર્ધકોની રજૂઆતોનું નિરીક્ષણ કર્યું હતું અને નિર્ધારિત માપદંડોના આધારે મૂલ્યાંકન કર્યું હતું.

આ આયોજનનો મુખ્ય હેતુ નવરાત્રિની પરંપરાગત ગરબા સંસ્કૃતિનું જતન કરવું, મહિલાઓની પ્રતિભાને પ્રોત્સાહન આપવું અને સમાજમાં એકતા, ઉત્સાહ તથા સાંસ્કૃતિક વારસાની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો હતો. સ્પર્ધામાં વિજેતા થનાર ટીમોને આગામી કાર્યક્રમમાં આમંત્રિત કરીને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે.

JCI નવસારી દ્વારા આ આયોજનને સફળ બનાવવા સહયોગ આપનાર તમામ સ્પર્ધકો, શેરીના આયોજકો, નિર્ણાયકો અને સહયોગીઓને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ચિંચલી ખાતે કરોડોના ખર્ચે નવનિર્મિત 'આદર્શ માધ્યમિક શાળા'નું લોકાર્પણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**સાપુતારા, તા.૧૪ :** ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ચિંચલી ગામ ખાતે આદિવાસી બાળકોના શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય માટે એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સુરત દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ આદર્શ માધ્યમિક શાળા'નું નિર્માણ કરવામાં આવ્યું છે. શાળાનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં આજે વિધિવત રીતે તેનુ બાળકો માટે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.આ પ્રસંગે એથર ઈન્ડસ્ટ્રીઝના દિપકભાઈ મહેતા અને તેમના પરિવારે નવનિર્મિત શાળામાં પૂજા-અર્ચના કરી, કુંભઘડો મૂકીને શાળાને વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મૂકી હતી. તેમણે ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વચન તથા શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને ઉત્સાહભેર નવી શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ડાંગ યુવક સેવા સમિતિ દ્વારા સંચાલિત આ શાળાને તમામ અમૂલ્ય અને આધુનિક સુવિધાઓ સાથે અર્પણ કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ખુશીનો માહોલ છવાયો છે.આ પવિત્ર કાર્ય બદલ શાળાના સંચાલક મંડળ, આચાર્ય, કર્મચારીઓ, છાત્રાલય પરિવાર તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પૂર્ણિમાબેન દેસાઈ, અશ્વિનભાઈ દેસાઈ, દિપકભાઈ મહેતા તથા એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સુરતના સમગ્ર પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સાથે જ શાળા નિર્માણમાં દરેક તબક્કે સહયોગ આપનાર તમામ ટીમોનો પણ આભાર માનવામાં આવ્યો હતો.અંતરિયાળ ડાંગના આદિવાસી બાળકો શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી આગળ વધે તેવા એથર ઈન્ડસ્ટ્રીઝના પવિત્ર આશયને સાકાર કરવા માટે શાળા પરિવારે પૂર્ણ નિષ્ઠા સાથે કટિબદ્ધતા દર્શાવી હતી.

## સમાલખા સ્થિત ૭૯મા વાર્ષિક નિરંકારી સંત સમાગમની તડામાર તૈયારીઓ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**બીલીમોરા, તા.૧૪ :** સંત નિરંકારી મિશન દ્વારા આગામી ૨૩થી ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સમાલખા સ્થિત આધ્યાત્મિક સ્થળ પર ૭૯મા વાર્ષિક નિરંકારી સંત સમાગમનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિતજીના પાવન સાન્નિધ્યમાં યોજાનારા આ સમાગમનો મુખ્ય વિષય 'જાગૃતિ' રાખવામાં આવ્યો છે. પ્રેમ, સદ્ભાવ અને વિશ્વ બંધુત્વનો સંદેશ આપતા આ મહાપર્વને અનુલક્ષીને દાંતી, ડુંગરી, બીલીમોરા, નવસારી સહિત સમગ્ર ગુજરાતમાંથી હજારો શ્રદ્ધાળુઓ અને સ્વયંસેવકો ઉત્સાહભેર સમાલખા પહોંચીને તન-મનથી નિ:સ્વાર્થ સેવામાં જોડાઈ ગયા છે.સમાગમ સ્થળ પર નિર્માણ કાર્ય, ભવ્ય પ્રવેશદ્વાર, શામિયાના, સ્વચ્છતા, જળ વ્યવસ્થા અને ભોજન પ્રબંધ જેવી તમામ સુવિધાઓને સ્વયંસેવકો રાત-દિવસ એક કરીને આખરી ઓપ આપી રહ્યા છે. સત્ગુરુના આશીર્વાદ અને માનવ એકતાના સંકલ્પ સાથે સેવામાં જોડાયેલા આ ભક્તોના મુખ પર થાકને બદલે સેવા, સમર્પણ અને સંતોષની દિવ્ય આભા જોવા મળી રહી છે.

આ વાર્ષિક સંત સમાગમ માત્ર એક ધાર્મિક આયોજન ન બની રહેતાં વિવિધ સંસ્કૃતિઓને એક તાંતણે બાંધી 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને સાકાર કરતું પર્વ બની રહેશે.


દમણગંગા ટાઈમ્સમાં

શ્રદ્ધાંજલિ અને બેસણું

તમારા આત્મીયજનોના શોક સંદેશ તથા શ્રદ્ધાંજલિ અર્પણ કરવું એકદમ સરળ

નીચે દર્શાવેલ નંબર પર તમારી મેટર વોટસએપ કરો

ઓફિસ : ૯૮૨૫૧ ૨૨૫૦૫

| સાઈઝ | કિંમત |
|---|---|
| ૫ X ૨(૧૦ સીસી) | રૂા. ૩૫૦ /- (ફિક્સ) વધારાના પ્રતિ સીસી રૂા. ૬૦/- |


## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૫-૧૦-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** આસો સુદ, પાંચમ, **સૂર્યોદય :** ૦૬ : ૪૦ **સૂર્યાસ્ત** ૦૬ : ૧૦, **ચંદ્રોદય** - ૧૦:૪૪ **ચંદ્રાસ્ત** - ૦૯:૩૩ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - જ્યેષ્ઠા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમને અચાનક ધનલાભ થવાની સંભાવના છે. પરિવાર સાથે સમય વિતાવવાની તક મળશે. વેપારીઓ માટે આજનો દિવસ નફાકારક રહેશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આજનો દિવસ તમારા માટે સાનુકૂળ છે. તમે કોઈ નવી પ્રોપર્ટી અથવા વાહન ખરીદવાનું વિચારી શકો છો. વેપારમાં સારો નફો મળવાની આશા છે. લવ લાઈફમાં રોમાન્સ વધશે.

**મિથુન (ક, ઘ, ચ) :** આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો છે. કાર્યક્ષેત્રમાં તમારી સ્થિતિ મજબૂત બનશે અને અટકેલા કામ પૂરા થશે પરિવારમાં કોઈ શુભ કાર્યક્રમનું આયોજન થઈ શકે છે.

**કર્ક (ડ, હ) :** આજે તમારે તમારા ગુસ્સા પર નિયંત્રણ રાખવું પડશે. કોઈપણ નિર્ણય ઉતાવળમાં ન લેવો. આર્થિક બાબતોમાં સાવધાની રાખવી અને બિનજરૂરી ખર્ચ ટાળવો.

**સિંહ (મ, ટ) :** તમારા માટે આજનો દિવસ ખૂબ જ સારો રહેશે. શુક્રના ગોચરના પ્રભાવથી તમારી લોકપ્રિયતા અને આકર્ષણમાં વધારો થશે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનત રંગ લાવશે.

**કન્યા (પ, ઠ, ણ) :** તમારા માટે આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. વેપારમાં નવા સંપર્કો બનશે જે ભવિષ્યમાં ફાયદો કરાવશે.

**તુલા (ર, ત) :** આજે તમારું સ્વાસ્થ્ય થોડું નરમ-ગરમ રહી શકે છે. બિનજરૂરી માનસિક ચિંતાઓથી દૂર રહેવું. કાર્યક્ષેત્રે સાથીદારો સાથે વિવાદ થઈ શકે છે, તેથી વાણી પર સંયમ રાખવો। ધૈર્ય જાળવી રાખવું.

**વૃશ્ચિક (ન, ય) :** તમારા માટે આજનો દિવસ થોડો સંઘર્ષપૂર્ણ રહી શકે છે. કાર્યક્ષેત્રમાં કામનું ભારણ વધુ રહેશે, જેનાથી માનસિક થાક અનુભવાશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજનો દિવસ તમારા માટે ઉર્જાવાન રહેશે. નોકરી કરતા લોકોને પ્રમોશન કે નવી જવાબદારી મળી શકે છે. આર્થિક લાભ થવાની પૂરી શક્યતા છે.

**મકર (ખ, જ) :** આજનો દિવસ તમારા માટે સામાન્ય રહેશે. વડીલોના આશીર્વાદથી તમારા કામ પૂરા થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વિદ્યાર્થીઓએ વધુ મહેનત કરવાની જરૂર છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આજે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. કાર્યક્ષેત્રે તમારી યોજનાઓ સફળ થશે. વેપારમાં નવું રોકાણ કરવા માટે આજનો દિવસ સારો છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે ભાગ્ય તમારો સાથ આપશે. લાંબા સમયથી અટકેલા સરકારી કામો પૂરા થઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટેનો સારો દિવસ છે.

## દમણ રેડિયો

આકાશવાણી

102.3 FM

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૧૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 9 | | | 3 | |
| | | | 1 | | | 7 | 8 | |
| 3 | | | | | | 1 | | 9 |
| | | | 4 | | 3 | | 9 | 7 |
| | | 1 | 7 | | 9 | 8 | | |
| 5 | 9 | | 8 | | 2 | | | |
| 7 | | 3 | 5 | | | | | 1 |
| | 8 | 9 | | | 6 | | | |
| | 2 | | | 4 | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 1 | 8 | 3 | 6 | 7 | 2 | 9 |
| 7 | 6 | 9 | 5 | 4 | 2 | 8 | 1 | 3 |
| 3 | 8 | 2 | 7 | 1 | 9 | 5 | 6 | 4 |
| 8 | 7 | 4 | 9 | 5 | 1 | 6 | 3 | 2 |
| 6 | 9 | 5 | 4 | 2 | 3 | 1 | 8 | 7 |
| 1 | 2 | 3 | 6 | 8 | 7 | 9 | 4 | 5 |
| 9 | 3 | 6 | 2 | 7 | 8 | 4 | 5 | 1 |
| 2 | 4 | 8 | 1 | 9 | 5 | 3 | 7 | 6 |
| 5 | 1 | 7 | 3 | 6 | 4 | 2 | 9 | 8 |

ડીજીવીસીએલ દ્વારા

# ભેંસધરામાં વીજ સલામતીના નિયમો અંગે માર્ગદર્શન અપાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૪ :** ધરમપુરના ભેંસધરા ખાતે ડીજીવીસીએલ દ્વારા વીજલાઇનની કામગીરી સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટરો અને કામદારો માટે 'સેફટી ફર્સ્ટ અવેરનેસ' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યપાલક ઈજનેર આર એન નાયકા તેમજ ડેપ્યુટી ઈજનેર પી.ડી. પરમાર ની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વીજ અકસ્માતો અટકાવવા અને કામદારોની સુરક્ષા સુનિશ્ચિત કરવા સલામતીના નિયમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સ્ક્રીન પર રીલ અને દૃશ્ય માધ્યમો દ્વારા સુરક્ષાનાં સાધનોનો ઉપયોગ ન કરવાથી થતા અકસ્માતો તથા તેના ગંભીર પરિણામો દર્શાવવામાં આવ્યાં હતાં. કામદારોને ઊંચાઈ પર કામગીરી કરતી વખતે સેફટી બેલ્ટ, હેલ્મેટ સહિતનાં સુરક્ષાનાં સાધનોનો ફરજિયાત ઉપયોગ કરવા અને વીજ કામગીરી દરમિયાન નિયમોનું ચુસ્તપણે પાલન કરવા સમજાવવામાં આવ્યું હતું. ફ્યૂઝ કાઢ્યા બાદ સંબંધિત પેટીને તાળું મારવા તથા કામગીરી પહેલાં જરૂરી સલામતીની ખાતરી કરવા પણ સૂચના અપાઈ હતી. ડેપ્યુટી ઈજનેર પી.ડી. પરમારે લાઈવ વીજલાઈન થી સુરક્ષિત અંતર જાળવા ખાસ સુચના આપી હતી ૧૧કેવી લાઇનથી ઓછામાં ઓછું ત્રણ મીટર અંતર રાખવું તેમજ LT લાઇનથી ઓછામાં ઓછું ૨ મીટર અંતર રાખવા માર્ગદર્શન અપાયું હતું. વીજલાઇનની નજીક બાંધકામ કરતી વખતે તેમજ લોખંડની રોડ, વાંસ, પાઇપ અને ઊંચાં વાહનોનો ઉપયોગ કરતી વખતે વિશેષ સાવચેતી રાખવા જણાવ્યું હતું. પતંગ ઉડાવતી વખતે વીજલાઇનથી દૂર રહેવા અને કોઈ વસ્તુ વીજતારના સંપર્કમાં આવે તો તાત્કાલિક વીજ કચેરીને જાણ કરવા અપીલ કરાઈ હતી. કાર્યપાલક ઈજનેર આર.એન. નાયકાએ પણ વીજ કામગીરી દરમિયાન સુરક્ષાનાં સાધનોનો ઉપયોગ કરવા અને નિયમોનું પાલન કરવા ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય પ્રતાપ પટેલ, સરપંચ ભરતભાઈ, તાલુકા પંચાયતના સભ્ય અશોકભાઈ દીવા, શંભુભાઈ, યાજ્ઞિક ચાંપાનેરી, જુનિયર ઈજનેર અશ્વિનભાઈ ચૌધરી, દીપકભાઈ ચૌધરી, ડી.એન. પટેલ, આકાશભાઈ ટંડેલ, કોન્ટ્રાક્ટર દીપેશ પટેલ, ચંદ્રકાંત પટેલ અને અજીત ગાંવિત સહિતના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં કામદારો ઉપસ્થિત રહ્યાં હતા.



# બલીઠા અંડર પાસ એપ્રોચ રોડ પર રેલિંગ ઊભી કરતાં રાહત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** બલીઠા અંડર પાસ પાસે છેલ્લા કેટલાક સમયથી વાહન ચાલકો હાલાકી ભોગવી રહ્યા હતા, ત્યારે આખરે રાહતના સમાચાર સામે આવ્યા છે. ગત ૨૩ જુલાઈએ પડેલા ભારે વરસાદને કારણે બલીઠા અંડર પાસના પૂર્વ તરફ હાઈવે તરફ જતા એન્ચ રોડનો મોટો ભાગ બેસી જવા સાથે ઉખડી ગયો હતો. જેના કારણે ત્યાંથી પસાર થતા દ્વિચક્રી ચાલકો અને નાના વાહનોને ભારે મુશ્કેલી પડતી હતી, અકસ્માતનો ભય પણ રહેતો હતો. આ બાબત ધ્યાને આવતા વાપી નગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષ પટેલ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તેમના પ્રયાસોથી બલીઠા હાઈવે બ્રિજ નીચે નવો પેવર બ્લોક રોડ બનાવવામાં આવ્યો છે. સાથે સાથે અંડર પાસ એપ્રોચ રોડનું સમારકામ કરી રેલ્વે તરફ ખુલ્લી ગટરને ધ્યાને લઈ મજબૂત રેલિંગ પણ ઊભી કરવામાં આવી છે. સ્થાનિક રહીશોએ સતિષ પટેલની આ કામગીરીને બિરદાવી હતી.

# નાની તંબાડીમાં ભવાની માતાના નવા મંદિરનું ખાતમુહૂર્ત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** નાનાપોંઢા તાલુકાના નાની તંબાડી ગામમાં સોમવાર, તા. ૧૨ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ ભવાની માતાના નવા મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગામમાં મંદિરના નિર્માણ માટે લાંબા સમયથી પ્રયાસો ચાલી રહ્યા હતા. ખાતમુહૂર્ત સાથે મંદિર નિર્માણકાર્યની શરૂઆત થઈ છે. મંદિરના નિર્માણ માટે સ્વર્ગીય નંદુભાઈ છગનભાઈ પટેલના પરિવારે ભૂમિદાન આપ્યું છે. તેમના પુત્રો સ્વર્ગીય ગુલાબભાઈ નંદુભાઈ પટેલ, ભરતભાઈ નંદુભાઈ પટેલ, રણજીતભાઈ નંદુભાઈ પટેલ અને દત્તુભાઈ નંદુભાઈ પટેલના પરિવારના આ યોગદાન બદલ ગ્રામ પંચાયતના સરપંચ ચંદ્રસિંહ ચંદ્રકાંતભાઈ પટેલ ઉર્ફે ભાઈલુભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સરપંચ ભાઈલુભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભવાની માતાના મંદિરના નિર્માણ માટે ઘણા સમયથી પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. તેમણે ભૂમિદાન આપનાર પરિવારનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. ખાતમુહૂર્ત પ્રસંગે ગ્રામ પંચા

યતના સરપંચ ચંદ્રસિંહ ચંદ્રકાંતભાઈ પટેલ ઉર્ફે ભાઈલુભાઈ, સભ્ય કિરણભાઈ પટેલ, સભ્ય ધીરુભાઈ માંહ્યાવંશી તથા ગામના અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દમણવાડા શાળામાં જાગૃતિ અને શૈક્ષણિક કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૪ :** આપત્તિ જોખમ ઘટાડવા માટેના આંતરરાષ્ટ્રીય દિવસ નિમિત્તે, MY Bharat Daman દ્વારા જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ અને આપદા મિત્ર સ્વયંસેવકોના સાથ સાથે દમણની દમણવાડા શાળામાં આપત્તિ જાગૃતિ અને શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા વિદ્યાર્થીઓને આપત્તિની તૈયારી, કટોકટીના સમયે લેવાનાં પગલાં, અટકાયતી ઉપાયો અને કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિઓ દરમિયાન સુરક્ષાના મહત્વ વિશે માહિતગાર કરવાનો હતો.

જાગૃતિ સત્ર દરમિયાન, વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની આપત્તિઓ, સુરક્ષા માટેની આવશ્યક સાવચેતીઓ અને કટોકટીની પરિસ્થિતિઓ પહેલાં, દરમિયાન અને પછી લેવાનાં યોગ્ય પગલાં વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પહેલ દ્વારા આપત્તિ સંબંધિત જોખમો ઘટાડવામાં સમયસર પ્રતિભાવ, સામુદાયિક સહભાગિતા અને વ્યક્તિગત જવાબદારીના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ સહિયારા પ્રયાસ દ્વારા, MY Bharat Daman એ યુવા સહભાગિતા, સામુદાયિક જાગૃતિ અને આપત્તિ સામેની સજ્જતાને પ્રોત્સાહન આપવાની પોતાની પ્રતિબદ્ધતાને પુનઃસ્થાપિત કરી હતી. આ કાર્યક્રમે સુરક્ષિત અને આપત્તિ-સજ્જ સમાજનું નિર્માણ કરવામાં જવાબદાર અને જાગૃત નાગરિકો તરીકે વિદ્યાર્થીઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો.

MY Bharat Daman યુવા સહભાગિતા, જનજાગૃતિ અને સામુદાયિક સજ્જતાને પ્રોત્સાહન આપતી પહેલોમાં જિલ્લા વહીવટીતંત્રને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે.

બેંક એકાઉન્ટ ફ્રીઝ થયું હોય તો શું કરવું?

# વાપી પોલીસે બેંક અકાઉન્ડ અનફ્રિઝ કરવા માર્ગદર્શિકા જાહેર કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** હાલમાં સાયબર ક્રાઈમના વધતા બનાવો વચ્ચે અનેક નાગરિકોના બેંક ખાતા હોલ્ડ કે ફ્રીઝ થઈ જવાની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે આવા સંજોગોમાં નાગરિકોએ ગભરાવાની જરૂર નથી અને તેના નિરાકરણ માટે વાપી ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા GRM દ્વારા અનફ્રીઝ કરવાની સરળ પ્રક્રિયા અંગે વિસ્તૃત માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. પોલીસ દ્વારા જાહેર કરાયેલી માર્ગદર્શિકા મુજબ, જો કોઈનું બેંક એકાઉન્ટ ફ્રીઝ થઈ જાય તો સૌપ્રથમ જે બેંકમાં ખાતું હોય તે શાખાની રૂબરૂ મુલાકાત લઈને ખાતું હોલ્ડ થવા અંગેની વિગતો મેળવવાની રહેશે. ત્યારબાદ આધાર કાર્ડ, પાન કાર્ડ, પાસબુક, મોબાઈલ નંબર અને જો જરૂરી હોય તો ટ્રાન્ઝેક્શનને લગતા દસ્તાવેજો બેંકમાં રજૂ કરવાના રહેશે. ત્યારબાદ બેંકને CFCFRMS એટલે કે GRM પોર્ટલ પર ફરિયાદ નોંધવા માટે વિનંતી કરવાની રહેશે. બેંક દ્વારા અરજદારની KYC અને EDD ચકાસણી કર્યા બાદ યોગ્ય જણાશે તો ફરિયાદ GRM પોર્ટલ પર નોંધવામાં આવશે અને અરજદારને તેનો રેફરન્સ ટ્રેકિંગ નંબર આપવામાં આવશે, જેને સાચવી રાખવો અત્યંત જરૂરી છે.આ ફરિયાદ બાદ પોલીસ વિભાગ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવશે. જરૂર પડ્યે પોલીસ કે તપાસ અધિકારી વીડિયો કોલ કે ફોન દ્વારા સંપર્ક કરી માહિતી મેળવી શકે છે. ચકાસણી પૂર્ણ થયા બાદ યોગ્ય જણાશે તો ખાતું અનફ્રીઝ કરી દેવામાં આવશે અને તેની જાણ SMS કે ઈમેલ દ્વારા કરવામાં આવશે. જો ફરિયાદ નામંજૂર થાય તો અરજદાર બેંક મારફતે રીવ્યુ માટે ફરી અરજી કરી શકે છે. આ સાથે જ પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે કોઈ પણ અજાણી વ્યક્તિને પોતાનો OTP, PIN કે પાસવર્ડ આપવો નહીં, હંમેશા પોતાની બેંક શાખાનો જ સંપર્ક કરવો અને સાચા તથા સંપૂર્ણ દસ્તાવેજો જ રજૂ કરવા. ખોટી માહિતી આપવા પર કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે. વધુ માહિતી માટે વાપી ટાઉન પોલીસ સ્ટેશનના હેલ્પલાઇન નંબર ૬૩૫૯૬૨૬૧૨૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### સાયબર ફ્રોડમાં હોલ્ડ થયેલા નાણાં પરત મેળવવા માટે શું કરવું ?

સાયબર ફ્રોડનો ભોગ બન્યા બાદ હોલ્ડ થયેલા નાણાં પરત મેળવવા માટે સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ ગુજરાત દ્વારા Money Restoration Module (MRM) ની સરળ પ્રક્રિયા જાહેર કરાઈ છે.

પ્રક્રિયા મુજબ ફ્રોડ થતાં જ તાત્કાલિક ૧૯૩૦ પર ફરિયાદ કરવી, ત્યારબાદ પોલીસને જાણ બાદ MRM પોર્ટલ પર Request કરવી, ૧૪ અંકના ACK નંબર + OTP થી વિગતો Verify કરવી, બેંક ડિટેલ્સ અને કોર્ટ ઓર્ડર હોય તો અપલોડ કરવો, Refund Request ID સાચવવો અને પોલીસ કાર્યવાહી પૂર્ણ થયે બેંક દ્વારા નાણાં પરત કરવામાં આવશે. ઓનલાઈન ફરિયાદ માટે http://www.cybercrime.gov.in પર સંપર્ક કરવો.

# તીથલમાં 'ભકિતપર્વ' કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડના તીથલ સ્વામિનારાયણ મંદિર ખા કોસંબા, તીથલ અને ડુંગરી વિસ્તારનાં બાળકો તથા બાલિકાઓ માટે વિશેષ 'ભક્તિ પર્વ' કાર્યક્રમનું સુંદર આયોજન સાંજે ૭ થી ૧૦ વાગ્યા સુધી BAPS સ્વામિનારાયણ મંદિર તીથલ માં કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમ હાર્ટ ટુ હાર્ટ પ્લીઝિંગ ધ સત્પુરુષ (Heart to Heart: Pleasing the Satpurush) થીમ હેઠળ યોજાયો હતો. વિવિધ રસપ્રદ રમતો, પ્રેરણાદાયી વીડિયો, PPT પ્રેઝન્ટેશન અને પ્રવચનોના માધ્યમથી ગુરુહરિનો રાજીપો કેવી રીતે પ્રાપ્ત કરવો તથા તેમની સાથે હૃદયપૂર્વકનું જોડાણ કેવી રીતે કેળવવું તેનું સુંદર અને સરળ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ આધ્યાત્મિક અને શૈક્ષણિક કાર્યક્રમમાં ૨૦૦ બાળકો, ૨૩૦ બાલિકાઓ, ૧૦૦ કાર્યકરો અને ૮૦ વાલીઓ મળી કુલ ૬૧૦ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દ્વારા બાળકો અને બાલિકાઓને આધ્યાત્મિક મૂલ્યો, સંસ્કાર અને જીવનઘડતરનું પ્રેરણાદાયી ભાથું પ્રાપ્ત થયું હતું.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિસ્તારના સ્થાનિક કુશળ સંગીતકાર યુવકોએ લાઈવ ગરબાની પ્રસ્તુતિ કરી હતી. સંગીતના તાલે બાળકોએ, બાલિકાઓએ તથા ઉપસ્થિત સૌએ ભક્તિભાવપૂર્વક રાસ-ગરબાનો ભરપૂર આનંદ માણ્યો હતો.

સમગ્ર કાર્યક્રમના સફળ સમાપન બાદ ઉપસ્થિત તમામ ભક્તો, બાળકો, બાલિકાઓ, કાર્યકરો અને વાલીઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ધરમપુર બસ સ્ટેન્ડમાં ગ્રામહાટનો શુભારંભ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૪ :** ગુજરાત સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ અને ગ્રામીણ સ્વ-સહાય જૂથો (સખી મંડળો) ને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે સતત મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ધરમપુર એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે ગ્રામ હાટનું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી સખી મંડળની બહેનોને સીધા ગ્રાહકો સુધી પહોંચવા માટે નવુ પ્લેટફોર્મ અને કાયમી વેચાણ કેન્દ્ર મળી રહ્યું છે. બસ સ્ટેન્ડ પર મુસાફરોની મોટી અવરજવર રહેતી હોવાથી સખી મંડળની બહેનોને પોતાના ઉત્તમ ઉત્પાદનોના પ્રદર્શન અને વેચાણ માટે મોટું વ્યાપારી પ્લેટફોર્મ મળી ગયું છે. મહિલાઓ દ્વારા બનાવવામાં આવતી ગૃહઉદ્યોગની ચીજવસ્તુઓ જેવી કે પાપડ, અથાણાં, મસાલા, લોકેટ, હસ્તકળાની વસ્તુઓ અને પરંપરાગત વસ્ત્રોનું ગ્રાહકો દ્વારા સીધું ખરીદી થઈ રહી છે.

ધરમપુર ખાતે ગ્રામ હાટના શુભારંભ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન એસ. ચૌધરી, ડેપો મેનેજર ભુમિકાબેન પટેલ, ધરમપુર તાલુકા વિકાસ અધિકારી ધીરુભાઈ એમ. પટેલ, TLM વિપિન એમ. પટેલ, APM-T ચૈતાલીબેન, પ્રજ્ઞેશ્વરીબેન, જ્યોતિબેન તેમજ MIS આનંદ અળવી સહિતના વિશેષ મહેમાનો ઉપસ્થિત રહી સખી મંડળની બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ચાલી રહેલા આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ મહિલાઓની વાર્ષિક આવક ઓછામાં ઓછી ૧ લાખ રૂપિયા કે તેથી વધુ કરવાનો છે. ગ્રામ હાટ અને વિવિધ બજારના આયોજનો આ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સીધો ફાળો આપી રહ્યા છે, જેના પરિણામે રાજ્યમાં અત્યાર સુધીમાં લાખો મહિલાઓ લખપતિ દીદી બની ચૂકી છે.

# ગરબો : ગુજરાતી જણ અને સાહિત્યની જણસ

જશવંત રાવલ
આણંદ

ગરબો ,ગાન અને નર્તનનો સમન્વય છે.ગરબો સાહિત્યનું ગેય સ્વરુપ છે. ગરબામાં કર્ણ,હૈયું ને કંઠ સામેલ થાય છે.પણ એ માત્ર શ્રવણ અને ગાન સુધી સિમિત નથી.ગરબો શરીરની પણ ક્રિયા છે.રમવું એ ગરબાનું આવશ્ય છે.ગરબા ગાવા એમ કહેતાં માત્ર કંઠગાન નથી રહેતું,એમ ગરબા રમવા કહેતાં અંગકાર્યય નથી રહેતું.ગરબો ગીતકાવ્ય નહીં ગીતકાર્ય અથવા તો ક્રિયાગીત છે.



ગુજરાતી સાહિત્યમાં ગરબો આવે છે ખાસ્સો માંડો.પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ગરબો નથી. મધ્યકાલીન અધવાર્યો પછી ગરબો આવે છે. ને અંતભાગે મહોરે છે.લગભગ ૧૬મી સદીમાં ગરબાનું સ્વરુપ ઉભરે છે. કવિ નાકર કે ભાણદાસની રચનાઓ ગરબાનો પંથ કંડારનારી છે. દયારામ શુધ્ધ ગરબી આપે છે. વિષય અને નાયકયુગ્મ છે રાધા-માધવ. ગરબા જેવાં સમૂહ કે કોરસ ગાન ગ્રીક સાહિત્યમાં ડિથેરમ્બ છે. ગુજરાતી સાહિત્યના પ્રાચીન કાળે રાસ,રાસક છે.એમાં લકુટ રાસ તો આજના દાંડિયારાસનો પૂર્વજ છે.રાસનું એ સ્વરુપ શૃંગારી અને જૈન પરંપરાએ અંત ભાગે શમનું છે.

ગરબાના મૂળ તરફની યાત્રા સામવેદ સુધી લઇ જાય.સામ એ ગાનનો વેદ છે.સામવેદમાં ચાર પ્રકારનાં ગાન-ગ્રામગાન,અરણ્યગાન, ઉદગાન અને ઉહ્યગાન-ઋષિ કહે છે. આમાં ગ્રામગાન એ ગરબાની વંશાવળીનાં પૂર્વપુરુષ હોઇ શકે.અલબત્ત આ ધારણા છે અભ્યાસના અવકાશવાળી.

ગાન અને નર્તન એ માણસનો આનંદયોગ કે પુરુષાર્થ છે.આદીદેવ શિવ ગાન અને નૃતનો સાત્વિક સમન્વય છે.શિવનો નારી કે પ્રકૃતિ ભાગ નૃત છે.નર કે પુરુષ ભાગ ગાન છે.ગરબાનું સ્વરુપ જુઓ નૃતગાનનું છે.

રાસ આનંદક છે પણ ઉપાસનાત્મક નથી.રાસમાં રસ છે, તપ નથી. સહવાસ છે, સાધના નથી.આ સરખામણી ચઢતા-ઉતરતાની નથી. ભિન્નતાઓની છે. નવરાત્રીનો ગરબો આષાઢી-શ્રાવણી વિરહ,મિલનરમણા નથી.ભલે નવરાત્રે રાસ રમાય પણ એ નવરાત્રી શૃંખલામાં ન સમાય.નવરાત્રી ગરબા એ શિવાશક્તિનું આરાધન છે.ગર્ભદીપ એ શિવોધાન લીંગ-યોનીનું સાયુજ્ય છે.જ્યોત એ લીંગી શિવ છે, ઘટક એ જગત માતૃકા પ્રતિક યોની-ગર્ભ છે. ગરબો માથે ધારણ કરવાનો સ્ત્રીનો અધિકાર છે.જગતની ધારણાશક્તિને સ્ત્રી સિવાય ધારણ કરવાની કોઇની ક્ષમતા નથી.માથે ગરબો લઇ ફરતી સ્ત્રી જગતધારિણી છે. ગુજરાતને આ ગરબો આપ્યો ભટ્ટ વલ્લભે. પાટણ જિલ્લાના ચુંવાળ પ્રદેશે બહુચરાજીમાં આવી વસેલા ભટ્ટમેવાડા કવિ વલ્લભે શુધ્ધ શક્તિ ઉપાસનાના ગરબા આપ્યા. વલ્લભ ભટ્ટ શક્તિના મા ત્રિપુરબાલાસુંદરી બહુચરના સ્વરુપનો ઉપાસક છે. એણે મા બહુચરને મધ્યે રાખી ગરબા રચ્યા.ભટ્ટ વલ્લભના ગરબાની ગેયતા એની લોક પ્રિયતાનું અને વ્યાપકતાનું કારણ છે.માના આનંદ સ્વરુપનો સાક્ષાત્કારી

આનંદનો ગરબો તો શક્તિ ઉપાસનાનું મંત્રગાન છે. ભટ્ટ વલ્લભ આનંદ વાધ્યો અતિઘણો કહે છે ત્યારે મોજ-મજાની વાત નથી.શિવાનંદની,ચિદાનંદ ઇંગિત કરે છે.

વલ્લભ ભટ્ટના ગરબામાં અનુનય,સમર્પણ,પરાક્રમ અને શરણાગતિ છે.અદ્ભૂત,શાંત અને વીર રસ છે. બુધ્ધિ આપોને મા બહુચરા રેમાં અનુનય છે,ચાલીને ચાચર રે જઇએ,અરજી અલબેલીને કહીએ માં સમર્પણ ને શરણાગતિ છે. ધન્ય સાથી અલબેલી માત રે દરશન આપોને,મારી દેવી છો દીનદયાળ રે કષ્ટ આવી કાપોને...માં આર્તનાદ છે. તો દૈત્યોને રણમાં રોળ્યા,આજ માએ દૈત્યોને રણમાં રોળ્યામાં માનું પરાક્રમ અને વીર રસ છે. વલ્લભ ભટ્ટની વર્ણનશક્તિ પણ જબરી છે.અસુર સંહારનું વર્ણન તો જુઓ ત્રિશૂળ ઉપર તોળ્યા, ચપટીમાં લઇને ચોળ્યા,ખપ્પરમાં લઇ ખોર્યા....આજ માએ દૈત્યોને રણમાં રોળ્યા. રસ જમાવટ વલ્લભ જબરી કરે છે. ગરબાનું એક નવલ રુપ કહેવાય એ જેને 'saga' કે વીરકથાકાવ્ય કે રાસડો કહે છે તેવો અતિ દીર્ઘ સોલંકીનો ગરબો વલ્લભ ભટે લખ્યો છે. એમાં ચમત્કૃતિનું અદભુત ઉમેરણ છે. સોલંકી અને ચુંવાળીયા ઠાકોરનું આ કથાનક વલ્લભે ઉત્તમ રીતે ગેય બનાવ્યું છે.

વલ્લભ ભટ્ટ શક્તિના જ ગરબે અટક્યા નથી શિવનો પણ ગરબો લખ્યો છે.ઉપાડ થાય છે થયા છો શબ્દ થકી સાકાર શિવજી સહેરિયા રે....કરો છો અષ્ટ પ્રહર આનંદ શિવજી સહેરિયા રે...આ ગરબામાં શિવના સાકાર-નિરાકારનું ઉત્થમ વર્ણન છે.આ જ ગરબામાં ભટ્ટ વલ્લભ ગરબાનું પ્રાણતત્વ કહે છે

ગરબો સુણે, શીખે, ને ગાય શિવજી સહેરિયા રે.આ ગરબા સારા ને આજના નઠારા એ ઠરાવવાનો આ આયાસ નથી. ભટ્ટ વલ્લભ કહે છે એમ સમે શંભુજી સુતને આરાધું, આવ્યું છે માના ગુણલા ગાવાનું ટાણું... આ રાત્રીઓ ગરબા સાંભળી, શીખી એટલે હૈયે કરી, ગાવા અને ખેલવાની રાત્રીઓ છે. રંગમાં, રંગમાં, રંગમાં, રે મા બહુચરા ખેલે છે ઉમંગમાં...આપણે ય રંગમાં ને ઉમંગમાં ખેલીએ... બહુચર સંગમાં ને વલ્લભ ભટ્ટના ઢંગમાં.

# વાપીની સેંટ ઝેવિયર્સ સ્કુલમાં યોગાસન કરાવાયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** સેન્ટ ઝેવિયર્સ હાઈ સ્કૂલ, વાપીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો. આ ઉજવણીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક સુખાકારીનું મહત્વ સમજાવવાનો હતો. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ ફાતેમા નૂરાનીની રહી, જેઓ પ્રમાણિત યોગ પ્રશિક્ષક, સાઉન્ડ થેરાપિસ્ટ, આયુર્વેદિક ન્યુટ્રિશન કન્સલ્ટન્ટ અને છેલ્લા પાંચ વર્ષથી હોલિસ્ટિક વેલનેસ ક્ષેત્રે કાર્યરત છે. તેઓ વાપીનીPause and Vibe Yoga Schoolની સ્થાપિકા પણ છે.

કાર્યક્રમની શરૂઆત વિશેષ સમૂહ યોગ સત્રથી થઈ, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ યોગાસનો અને શ્વાસ સંબંધિત કસરતો કરી. રાયન ઈન્ટરનેશનલ ગ્રુપના ગૌરવપૂર્ણ ૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મળીને "50" આકાર બનાવ્યો, જે સ્વસ્થ મન, હરિયાળું પર્યાવરણ અને ટકાઉ ભવિષ્ય પ્રત્યે સંસ્થાની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતીક હતું. આ સમગ્ર ઉજવણીએ સ્થાપક અધ્યક્ષ ડૉ. એ. એફ. પિન્ટોના દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કર્યો,

જેમણે હંમેશા પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ, સ્વાસ્થ્ય અને મૂલ્ય આધારિત શિક્ષણ પર ભાર મૂક્યો છે. આ અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓએ શીખ્યું કે યોગ મન, શરીર અને આત્મા વચ્ચે સુમેળ સ્થાપિત કરવાનું શક્તિશાળી સાધન છે.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -**સંપાદક**

## સ્ત્રીની અદ્રશ્ય અને અસીમ શક્તિ

**કિંજલ પંડયા**
**પારડી**



નવરાત્રીના નવ દિવસોમાં જ્યારે શેરીઓમાં ઢોલના તાલે રાસ રમાય છે, ત્યારે પંડાલોની રોશની અને ધબકારાથી આખું વાતાવરણ ગુંજી ઉઠે છે. ગરબે ઘૂમતી દરેક નારીના ચહેરા પર એક અનોખી ચમક અને મુક્તતા દેખાય છે. સામાન્ય રીતે દર વર્ષે નવરાત્રીમાં સ્ત્રીઓના સૌંદર્ય, ચણિયાચોળી કે પછી પરંપરાગત વેશભૂષા પર ઘણું બધું લખાય છે, પરંતુ આ વર્ષે જો આ ઉત્સવને એક સાવ નવા દ્રષ્ટિકોણથી જોઈએ તો સ્પષ્ટ સમજાય છે કે મહિલાઓ માટે નવરાત્રી માત્ર એક ધાર્મિક પર્વ કે માત્ર નૃત્ય નથી, પરંતુ પોતાના મનની સ્વતંત્રતા અને આત્મ-ઓળખ મેળવવાનું એક અત્યંત સશક્ત માધ્યમ બની રહે છે.

આજના સમયમાં સ્ત્રીની ભૂમિકા ખૂબ જ જટિલ અને અગણિત જવાબદારીઓથી ભરેલી છે. સવારે ઘરનું કામ, બાળકોની સંભાળ, ઓફિસની ડેડલાઈન અને સાથે સાથે પરિવારના દરેક સભ્યની જરૂરિયાતોનું ધ્યાન રાખવું - આ બધું જ એક નારી દરરોજ હસતા મુખે સમેટી લે છે. પરંતુ નવરાત્રીના દિવસોમાં આ જ સ્ત્રી પોતાની અંદરની અસીમ ઊર્જાને બહાર લાવે છે. સવારના ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી કમ્પ્યુટર કે રસોડાના સાધનો સાથે કામ કરતી મહિલાઓ, રાત્રે જ્યારે રંગબેરંગી ચણિયાચોળી પહેરીને ગરબાના ચોકમાં પગ મૂકે છે, ત્યારે તેના ચહેરા પરથી દિવસભરનો તમામ થાક ક્ષણવારમાં ગાયબ થઈ જાય છે. તે ક્ષણે તે કોઈની પત્ની, માતા કે કર્મચારી નથી હોતી; તે માત્ર અને માત્ર પોતાના આનંદનું સાચું સ્વરૂપ હોય છે, અને આ જ તો મા અંબાની શક્તિનું સાચું પ્રતીક છે.

મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો, ગરબા સ્ત્રીઓ માટે એક અદ્ભુત સ્ટ્રેસ બસ્ટર તરીકે કામ કરે છે. આખા વર્ષ દરમિયાન જે માનસિક દબાણો, જવાબદારીઓ અને અપેક્ષાઓના બોજ હેઠળ સ્ત્રી જીવે છે, તે બોજને તે નવરાત્રીના તાલે ઉતારી ફેંકે છે. વર્તુળમાં એક સાથે તાળીઓના તાલ પર ગરબે ઘૂમવાથી તેમની અંદર એક સમૂહ-શક્તિની અનુભૂતિ થાય છે, જે તેમના મનમાં રહેલી નકારાત્મકતાને દૂર કરી નવી આશા અને આત્મવિશ્વાસનો સંચાર કરે છે.

આ સાથે જ, આજના નવા જમાનાની મહિલાઓ પરફેક્ટ લુક કે માત્ર બાહ્ય સુંદરતાના દબાણમાંથી પણ બહાર આવી રહી છે. આજે સ્ત્રીઓ માત્ર બીજાને કંઈક દર્શાવવા માટે તૈયાર નથી થતી, પરંતુ પોતાની ખુશી માટે અને પોતાની જાતને પ્રેમ કરવા માટે સજે છે. ૨૦ વર્ષની કોલેજિયન યુવતી હોય કે ૫૦ વર્ષની ગૃહિણી - આજે દરેક સ્ત્રી બીજાના અભિપ્રાયની ચિંતા કર્યા વિના મુક્તપણે ગરબે ઘૂમે છે અને ગરબાના ચોકમાં કોઈ જ નાત-જાત કે હોદ્દાના ભેદભાવ વિના એક અનોખી સિસ્ટરહૂડ ઊભી કરે છે.

મા અંબાની આરાધના માત્ર મૂર્તિપૂજા કે નવ દિવસના ઉપવાસ સુધી સીમિત નથી, સાચી નવરાત્રી ત્યારે જ સાર્થક થાય છે જ્યારે આપણે આપણી આસપાસ રહેલી જીવંત નારી શક્તિનો આદર કરીએ. આ નવરાત્રીએ આપણે સ્ત્રીઓના માત્ર ગરબાના વખાણ ન કરીએ, પરંતુ તેમના સપનાઓ, તેમની સ્વતંત્રતા અને તેમની આત્મ-ઓળખને પણ સહર્ષ સ્વીકારીએ, કારણ કે સ્ત્રી જ્યારે પોતાના જીવનમાં ભયમુક્ત થઈને આગળ વધે છે, ત્યારે જ સાચા અર્થમાં સમાજ પર જગદંબાની કૃપા વર્સે છે.

## દુષણરૂપી રાવણનું દહન કરીએ

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**



આધાશક્તિની ઉપાસનાની સાથે સાથે દશેરાની ઉજવણીના આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. દશેરાની મોડી સાંજે મસમોટા મેદાનોમાં રાવણના પૂતળાનું દહન કરાતું હોય છે.આજે આપણી આસપાસ ઉત્સવના મજાનો માહોલ જામ્યો છે આપણે સૌ જાણીએ છીએ કે દશેરાએ અધર્મ પર ધર્મનો,અસત્ય પર સત્યનો અને અહંકાર પર સદગુણોના વિજયનું -તિક છે.ભગવાન શ્રી રામે લંકાપતિ રાવણનો વધ કરીને સમાજને સંદેશો આપ્યો હતો કે અસત્ય કે બુરાઈ ગમે તેટલી શક્તિશાળી હોય અંતે જીત તો હંમેશા સત્યની થાય છે.આપણે દર વર્ષે રાવણ દહનની ઉજવણી કરીએ છીએ.રાવણના આલિશાન પૂતળા બનાવી છીએ અને આ પૂતળામાં ફટાકડાઓ ભરવામાં આવે છે અને દૂરથી બાણ છોડીને પૂતળાને સળગાવીએ છીએ આ રીતે આપણે દર વર્ષે રાવણ બાળીને ઉજવણી કરી આનંદ માણતા હોઈએ આ એક પરંપરા બની ગઈ છે તે માત્ર રાવણના પૂતળાનું દહન કર્યું કહેવાય પરંતુ શું આજનો દુષણરૂપી રાવણ મરી ગયો છે ખરો...?

આજના રાવણનું સ્વરૂપ બદલાયું છે.આજે રાવણ કોઈ દશ માથાવાળો રાવણ નથી પરંતુ આપણા સમાજ અને આપણા પોતાના મનમાં ઘર કરી ગયેલા અનેક દુષણના રૂપમાં જીવીત છે અને અટહાસ્ય કરી રહ્યો છે.આજે દશેરાએ રાવણના પૂતળા બાળવાની સાથે સાથે અહીં આધુનિક દુષણરૂપી રાવણને ઓળખીને એને સંપૂર્ણ બાળીને ભષ્મ કરવાની જરૂર છે.સમાજ હોય,રાષ્ટ્ર હોય કે વિશ્વ જ્યા જુઓ ત્યાં રાવણ આસન જમાવીને બેઠો છે તેનો નાશ થવો જરૂરી છે.આજે માનવ - માનવ વચ્ચે ભેદભાવ વધી રહ્યા છે.સમજણના અખડામાં ધર્મયુદ્ધ થઇ રહ્યા છે.નાતજાતના વાદ - વિવાદ, ખેંચતાણ પક્ષાપક્ષી સત્તાની સાથમારી ભ્રષ્ટાચાર અને લાલચ જેવા વિનાશકારી દુર્ગણો અડ્ડો જમાવીને બેઠા છે. નશાખોરી, દારૂ, ડ્રગ્સ અને તમાકુ આજના સમયમાં નશો એ સૌથી મોટો રાવણ છે. દારૂ, ડ્રગ્સ અને તમાકુનું વ્યસન માત્ર યુવાધનને નહી તે નાની નાની વયના બાળકો અને વૃદ્ધઓને પણ શારીરિક માનસિક અને આર્થિક રીતે સાવ ખોખલુ કરી રહ્યું છે. તે માત્ર વ્યક્તિઓને જ નહી પરંતુ તેના સમગ્ર પરિવારને બરબાદ કરી દે છેતેથી આ નશાના દુષણોને ડામવું જરૂરી છે. ભષ્ટાચાર ઉધઈની જેમ સમાજને કોરી ખાતો ભષ્ટાચાર એક એવું દુષણ છે જે દેશના વિકાસને અવરોધે છે. પર્યાવરણ પ્રદુષણ આપણી મૂળ સુવિધાઓ અને વિકાસની આંધળી દોટમાં આપણે પ્રકૃતિનું શોષણ કરી રહ્યા છીએ પ્લાસ્ટિક બેફામ ઉપયોગ,પ્રદુષિત પાણી અને નદીઓમાં ઠલવાતો કચરો અને ઝેરી હવા આવનારી પેઢીના ભવિષ્ય માટે સૌથી મોટો ખતરો છે.શાત્રોને નેવે મૂકીને ભષ્ટાચાર તો દેશને ભરડામાં લીધો છે તેમાં મોંઘવારીને છૂટો દોર મળી ગયો છે અસંખ્ય વિનાશકારી અને હાનિકારક દુર્ગણોરૂપી રાવણનો નાશ થવો જરૂરી છે.માત્ર રાવણના પૂતળાને સળગાવવો અને આનંદ માણવો એ પરંપરાગત અવસર અને પ્રસંગની ઉજવણી કહી શકાય.

## ઈશ્વર સમર્પણ

**હર્ષદ દેસાઈ**
**વટાર**



ઈશ્વર સમર્પણ કોને કહી શકાય!

જયારે મનુષ્ય સર્વનો ભાવેન ઈશ્વરની સમક્ષ પોતાના તન, મન અને સમગ્ર જીવનને સોંપી દે છે. અહંકાર છોડીને સંપૂર્ણ નિષ્ઠાથી અને સાચી રૃદયથી ભગવાનનું કાર્ય કરે છે. ત્યારે તેને સમર્પણ કહી શકાય. માત્ર તમે મારા છો અને હુ તમારો છું એટલું બોલવાથી સમર્પણ થઈ જાતુ નથી. માણસે પોતાની ઈચ્છાઓનો સંપૂર્ણ ત્યાગ કરીને ઈશ્વરની ઈચ્છા અનુસાર જીવન જવવું પડે છે. તેણે પ્રભુને પોતાનું મન, બુદ્ધિ અને પોતાનો પણ સમર્પિત કરી દેવો પડે છે. આવુ સમર્પણ જયા હોય ત્યાં આંતરિક આનંદ, સંતોષ અને ઉલ્લાસની અનુભૂતિ નિરંતર થતી રહે છે. મસમર્પણ કર્યા પછી ભચકતની પોતાની કોઈ ઈચ્છા રહેતી નથી. ભગવાનની ઈચ્છા હોય એ જ ભકતની ઈચ્છા બની જાય છે. પછી ભકત અને ભગવાની એક બની જાય છે. ભકિતનું કોઈ અલગ અસ્તિત્વ રહેતું નથી. ફકત પુજા ઉપચારના કર્મકાંડ કે આરતી કરછી એને સમર્પણ કહી શકાય નહી. ઘણાં લોકો ભગવાનના ચરણોમાં માથુ ટેકવી દેવોને સમર્પણ માનતા હોય છે. પરંતુ એવી કોરી ભાવુકતાને સમર્પણ કહી શકાય નહી. ઈશ્વર જ કર્તાહર્તા છે. તેમની ઈચ્છા તેમની ઈચ્છા અંતરમાં ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા અને દઢ વિશ્વાસ હોવો જોઈએ. ઈશ્વર સાથે એકાકાર થઈને અંતરના ઊંડાથી તેમને પોકારવા પડે છે. ઈશ્વરને સમર્પણ કર્યા પી એમના સિવાય બીજા કયાયે મનને લગાડવું જોઈએ. આ જીવનને પણ જયારે કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાને ગીતા સંભળાવી અને પોતાના વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા ત્યાર પછી તેને વિશ્વાસ થઈ ગયો કે આ સાક્ષાત પરબ્રહ્મ છે. જયારે ભકત પોતાની અંદર રહેલા ઈશ્વરીય તત્વને બહાર લાવે છે અને સમાજ તથા સંસારને ભગવાનનો બગીચો માનીને પોતાના આદર્શ જીવવાની સાથે સાથે તે બગીચાને પણ સુશોભિત કરવનો પ્રયાસ કરે છે. ત્યારે તેના સમર્પણની શરુઆત થાય છે. ઈશ્વર ભકતે સૌ પ્રથમ આત્માશુદ્ધિ કરવી જરુરી છે. તથા પોતાના સિંચનને પરિષ્કૃત કરવુ પડે છે. પછી તે લોક કલ્યાણ માટે જે કંઈ કરે છે તે ધર્મ હી શકાય.

જો ભકત પોતાના જીવનને ઉજજવળ બનાવવાનો નિરંતર પ્રયાસ કરતો રહે તો દિવસે દિવસે તેની ચેતનાાનો વિકાસ થતો જાય છે. મનુષ્યએ પોતે ઉત્કૃષ્ટ બનીને બીજાને પણ ઊંચે ઉઠાવવા તથા દુઃખી અને પીડિત જીવોની સેવા કરવા માટે ભગવાને ધરતી પર મોકલ્યો છે. તેને ઈશ્વરના પ્રતિનિધિ તરીકેનું કર્તવ્ય સરી રીતે નિભાવવુ જોઈએ. જો તે નિષ્ઠાપૂર્વક એ કર્તવ્ય નિભાવે તો તેનું જીવન ધન્ય બની જાય છે. જયારે તેની ચેતના જાગૃત તથા વિકસિત થાય છે ત્યારે તે પોતાની શકિતઓનો ઉપયોગ જગતના કલ્યાણ માટે કરે છે. આજ પરમ કલ્યાણનો માર્ગ છે. તથા ઈશ્વર પ્રત્યેના સમર્પણનો મૂળ આધાર છે.

## જાગવાની ક્ષણ છે આ, ચાલો, જાગીએ અને જગાડીએ....!

**લાયન કિરીટ શાહ**
**વાપી**



સમગ્ર વિશ્વ એક તરફ કુદરતી આફત, માનવ સર્જિત યુધ્ધો, આતંક અને અકલ્પ્ય અને અસહ્ય અરાજકતાનો ભોગ બનતું દેખાઈ રહ્યું છે ત્યારે આ બાબત જાગવાની ચેતવાની આ ક્ષણ છે. વધી રહેલી કુદરતી આફતોનો માર, સત્તા માટે છેડાયેલા બેફામ અને અમર્યાદ સમયના ઘાતક યુધ્ધો, વધી રહેલ આતંકવાદનો માહોલ ચારે તરફ અરાજકતા સાથે નિર્દોષ લોકોના મોત સાથે જે હદે ભય અને ડરનું વાતાવરણ ઉભું કરે છે એ સાથે જ માનસિક રોગની સમાજને ક્રુર એવી ભેટ પણ આપે છે. નિતી ભ્રષ્ટ રાજકારણે સમગ્ર વિશ્વમાં કેટલાય દેશોમાં સત્તાધારી પક્ષોને પછાડવા યુવા પેઢીને ઉકસાવી જે હદે કેટલાક દેશોની આર્થિક અને સામાજિક હાલત અરાજકતાભરી અને અગવડભરી કરી છે તે જગજાહેર છે. ત્યારે આપણે, આપણા સમાજે અને જવાબદાર શિક્ષણ સંસ્થાઓ, રાજકારણીઓ, સરકાર અને સામાજિક સંસ્થાઓએ આપણા આ દેશને અરાજકતા મુક્ત અને અખંડીત રાખવા સતર્કતા દાખવવી પડશે. જાગતા રહેવું પડશે. નવી પેઢીને સાચવવી પડશે. સમજદાર અને જવાબદાર બનાવવા સાચા ખોટાની સમજ અને સંસ્કાર આપવા પડશે.

સત્તા અને ફક્ત સત્તા માટે અરાજકતા ફેલાવી રહેલ કેટલાક રાજકારણીઓ, દેશના અમીચંદો અને દુશ્મનોને ઓળખવા પડશે. ખુલ્લા પાડવા પડશે. આ માટેની શરુઆત આપણે સહુએ આપણાથી, આપણા ઘરથી કરવી પડશે.

આજે એક તરફ કથળતું જણાતું શિક્ષણનું સ્તર, બેફામ મોંઘી શિક્ષણ વ્યવસ્થા, ડીગ્રી પ્રાપ્ત થયા પછી પણ રોજગારી અકલ્પ્ય એવો અભાવ એક મોટી સમસ્યા છે જ. લાખો ખર્ચીને ડોક્ટર બનેલ યુવાને ચાર છ મહીના સુધી એને ઈનટર્નશીપ માટે સ્થાપિત ન કરવાની બાબત કેટલી બેદરકારી દર્શાવે છે. એક તરફ ડોક્ટર્સનો અભાવ છે ને તે પછી જો આ બાબત લક્ષ્ય ન અપાય તો આ અરાજકતા નથી..? સમર્થ અને પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓને સારી કારકિર્દી માટે અનામતના કારણે પ્રવેશ ન મળે અને ઓછી લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને પૈસાના જોરે કે અનામત જેવી વ્યવસ્થાના કારણે આઝાદીના આટલા લાંબા કાળ પછી પણ જો પ્રવેશ મળતો હોય તો આ શું અરાજકતાનું કારણ નથી.? વિદ્યાર્થીઓના, ડોક્ટર્સ એન્જિનિયર જેવા યુવા વિદ્યાર્થિઓના એક યા બીજા કારણોસર વધી રહેલા આત્મહત્યાના બનાવો અરાજકતાની નિશાની નથી..? હાલમાં ચાલી રહેલ આંદોલનોમાં નોંધાયેલી કેટલીય ઘટનાઓ, બીભત્સ ઉચ્ચારણો, વર્તન અને બીભત્સ એવી હરકતો ફેલાઈ રહેલી અરાજકતાનો સ્પષ્ટ પુરાવો નથી.? દેશના સર્વોચ્ચ નેતાઓ માટે રાજકારણીઓ અને યુવા પેઢીના કેટલાક કહેવાતા પ્રતિનિધિઓ દ્વારા વપરાતા અશોભનીય શબ્દો વકરેલા ચરિત્ર અને અરાજકતાની સાબિતી પુરી પાડતા નથી..?

વધતા રહેલ વ્યસનોની ભરમાર, દારુ, ગુટકા, તમાકુ, ડ્રગ્સ, ચરસ, ગાંજા અને હુક્કા કલ્ચર માત્ર મોટા શહેરો સુધી મર્યાદિત ન રહેતાં નાના શહેરો અને ગામડાના ફાર્મહાઉસ, હોટલો અને શાળા કોલેજોને આભડીને યુવાપેઢીને એની નાગચૂડમાં ભીંસી રહ્યા છે, એ શું આવતી કાલ માટે સારી નિશાની છે..? મોબાઈલ દ્વારા પીરસાતા બીભત્સ પ્રસારણો એ તો તમામ મર્યાદાનો છેદ ઉડાડી દીધો છે. પીરસાતી ગાળ ગલોચભરી ભાષા અને નગ્નતાની તમામ સીમાઓ કોરાણે મૂકી પ્રસારીત થતી બીભત્સ સીરીયલો ને ફિલ્મોના અમર્યાદ પ્રસારણ સમાજને, નાના મોટા સાથે નિર્દોષ યુવાપેઢીને જે હદે ગ્રસી રહ્યું છે, જકડી રહ્યું છે, ગેરમાર્ગે દોરી રહ્યું છે તે અરાજકતાની ચરમસીમા તરફ સમગ્ર માનવજાતને દોરી જાય તો નવાઈ નહીં.

યુવા કન્યાઓની સુરક્ષા અને એમના પર વધી રહેલ યૌન હુમલાઓ અરાજકતાની સાથે માનવ મૂલ્યોના પતનની સીધી સાબિતી લાગે છે..!

એક સ્ત્રી, એક દિકરી એક બહેન, એક પત્નિ અરે એક મા સુધ્ધાં જે સમાજમાં જ્યારે અસુરક્ષિત જણાય છે ત્યારે એ અધોગતિની નિશાની જ ગણી શકાય. હા, અરાજકતા દિલ્હી કે જંતર મંતર સુધી નહીં, તમારા ને મારા આંગણે, આપણાં દરવાજે દસ્તક દઈ રહી છે ત્યારે, જાગવાની જરુર નથી..?

ચાલો, આળસ છોડી ઝડપભેર જાગીએ, સહુને જગાડીએ અને સૌથી વધુ યુવાપેઢીને આ અરાજકતા અને દૂષણનો ભોગ બનતા અટકાવીએ. આપણી અને આપણા રાષ્ટ્રની આવતી કાલ એ યુવાપેઢી પર નિર્ભર છે એને સજ્જ, સમજદાર, સૌજન્યશીલ અને સમર્થ બનાવીએ. સામર્થ્ય પુરું પાડીએ. આજના આ સમયની માંગ છે. ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!

## ડેસ્ટિનેશન બર્થ ડે સેલિબ્રેશનનો નવો ટ્રેન્ડ

ડો. જે. એમ. નાયક
નવસારી



આપણા દેશમાં ડેસ્ટિનેશન વેડિંગનો ટ્રેન્ડ તો ઘણા સમયથી પ્રચલિત હતો. જ પરંતુ હવે ડેસ્ટિનેશન બર્થ ડે સેલિબ્રેશનનો આધુનિક ટ્રેન્ડ ભારત દેશમાં ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યો છે. બર્થ ડે સેલિબ્રેશન માટે ફક્ત ભારતના જ લોકેશન પસંદ કરવાથી એક ડગલું આગળ વધીને અન્ય દેશના લોકેશન પર જઈને પણ વર્ષગાંઠની ઉજવણી કરવાનું વલણ વધતું જાય છે. ઘર આંગણે કે પોતાના જ શહેરમાં પાર્ટી કરવાને બદલે પોતાની બર્થ ડે ને મેમોરેબલ બનાવવા માટે મનપસંદ લોકેશન પસંદ કરવામાં આવે છે. ડેસ્ટિનેશન બર્થ ડે માં ફક્ત થોડા કલાકોની પાર્ટી કરવામાં નથી આવતી પરંતુ બેથી ત્રણ દિવસ સુધી નજીકના સ્નેહીઓ તથા મિત્રો સાથે મળીને એન્જોય કરવામાં આવે છે. ભારતમાં ડેસ્ટિનેશન બર્થ ડે સેલિબ્રેશન માટે ગોવા, ઉદયપુર, જયપુર, મનાલી વગેરે લોકપ્રિય સ્થળો પૈકી કોઈક સ્થળની પસંદગી કરવામાં આવતી હોય છે. ઈન્ટરનેશનલ બર્થ ડે સેલિબ્રેશન માટે ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ દુબઈ વગેરે પૈકી કોઈ દેશની પસંદગી નક્કી કરવામાં આવતી હોય છે. પહેલા ડેસ્ટિનેશન વેડિંગ કે બર્થ ડે સેલિબ્રેશનનો ટ્રેન્ડ ફક્ત ધનવાન લોકોમાં જ પ્રચલિત હતો. હવે ઉંચી મધ્યમ આવકવાળા લોકો પણ રિસોર્ટ બુક કરીને આ પ્રકારની ઉજવણી કરતા જોવા મળે છે. નવો ટ્રેન્ડ તો એ પણ છે કે મોટી સંખ્યામાં નહીં પરંતુ એકદમ અંગત કહી શકાય એવા ખૂબ જ નજીકની વ્યક્તિઓ સાથે જ આ પ્રકારની પાર્ટીઓ કરવામાં આવે છે. લક્ઝરી ક્રુઝમાં બર્થ ડે સેલિબ્રેશન પાર્ટીનું પણ આયોજન થતું હોય છે. ડેસ્ટિનેશન બર્થ ડે સેલિબ્રેશન માટે પ્રોફેશનલ ઈવેન્ટ મેનેજમેન્ટની સેવા પણ લેવામાં આવતી હોય છે. સોશિયલ મીડિયા પર આ પ્રકારના બર્થ ડે સેલિબ્રેશન પાર્ટીના ફોટોઝ કે પછી રિલ્સ પણ જોવા મળે છે. પોતાની નજીકની વ્યક્તિઓ સાથે ક્વોલિટી સમય વિતાવવા માટે પણ આ પ્રકારની પાર્ટીનું આયોજન થતું હોય છે. લોકો હવે ભવિષ્યની ચિંતા કર્યા વિના પોતાના જીવનને સંપૂર્ણપણે એન્જોય કરવામાં માને છે. લોકો હવે દરેક પ્રસંગને યાદગાર બનાવવા માટે નવું કંઈક કરતા રહે છે. પરિવર્તનના નવા આધુનિક ડોરમાં ફક્ત ફૂગ્ગા ફુલાવીને લગાવવાનો, કેક કાપીને કે પછી ભૌતિક ગિફ્ટ મેળવવા કરતા પણ પોતાને બીજાથી અલગ ખાસ કંઈ કરવાની મજા લેવી છે.

## અનુભવ એ સ્વયં સંચાલિત વિદ્યાપીઠ છે

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**



આપણે ભવ શબ્દ વાપરીએ છીએ. ભવ માં જે હકીકત રૂપે બને, જે સત્ય રૂપે બને તે અનુભવ. અનુભવ સારો પણ હોય માઠો પણ હોય, પણ એ હોય છે એને તમે નકારી શકો નહીં.

જુવાન માણસ પાસે જેટલો ઉત્સાહ હોય છે એટલો અનુભવ નથી હોતો. જુવાન ને કહીએ છીએ કે, તે કેટલી દિવાળી જોઈ?

આવું જે કહે છે એણે કેટલીયે હોળી જોઈ છે, એ પછી કહે છે. કેટલાંક લોકો અનુભવમાંથી શીખે છે અને ભૂલને સુધારે છે. કેટલાંક અનુભવમાંથી કશું શીખતા નથી. પ્રજાનો ઈતિહાસ એ સામૂહિક અનુભવ છે. અનુભવના પણ સ્તર છે. કેટલાંક અંગત અનુભવો હોય છે. કેટલાંક બિનઅંગત અનુભવો હોય છે. અનુભવને ઊંડાણથી અનુભવીએ તો એ અનુભૂતિ કહેવાય. દરિયાનાં કિનારા પર ઉભા રહેવું અને દરિયા વિશે વાત કરવી એ એક અનુભવ હોય તો પણ એ દરિયો જોયાનો અનુભવ છે. દરિયામાં ઝંપલાવવું ને મોજાની થપાટને જિરવવી એ જુદો અનુભવ છે. અહીં દરિયો તો અનુભવનુઉ પ્રતીક છે. ભવસાગરનું પ્રતીક છે. અનુભવ એ મનુષ્યને મળેલી દીવાદાંડી છે. એક જર્મન કહેવત છે કે, સુદીર્ઘ અનુભવને અંતે સાંપડેલું નાનકડું વાક્ય કહેવત કહેવાય. બોલે તેના બોર વેચાય ને નહીં બોલવામાં નવ ગુણએ બંને વિરોધી કહેવતો છે. પ્રત્યેક કહેવતને એનો સંદર્ભ હોય છે. જયાં બોલવાનું હોય ત્યાં ન બોલો તો તમે તમારી વાત સામા માણસને પહોંચાડી નહીં શકો. કહેવાય છે કે, માંગ્યા વિના માં પણ ન પીરસે. ન બોલવાનું હોય ત્યારે જીભને ખરજવું થયું હોય એમ બોલ્યા જ કરો ત્યારે ન બોલવામાં નવ ગુણ એ કહેવત સાર્થક થાય છે. સબસે બડી ચૂપનો અર્થ એટલો જ કે શબ્દોનો કોઈ અર્થ કાઢી શકે, પણ મૌન નું અર્થઘટન ન થઈ શકે. બેલ્જિયમ કહેવત છે કે, ટાલ પડે તે પછી જ કુદરત દાંતિયો આપે એ પણ એક અનુભવ છે. માણસને જે થાય છે તે અને થયા પછી તે પામે છે, અથવા નથી પામતો, એને આધારે ઘટના કે દુર્ઘટના સર્જાય તે અનુભવ. વૃદ્ધો પાસે જો મોટામાં મોટું પાસું હોય તો તે અનુભવનું છે. પણ કોઈકને ફૂલનો ગજરો આપીએ એમ અનુભવ આપી શકીએ નહીં. બધું ઉછીનું હોઈ શકે, પણ અનુભવ તો પોતાનો જ હોય.

## ચર્ચાનો ચોતરો, લોક પ્રશ્નોનો મંચ બનવો જોઈએ

**નરેન્દ્ર દેઢીઆ**
**વાપી**



વાપીના ઘણા બધાં પ્રાણ પ્રશ્નો છે પણ આ પ્રશ્નોની રજૂઆત કોના માધ્યમથી થઈ શકે? રાજકીય પક્ષો તો ઘણાં છે ભાજપ, કોંગ્રેસના કાર્યકર્તાઓ અને નેતાઓ પણ છે. વહીવટીતંત્રના અધિકારીઓ પણ છે પરંતુ સામાન્ય જનતાના રોજબરોજના નાના નાના પ્રશ્નો પર ધ્યાન આપવાનું અને ચર્ચાના ચોતરા જેવા ખુલ્લા વિભાગ મારફતે એને મંચ આપવાનું કામ તો આપણે ત્યાં દમણગંગા ટાઈમ્સ જ કરે છે. પત્રકારોમાં વરીષ્ઠ પત્રકાર પ્રવીણસિંહ બાપુ પોતાની કોલમ માં વાપીનાં જનરલ પ્રશ્નોને વાંચા આપે છે પણ વિસ્તાર વાઈઝ કે એરિયા વાઈઝમાં તેમને મર્યાદા નડી શકે છે. દમણગંગા ટાઈમ્સમાં આવા લોકલ વિસ્તાર મુજબના પ્રશ્નો માટે વાંચકો માટે ચર્ચાનો ચોતરોના શિર્ષકથી દર ગુરુવારે આખું પાનું ખુલ્લું કરે છે પણ તે પેજ ઉપર જે લેખકો લખે છે અને લેખો તો સારા જ હોય છે પણ તેઓ ફક્તને ફક્ત મોટિવેશનનાં અને અંગત લાગણી કે વિચારોને રજુ કરતાં લેખો લખે છે. તેથી જે હેતુ માટે ખરેખર આ વિભાગ શરુ કરવામાં આવ્યો હોય તે હેતુ પુરો થતો હોય એવું મને જણાતું નથી.

ચર્ચા નાં ચોતરા માં વાપી ના પ્રાણ જેવા પ્રશ્નો જેવા કે સૌ પ્રથમ ચારેબાજુ બનતા બ્રીજ કયારે પુરા થશે ?થી લઈને નબળા રોડ, પાણીની અછત, સફાઈ, સ્ટ્રીટલાઈટ, પોલ્યુસન, સ્વાસ્થ્ય, ગાર્ડનની માવજત, પાર્કિંગ, ફુટપાથ, સરકારી તંત્ર ના કામો, બેંકોની કથળેલો વહીવટ, શિક્ષણ, વાપી મહાનગર પાલિકા, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પ્રશ્નો, ખેડૂતોને ખાતર, રેશનીંગ, એસ.ટી તથા લોકલ બસ અને રેલ્વે આમ અનેકવિધ પ્રશ્નોને આપણે વાપીના જ પોતાના દૈનિક દમણ ગંગા ટાઈમ્સના ચર્ચા ચોતરાના માધ્યમથી રજુ કરી શકીએ અને ઉકેલ પણ લાવી શકીએ. પણ આના માટે જાગૃત અને શિક્ષિત જનતાએ પણ કલમ હાથમાં ઉપાડવી જોઈએ. અને લખવું જોઈએ.

દમણગંગા પેપર આના માટે આટલી મોટી અને કિંમતી જગ્યા ફાળવી છે. સરકારનો માહિતી વિભાગ પણ હોય છે. જે આપણે લખીએ તેને લગતાં વહીવટીતંત્રના વિભાગોને લોકો એ કટીંગ મોકલી શકે છે. અને જિલ્લાના જનપ્રતિનિધિ તથા અધિકારીઓ પણ દમણગંગા ટાઈમ્સ તો વાંચતા જ હોય છે એટલે એવુ વિચારતા નહી કે આપણે લખીશુ તો પણ કાંઇ થશે નહિ. આ લેખ લખનાર નો અનુભવ છે કે દમણગંગા ટાઈમ્સમાં લખવાથી જે તે વિભાગ કે અગ્રણી જાગૃત થઈ જાય છે અને આપણા પ્રશ્નોનો ઉકેલ આવે છે. આ તબકકે દમણગંગા ટાઈમ્સના સંપાદન કરતાં વિભાગને વિનંતી છે કે વાચકોનાં વધારે ને વધારે પ્રશ્નો અખબારમાં પ્રકાશિત કરો. બાકી અત્યારે તો સામાન્ય પ્રજાનું સાંભળે એવા અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ પણ શોધવા જવું પડે એમ છે. સ્થાનિક અખબાર પાસે જનતા અને વાંચકોને એ આશા રહેવાની જ કે તે વાપી અને વિસ્તારનાં પ્રાણ પ્રશ્નોને વાચા આપે. એને પ્રાથમિકતા પણ આપે.

## કપડાંથી પણ આગળ છે સંસ્કૃતિનો પ્રશ્ન !

**નીતા પી.જાદવ**
**રાજકોટ**



નવરાત્રી આપણા માટે માત્ર નૃત્ય અને મનોરંજનનો ઉત્સવ નથી. તે શક્તિની આરાધના, ભક્તિ, પરંપરા અને સામૂહિક આનંદનું પર્વ છે. સમય સાથે ગરબાના સ્વરૂપમાં બદલાવ આવ્યો છે. સંગીત, વસ્ત્રો અને આયોજનમાં આધુનિકતા આવી છે, જે સ્વાભાવિક છે. પરંતુ આ બદલાવ વચ્ચે ભક્તિ અને મર્યાદાની ભાવના ક્યાંક પાછળ ન રહી જાય, એ વિચારવાની જરૂર છે. કેટલાક ગરબા કાર્યક્રમોમાં વસ્ત્રો અને અંગ-દર્શનને લઈને ચર્ચા થતી રહે છે. ખાસ કરીને નવરાત્રી જેવા ધાર્મિક ઉત્સવમાં વસ્ત્રોની પસંદગી એવી હોય કે જેમાં સૌંદર્ય સાથે પ્રસંગની ગરિમા પણ જળવાઈ રહે, એવી અપેક્ષા રાખવી અયોગ્ય નથી. પરંતુ આ વાત માત્ર સ્ત્રીઓ પૂરતી સીમિત ન હોવી જોઈએ.

ગરબાના તાલમાં ભક્તિનો ભાવ રહે,
માતાજીના દરબારમાં સંસ્કારનો દીપ પ્રગટે.

જો આપણે સંસ્કૃતિ અને ધાર્મિક મર્યાદાની વાત કરીએ છીએ, તો પુરુષોની જવાબદારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. ધાર્મિક સ્થળોએ અયોગ્ય વસ્ત્રોમાં ફરવું, પવિત્ર સ્થળે સ્નાન કરતી વખતે જરૂરી મર્યાદા ન જાળવવી, જાહેરમાં અભદ્ર ભાષા વાપરવી કે અસંસ્કારી વર્તન કરવું—આ બધું પણ ધાર્મિક અને સામાજિક શિસ્તની દૃષ્ટિએ વિચારવા જેવું છે. અર્થાત્, સંસ્કૃતિનું માપદંડ એકતરફી ન હોવું જોઈએ. જે રીતે સ્ત્રીઓ પાસેથી પ્રસંગને અનુરૂપ વસ્ત્રો અને વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે, એ જ રીતે પુરુષો પાસેથી પણ યોગ્ય વસ્ત્રો, શિસ્તપૂર્ણ વર્તન અને સૌજન્યની અપેક્ષા હોવી જોઈએ. નિયમો હોય તો તે શક્ય તેટલા સમાન, સ્પષ્ટ અને સૌને લાગુ પડે તેવા હોવા જોઈએ.

ગરબા આયોજનની બાબતમાં પણ આયોજકોની જવાબદારી મહત્વપૂર્ણ છે. માતાજીના ઉત્સવને માત્ર મનોરંજન કે યુવાનોના મિલનના પ્રસંગ તરીકે રજૂ કરવાને બદલે તેમાં માતાજીની સ્તુતિ, પરંપરાગત ભાવ અને સંસ્કૃતિને પણ યોગ્ય સ્થાન મળે, તો ઉત્સવનું આધ્યાત્મિક સૌંદર્ય જળવાઈ શકે. નૃત્ય કરવું કે આધુનિક સંગીત માણવું પોતે ખોટું નથી. પરંતુ જો આખા આયોજનમાં ભક્તિ કરતાં માત્ર દેખાવ, સોશિયલ મીડિયા માટેની રજૂઆત અથવા મોજમસ્તી કેન્દ્રસ્થાને આવી જાય, તો સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊભો થાય કે આપણે ઉત્સવની મૂળ ભાવનાથી કેટલા જોડાયેલા છીએ?

સંસ્કૃતિનું રક્ષણ કોઈ એક વ્યક્તિ, એક વસ્ત્ર કે એક વર્ગને નિશાન બનાવીને થતું નથી. તે આપણા સૌના વર્તનથી થાય છે. સ્ત્રી હોય કે પુરુષ—ધાર્મિક સ્થળે મર્યાદા, જાહેર જીવનમાં શિસ્ત અને અન્ય પ્રત્યે સન્માન, આ સૌની સમાન જવાબદારી છે. જો આપણે ખરેખર સંસ્કૃતિની ચિંતા કરીએ છીએ, તો ચર્ચા માત્ર કોણે શું પહેર્યું? સુધી સીમિત ન રાખવી જોઈએ.

તેની સાથે કોણ કેવી રીતે વર્તે છે?, આયોજનનું વાતાવરણ કેવું છે? અને આપણે આવનારી પેઢીને કેવા મૂલ્યો આપી રહ્યા છીએ? એ પ્રશ્નો પણ પૂછવા જોઈએ. નવરાત્રીનો આનંદ પણ રહે, આધુનિકતા પણ રહે અને પરંપરાની ગરિમા પણ જળવાઈ રહે—આ ત્રણેય વચ્ચેનું સંતુલન જ કદાચ સાચી સંસ્કૃતિનું સૌંદર્ય છે.

## ગરબાના લોકરંગમાં ગુજરાતની સંસ્કૃતિ

**જયોતિ ઉત્પલ પંડયા**
**અતુલ**



ગુજરાતી સાહિત્ય અને લોકસંસ્કૃતિનો વારસો અત્યંત સમૃદ્ધ, વિશાળ અને ગૌરવશાળી છે. ગુજરાતનો ઈતિહાસ, ગુજરાતીઓની રહેણીકરણી, લોકપરંપરાઓ, પ્રેમભાવના અને ભક્તિની અભિવ્યક્તિ તેના લોકસાહિત્યમાં જીવંત જોવા મળે છે. આ લોકસાહિત્ય જ્યારે મધુર સ્વરોમાં ઢળીને માતાજીની આરાધનામાં ગવાય છે અને તાલબદ્ધ પગલાં સાથે રમાય છે, ત્યારે ગુજરાતની ધરતી પર ગરબાનો અનોખો નાદ ગુંજી ઊઠે છે.

શારદીય નવરાત્રિના પાવન પર્વમાં નવ દિવસ સુધી માતા આદ્યશક્તિની આરાધના સાથે ખેલૈયાઓનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચે છે. રંગબેરંગી ચણિયાચોળી, કેડિયાં, ઝાંઝરનો ઝણકાર, ઢોલ-નગારાના તાલ અને તાળીઓના નાદ વચ્ચે જ્યારે ગરબો રમાય છે, ત્યારે ભક્તિ અને આનંદનો અદભુત સંગમ સર્જાય છે. પરંતુ ગરબો માત્ર નૃત્ય કે મનોરંજન નથી; તેની દરેક પંક્તિમાં કોઈ લોકકથા, જીવનદર્શન, પ્રેમની લાગણી કે ભક્તિનો ભાવ છુપાયેલો હોય છે.

ગુજરાતના આવા જ લોકપ્રિય પરંપરાગત ગરબાઓમાં એક ગરબો છે– 'દૂધે તે ભરી તલાવડીને મોતીડે બાંધી પાળ રે' આ પંક્તિઓ સાંભળતાં જ મન ભાવવિભોર બની જાય છે. તેની સાથે જોડાયેલી એક લોકવાયકા માતૃત્વના વાત્સલ્ય અને પારિવારિક પ્રેમનું સુંદર ચિત્ર રજૂ કરે છે.

લોકવાયકા અનુસાર, નવરાત્રિના દિવસોમાં એક નવોઢા નવવધૂ ગરબે રમવા જવાની તૈયારી કરી રહી હતી.

એ જ સમયે તેનું નાનું બાળક ભૂખને કારણે રડવા લાગ્યું. માતા ગરબે જતાં પહેલાં પોતાના બાળકને સ્તનપાન કરાવવા બેઠી. તેના ગળામાં મોતીનો સુંદર હાર હતો અને માતા પોતાના વહાલા બાળકને

હેતથી ધવડાવી રહી હતી. આ નિર્દોષ અને પવિત્ર દૃશ્ય જોઈ તેના પતિના મુખમાંથી સહજ રીતે શબ્દો સરી પડ્યા–'દૂધે તે ભરી તલાવડીને મોતીડે બાંધી પાળ રે'

આ લોકવાયકાના ભાવાર્થમાં દૂધથી ભરેલી તલાવડી માતાના વાત્સલ્યનું અને મોતીની પાળ તેના ગળાના હારનું પ્રતીક બની જાય છે. આ દૃશ્ય માત્ર માતા અને બાળક વચ્ચેના પ્રેમનું વર્ણન નથી કરતું, પરંતુ ભારતીય સંસ્કૃતિમાં માતૃત્વને અપાયેલા ઊંચા સ્થાનની પણ અનુભૂતિ કરાવે છે. આગળ જતાં આ લોકભાવના માતા આદ્યશક્તિની આરાધના સાથે જોડાઈને ભક્તિનું વિશાળ સ્વરૂપ ધારણ કરે છે. આ જ રીતે ગુજરાતી લોકગરબો 'પાટણથી પટોળા મોંઘાં લાવજો' પણ લોકજીવનની સુંદર ઝલક રજૂ કરે છે. આ ગરબામાં એક નવવધૂ પોતાના પતિને પાટણથી સુંદર પટોળું લઈ આવવાની પ્રેમભરી વિનંતી કરે છે. પાટણનાં પટોળાં તેમની અદભુત વણાટકલા, રંગોની વિવિધતા અને પરંપરાગત કારીગરી માટે વિશ્વવિખ્યાત છે. 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં' જેવી લોકોક્તિ પટોળાની ટકાઉપણાની લોક-સિદ્ધિ દર્શાવે છે. આ ગરબાની પંક્તિઓમાં પત્નીની શણગાર પ્રત્યેની સહજ ઈચ્છા, પતિ પ્રત્યેનો પ્રેમ અને ગુજરાતની સમૃદ્ધ હસ્તકલાનો પરિચય એકસાથે જોવા મળે છે. મોરલાની ભાત, રંગબેરંગી ઓઢણી અને ઘાઘરાના વર્ણન દ્વારા સ્ત્રીના સૌંદર્ય-મ તથા ગ્રામ્ય જીવનની સાદગીનું સુંદર નિરૂપણ થાય છે.

બીજી તરફ, 'તારા વિના શ્યામ એકલડું લાગે' જેવા ભાવસભર ગરબામાં રાધાના કૃષ્ણ પ્રત્યેના અનન્ય પ્રેમની અનુભૂતિ થાય છે.

શરદપૂનમની ચાંદની રાતે સમગ્ર વૃંદાવન આનંદમાં ઝૂમી રહ્યું હોય, છતાં શ્યામની ગેરહાજરીમાં રાધાનું હૃદય વિરહથી વ્યાકુળ બને છે.

આજે જ્યારે આધુનિક સંગીત અને બદલાતી જીવનશૈલી વચ્ચે પરંપરાગત લોકસાહિત્યને સાચવી રાખવાનો પડકાર છે, ત્યારે આવા ગરબાઓનું ગાન અને તેના અર્થનું સંવર્ધન ખૂબ જરૂરી બની જાય છે કારણ કે ગરબો એ માત્ર નવરાત્રિનો ઉત્સવ નથી, પરંતુ ગુજરાતની ઓળખ, લોકસ્મૃતિ અને સાંસ્કૃતિક ગૌરવનું જીવંત પ્રતીક છે.

ચાલો, આ નવરાત્રિએ માત્ર ગરબે ઘૂમીએ જ નહીં, પરંતુ તેની પંક્તિઓ પાછળ છુપાયેલી લોકવાયકાઓ, પ્રેમની લાગણીઓ અને ભક્તિના ભાવને પણ સમજીએ.

માતા આદ્યશક્તિના આશીર્વાદથી આપ સૌની નવરાત્રિ આનંદમય, મંગલમય અને ભક્તિમય બને—એવી હાર્દિક શુભકામનાઓ!

જય આદ્યશક્તિ! જય ગરબી ગુજરાત!

સ્થાનિક સમાચાર
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# ડુંગરાના હરીયા પાર્ક ગ્રુપના ગણેશ મહોત્સવને રાજ્યમાં ગૌરવપૂર્ણ સિદ્ધિ



**વલસાડ, તા.૧૪ :** વલસાડ શહેર અને વાપી પંથક માટે એક ગૌરવવંતી ક્ષણ સામે આવી છે. ડુંગરા સ્થિત અંબે માતા હરીયા પાર્ક ડુંગરા ગ્રુપ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવને વર્ષ ૨૦૨૫માં ગુજરાત સરકાર દ્વારા પ્રથમ વખત આયોજિત બેસ્ટ ગણેશ પંડાલ સ્પર્ધામાં રાજ્યકક્ષાએ ચોથું સ્થાન પ્રાપ્ત થયું છે. અંબે માતા હરીયા ગ્રુપે ઓપરેશન શિંદુર, DRDO, ISRO અને Development જેવી દેશભક્તિપૂર્ણ અને શૌર્યની ભાવના ઉજાગર કરતી અદભુત થીમ રજૂ કરી હતી. આ વિશેષ પ્રસ્તુતિ દ્વારા આ ગ્રુપે સમગ્ર ગુજરાતમાં વલસાડનું નામ રોશન કર્યું છે. છેલ્લા ૮ વર્ષથી ચાલી રહેલા આ ગણેશ મહોત્સવના આયોજનની યાત્રામાં આ સિદ્ધિએ એક નવું અને ગૌરવપૂર્ણ પ્રકરણ ઉમેર્યું છે. આ શાનદાર સફળતા અંબે માતા હરીયા પાર્ક ડુંગરા ગ્રુપના તમામ સભ્યો, ઉત્સાહી કાર્યકર્તાઓ, સેવાભાવી યુવાનો અને સહયોગીઓની અથાગ મહેનત, પરસ્પર એકતા, નિષ્ઠા અને સમર્પણનું પરિણામ છે.ભક્તિની સાથે સાથે આ ગ્રુપ દ્વારા લોકકલ્યાણના અનેક કાર્યો કરવામાં આવે છે. અંબે માતા ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદો માટે રાશન કીટ તેમજ અન્ય જરૂરી સહાય પૂરી પાડવામાં આવે છે. જરૂરિયાતમંદ લોકોને કોઈપણ મુશ્કેલીના સમયે સમયસર મદદ મળી રહે તે માટે આ ગ્રુપના યુવાનો હંમેશા તત્પર રહે છે. ખાસ કરીને પોલીસ જવાનોને જ્યારે પણ સેવાની જરૂર પડે, ત્યારે આ ટીમ હંમેશા મદદરૂપ બને છે. કોવિડ મહામારીના વિકટ સમયમાં આ ગ્રુપે મજૂરીકામ માટે આવેલા અન્ય રાજ્યોના હજારો લોકોને સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચાડવાની ઉત્તમ માનવસેવા બજાવી હતી.

આ ઉપરાંત, અંદાજે ૧.૫ લાખ લોકોને રાશન કીટનું વિતરણ કરીને સમાજમાં સેવા અને માનવતાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.જેનાથી સમાજમાં એક સકારાત્મક દ્રષ્ટિ ઊભી થઈ છે.

# વાપીમાં રખડતાં કૂતરાઓનો આતંક વધ્યો

## મનપા દ્વારા નસબંધી અને રસીકરણની કામગીરી હાથ ધરવાની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૪ :** વાપી શહેર અને આસપાસનાં ગામડાંઓમાં રખડતા કૂતરાઓની વધતી જતી સંખ્યાને કારણે નાગરિકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં દિવસ-રાત રસ્તા પર ફરતા રખડતા કૂતરાઓ રાહદારીઓ પર હુમલો કરી બચકાં ભરતા હોવાની અનેક ઘટનાઓ બની રહી છે. ખાસ કરીને વૃદ્ધો અને નાના બાળકોની સુરક્ષાને લઈને સ્થાનિક લોકોમાં ચિંતા વધી છે.

વાપી મા રસ્તા પર ચાલતા રાહદારીઓની પાછળ કૂતરાઓ દોડતા હોવાના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. અનેક વિસ્તારોમાં રખડતા કૂતરાઓના ટોળાં રસ્તા પર જોવા મળતાં વાહનચાલકો અને રાહદારીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે વહેલી સવારે અને સાંજે ચાલવા નીકળતા વૃદ્ધો તેમજ શાળાએ જતા બાળકો માટે આ સમસ્યા જોખમી બની રહી છે.આ સમસ્યાના કાયમી ઉકેલ માટે વાપી મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક અસરથી યોગ્ય પગલાં લેવામાં આવે તેવી માગ ઊઠી રહી છે. શહેરમાં રખડતા કૂતરાઓની સંખ્યા નિયંત્રિત કરવા માટેકૂતરા ઓ ની નસબંધીની કામગીરી હાથ ધરવા તેમજ હડકવા જેવા ગંભીર રોગથી બચાવ માટે રસીકરણ અભિયાન ચલાવવું જરૂરી બન્યું છે. રખડતા કૂતરાઓના ત્રાસમાંથી નાગરિકોને રાહત મળે અને ભવિષ્યમાં કોઈ ગંભીર ઘટના ન બને તે માટેવાપી મનપાનું સંબંધિત તંત્ર આ સમસ્યાને ગંભીરતાથી તાત્કાલિક આ સમસ્યા નું નિવારણ લાવવા માટેની કામગીરી કરે તેવી માંગ ઉઠી રહી છે.

# વાપી ખડકલા મુખ્ય માર્ગ પર બે વૃક્ષો જોખમી સ્થિતિમાં, અકસ્માતનો ભય

## મનપા દ્વારા રસ્તો પહોળો કરાયો, ડિવાઈડર અને સ્ટ્રીટલાઈટ પણ લગાવાયાં, છતાં વૃક્ષો હટાવવાની કામગીરી બાકી: અકસ્માતની શક્યતાને પગલે સ્થાનિકોમાં ચિંતા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૪ :** વાપી મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૯માં આવતા ખડકલા તબેલા પાસેના મુખ્ય માર્ગને પહોળો કરવાની કામગીરી કરવામાં આવી છે. આ માર્ગ પર રસ્તાની વચ્ચે ડિવાઈડર, સ્ટ્રીટલાઈટ તેમજ રસ્તાની બંને બાજુ ડ્રેનેજ લાઈન બનાવવામાં આવી છે. જોકે, માર્ગની વચ્ચે બે વૃક્ષો હજુ પણ અડીખમ ઊભાં હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમ ઊભું થયું છે.



માર્ગના નવીનીકરણ અને પહોળાઈ વધારવાની કામગીરી બાદ પણ આ બંને વૃક્ષો રસ્તાની વચ્ચે જોખમી સ્થિતિમાં યથાવત્ રહેતાં અહીંથી પસાર થતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને વાહનોની અવરજવર દરમિયાન આ વૃક્ષોને કારણે અકસ્માત સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિક લોકો અને રાહદારીઓના જણાવ્યા અનુસાર, માર્ગ પર વિકાસલક્ષી કામગીરી કરવામાં આવી છે, પરંતુ રસ્તાની વચ્ચે રહેલાં આ બે વૃક્ષો તરફ પણ સંબંધિત તંત્રએ ધ્યાન આપવાની જરૂર છે. જો સમયસર યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં અકસ્માત સર્જાવાની ભીતિ રહેલી છે. આથી સ્થાનિક નાગરિકો અને રાહદારીઓ દ્વારા વાપી મહાનગરપાલિકાના વહીવટી તંત્ર સમક્ષ આ બંને વૃક્ષોની જોખમી સ્થિતિને ધ્યાને લઈ તાત્કાલિક સ્થળ તપાસ કરી જરૂરી યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી રહ્યા છે.

# વાપી બજારની સરદાર પ્રતિમાનું નવીનીકરણ થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી ટાઉનના મુખ્ય બજારમાં આવેલા સરદાર ચોક ખાતે રસ્તાની વચ્ચે સ્થાપિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને હાલ પૂરતી હટાવી લેવામાં આવી છે. મુખ્ય બજારના રસ્તાના નવીનીકરણ તેમજ ડિવાઈડર હટાવી નવા ડિવાઈડર સ્થાપિત કરવાની કામગીરીને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.



આગામી દિવસોમાં આ સ્થળે સરદાર વલ્લભભાઈ પટેલના વ્યક્તિત્વ અને ગરિમાને અનુરૂપ અતિઆધુનિક પ્રતિમા બનાવવામાં આવશે, જેનું ટૂંક સમયમાં અનાવરણ કરવામાં આવશે.

વાપી ટાઉનના મુખ્ય બજારમાં વર્ષો પહેલાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. સમય જતાં આ પ્રતિમા જર્જરિત અવસ્થામાં આવી જતાં વર્ષ ૨૦૦૩માં તત્કાલીન વાપી નગરપાલિકાના પ્રમુખ દિલીપભાઈ ઠાકોરભાઈ દેસાઈ, શ્રી લેઉવા પાટીદાર સમાજ વાપીના પ્રમુખ અપૂર્વભાઈ પટેલ, વાપી નગરપાલિકાના ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન રોહિતભાઈ સોમપુરા તેમજ સભ્ય બોબી કે. પટેલની ઉપસ્થિતિમાં હાલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રતિમાને સ્થાપિત થયાને આશરે ૨૩ વર્ષ પૂર્ણ થતાં હવે વાપીના મુખ્ય બજારના માર્ગના નવીનીકરણની કામગીરી સાથે પ્રતિમાને પણ નવું સ્વરૂપ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

રસ્તાની વચ્ચેથી હાલની પ્રતિમા હટાવી તેના સ્થાને વધુ આકર્ષક, અતિઆધુનિક અને સરદાર વલ્લભભાઈ પટેલના વ્યક્તિત્વને અનુરૂપ પ્રતિમા બનાવવામાં આવશે.

આ સમગ્ર કામગીરી વાપી મહાનગરપાલિકા દ્વારા શ્રી લેઉવા પાટીદાર સમાજ વાપીના અગ્રણીઓને સાથે રાખીને હાથ ધરવામાં આવશે. નવી પ્રતિમાની સ્થાપના અને અનાવરણ બાદ સરદાર ચોકને નવું સ્વરૂપ મળશે તેમજ વાપીના મુખ્ય બજારની સુંદરતામાં પણ વધારો થવાની અપેક્ષા છે.

# વાપીમાં હાઈવે સર્વિસ રોડ પર લક્ઝરી બસોનું બેફામ પાર્કિંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપીમાંથી પસાર થતા નેશનલ હાઈવે-૪૮ પર યુપીએલ બ્રિજથી સલવાવ સુધીના વિવિધ બ્રિજ નીચેના સર્વિસ રોડ તેમજ મુખ્ય માર્ગ પર ખાનગી લક્ઝરી બસો અને અન્ય વાહનોનું દિવસ-રાત આડેધડ પાર્કિંગ થતું હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ પરેશાન થઈ રહ્યા છે. વાપીના કોપરલી ચાર રસ્તા શ્યામજી કૃષ્ણ વર્મા ચોક ના પેપીલોન હોટલથી છરવાડા અંડરપાસ સુધીના માર્ગ પર વાહનોના બેફામ પાર્કિંગથી ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. ટ્રાફિક પોલીસ દ્વારા લક્ઝરી બસો માટે પોઈન્ટ નક્કી કરવામાં આવ્યા હોવા છતાં તેનો અસરકારક અમલ થતો ન હોવાની ફરિયાદોપણ ઊઠી રહી છે. ટ્રાફિક પોલીસ નાના વાહનચાલકો સામે કાર્યવાહી કરતી હોવા છતાં ખાનગી લક્ઝરી બસો અને મોંઘી કારોના આડેધડ પાર્કિંગ સામે પૂરતી કાર્યવાહી કેમ થતી નથી તેવા સવાલો ઊભા થયા છે. ત્યારે વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ સ્થળ તપાસ કરી અનધિકૃત પાર્કિંગ અટકાવે અને તમામ વાહનો સામે સમાન ધોરણે કાર્યવાહી કરે તેવી માંગ ઊઠી છે.

ટ્રાફિક પોલીસ માત્ર કેટલાક વેપારીઓને બેંકમાં તથા હોસ્પિટલમાં આવતા ગ્રાહકના વાહનોના વીલમાં લોક કરી કાર્યવાહી કરી રહ્યા છે તે માત્ર મહિનામાં બે થી ત્રણ વાર જ કરાય છે શું તેવા કામગીરી માત્ર તેમની હાજરી બતાવવા પૂરતી કરે છે કે કેમ તેવા પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે.

# વાપીમાં રહેણાંક વિસ્તારો અને જાહેર રસ્તા પર ફટાકડાઓનું ઉઘાડે છોગ વેચાણ

## વહીવટી તંત્ર દ્વારા નક્કી કરેલા સ્થળે જ હંગામી ફટાકડા બજાર શરૂ કરાવવા માંગ, દુર્ઘટના પહેલાં તંત્ર સાવચેતી રાખે તે જરૂરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને વાપી પંથકમાં હંગામી ફટાકડા બજાર શરૂ કરવા માટે અનેક છૂટક વેપારીઓ દ્વારા જિલ્લા પુરવઠા વિભાગ અને મામલતદાર કચેરીમાં લાઈસન્સ મેળવવા અરજીઓ કરવામાં આવી છે. જોકે, ફટાકડાના વેચાણ માટે વહીવટી તંત્ર દ્વારા નક્કી કરાયેલા સ્થળોએ જ દુકાનો શરૂ થાય છે કે પછી રહેણાક વિસ્તારો અને રસ્તાની બાજુમાં ખુલ્લેઆમ ફટાકડાનું વેચાણ થાય છે, તે અંગે સવાલો ઊઠી રહ્યા છે.

વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વાપી જીઆઈડીસીમાં શ્રી અંબામાતા મંદિર પાસે આવેલા રામલીલા મેદાન અને વાપી ટાઉનની કુમારશાળાના મેદાનમાં મર્યાદિત દુકાનોને દર વર્ષે હંગામી ફટાકડા બજાર શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવે છે. તેમ છતાં વાપીના મુખ્ય બજાર, વાપી દમણ રોડ ના ચલા વાપી સેલવાસ રોડના ડુંગરા અને જીઆઈડીસી વિસ્તારમાં ફટાકડાના વેચાણ સામે નિયમોનું પાલન થાય છે કે નહીં તેની તપાસ જરૂરી બની છે. ફટાકડા જ્વલનશીલ હોવાથી રહેણાક વિસ્તારો અને રસ્તાની બાજુમાં બેદરકારીપૂર્વક વેચાણ થવાથી મોટી દુર્ઘટનાની આશંકા રહે છે. ત્યારે જિલ્લા કલેક્ટર, પુરવઠા વિભાગ પોલીસ તંત્ર અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને દિવાળી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સાવચેતીનાં પગલાં લેવામાં આવે તે જરૂરી છે.

# વલસાડમાં નોકરીની લાલચ આપી મહિલા સાથે છેતરપિંડીમાં પિતા-પુત્ર સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ ના અબ્રામા માં રહેતી પરણીતાને નોકરી અને ભાગીદારીની લાલચ આપી છેતરપિંડી કરનાર પિતા-પુત્ર સામે ફરિયાદ નોંધાઈ છે.

વલસાડ અબ્રામા વિસ્તારમાં રહેતી બેલાબેન ગામીત નામની મહિલાને સોશિયલ મીડિયા માર્કેટિંગ પ્લેટફોર્મ (IDIGITALPRENEUR) સાથે સંકળાયેલા હતા. ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન ઈન્સ્ટાગ્રામ મારફતે તારાપુર ચોકડી આણંદ માં ટ્રેક્ટરની ટ્રોલી બનાવવાનું કામ કરતા જયેશકુમાર કનુભાઈ બેલદાર સાથે તેમનો સંપર્ક થયો હતો. જયેશકુમારે વલસાડ ના ધરમપુર ચોકડી નજીક નવો વર્કશોપ શરૂ કરવાનું જણાવી તેનું હેન્ડલિંગ કરવા બદલ મહિને રૂપિયા ૨૫,૦૦૦ પગાર તથા કામ સારું ચાલ્યે ભાગીદારી આપવાની લાલચ આપી હતી.

આરોપીએ અલગ-અલગ કારણો આગળ ધરી ફરિયાદી પાસેથી ગુગલ-પે મારફતે નાણાં મેળવવાનું શરૂ કર્યું હતું. વધુમાં, પોતાનો ફોન હેંગ થતો હોવાનું કહી ફરિયાદીના નામે ૪૪,૩૨૩ ની કિંમતનો 'VIVO V70 Elite' મોબાઈલ ફોન લોન પર ખરીદાવ્યો હતો. આ સિવાય આરોપી જયેશકુમારના દીકરા મંથન બેલદારને તારાપુર ખાતે જમીન લેવાની હોવાના બહાને ફરિયાદી પાસેથી સોનાની ચેઈન મોર્ગેજ મુકાવી રૂપિયા ૭૦,૦૦૦ મેળવ્યા હતા. ફરિયાદી જ્યારે આરોપીના આણંદ સ્થિત વર્કશોપ પર ગયા હતા ત્યારે તેમની સોનાની ચેઈન ત્યાં પડી ગઈ હતી. આરોપીએ ચેઈન મળી ગઈ હોવાનું કબૂલ્યા છતાં આજદિન સુધી પરત આપી નહોતી.

# વલસાડની ઈર્મા સોસાયટીમાં વડીલ બહેનોએ બેઠા ગરબાની અનોખી પરંપરા



**વલસાડ, તા.૧૪ :** નવરાત્રિ એટલે મા જગદંબાની આરાધના અને શક્તિ ઉપાસનાનો પવિત્ર પર્વ. ગરબા એ માત્ર એક નૃત્ય નથી, પરંતુ હિંદુ સંસ્કૃતિ, પરંપરા અને અખૂટ આસ્થાનું જીવંત પ્રતીક છે. ત્યારે વલસાડના ધરમપુર રોડ પર પેટ્રોલપંપની બાજુમાં આવેલી ઈર્મા સોસાયટીમાં ગુજરાતની સંસ્કૃતિ અને ભવ્ય વિરાસતને પેઢી દર પેઢી સાચવી રાખવા માટે નમ્ર પ્રયાસ કરાયો છે. વલસાડમાં પહેલાંના સમયમાં શેરી ગરબામાં ગવાતા પ્રાચીન ગરબા, પારંપરિક ઢાળ અને બેઠા ગરબાની એ દિવ્ય પરંપરા વિસરાઈ રહી છે. આજની નવી પેઢી આપણી સંસ્કૃતિથી પરિચિત થાય અને આપણી આ ધરોહરને આગળ ધપાવે, એ જ અમારો મુખ્ય ઉદ્દેશ છે. જે અંતર્ગત વલસાડની ઈર્મા (IRMA) સોસાયટીની વડીલ અને ઉત્સાહી બહેનો દ્વારા બેઠા ગરબાની એક અત્યંત મનમોહક કૃતિ રજૂ કરવામાં આવી હતી. આ સુંદર પ્રસ્તુતિ માટે તેમણે ખૂબ જ ઝીણવટપૂર્વક અને ઉત્સાહથી તૈયારી કરી હતી. તેઓ પારંપરિક વસ્ત્રપરિધાન અને સાદગીભર્યા ચહેરા સાથે બેઠા ગરબા ગાવા બેઠા, ત્યારે એવું લાગતું હતું જાણે સાક્ષાત્ માતાજી જ ગરબા રમાડવા પધાર્યા હોય. આ ભક્તિભાવ ભરેલી કૃતિએ ઉપસ્થિત સૌ કોઈનું મન મોહી લીધું હતું.

# વાપી મનપા દ્વારા સતત બીજા વર્ષે સ્વદેશી મેળાનું આયોજન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી ઉત્પાદનો, સ્થાનિક વેપાર અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુથી સતત બીજા વર્ષે 'સ્વદેશી મેળા-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. જે આગામી તા. ૨૮ ઓક્ટોબરથી ૬ નવેમ્બર, ૨૦૨૬ સુધી વાપીના ચલાખાતે આવેલા અજીતનગર ના મેદાન મા યોજાશે.સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક વેપારીઓને પોતાના ઉત્પાદનોના પ્રદર્શન તેમજ વેચાણ માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ્યથી આયોજિત આ મેળામાં વિવિધ વ્યવસાયકારો, વેપારીઓ, કારીગરો, સ્વસહાય જૂથો, વલસાડ જિલ્લાની સખી મંડળો તેમજ નાના ઉદ્યોગકારોને સ્ટોલ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

વાપી મહાનગરપાલિકા દ્વારા મેળામાં ભાગ લેવા ઈચ્છુક વેપારીઓ અને વ્યવસાયકારોને પોતાના સ્ટોલ બુક કરાવવા માટે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. આ મેળાના માધ્યમથી સ્થાનિક કારીગરો અને નાના ઉદ્યોગકારોને પોતાના ઉત્પાદનો વધુ લોકો સુધી પહોંચાડવાની તક મળશે. સાથે જ સ્વદેશી ચીજવસ્તુઓના પ્રચાર-પ્રસારને પણ વેગ મળશે.

ઉલ્લેખનીય છે કે ગત વર્ષે યોજાયેલા સ્વદેશી મેળાને ભારે સફળતા મળી હતી. આ સફળતાને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ષે પણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં યોજાનારા આ મેળાથી સ્થાનિક વેપાર-ધંધાને પ્રોત્સાહન મળવાની સાથે નાના ઉદ્યોગકારો અને સ્વસહાય જૂથોને આર્થિક રીતે આગળ વધવાની તક મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં MSDCની બેઠકમાં નિર્ણય

# હવે ગુજરાત સહિતના દેશના તમામ બંદરો માટે 'એક દેશ, એક બંદર પ્રક્રિયા' અમલી બનશે

## બંદરોની દસ્તાવેજી પ્રક્રિયા, પોર્ટ ઓપરેશનની પ્રક્રિયા, વિવિધ મંત્રાલયો-વિભાગો સાથે જોડાયેલી પ્રક્રિયાઓને સરળ અને એકરૂપ બનાવવામાં આવશે



(પ્રતિનિધિ ધ્વારા )

**અમદાવાદ તા. ૧૪ :** મુંબઈમાં કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલની અધ્યક્ષતામાં સોમ-મંગળવારે બે દિવસિય ૨૧મી મેરીટાઈમ સ્ટેટ ડેવલોપમેન્ટ કાઉન્સીલ-MSDCની બેઠક મળી હતી. જેમાં કેન્દ્ર અને દરિયાકાંઠાના ગુજરાત સહિતના રાજ્યો વચ્ચે દેશના તમામ બંદરોમાં પોર્ટ સંબંધિત પ્રક્રિયાઓને વધુ એકરૂપ અને પારદર્શક બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. આ બેઠકમાં દેશના દરિયાકાંઠાના તમામ રાજ્યોના મંત્રીઓ, સ્ટેટ મેરીટાઈમ બોર્ડના અધિકારીઓ, મોટા બંદરોના વડાઓ અને કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. જ્યારે ગુજરાત તરફથી બંદર વિભાગ ધરાવતા મુખ્યમંત્રીના સ્થાને નાણા-શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં નક્કી કરાયું હતું કે, માર્ચ-૨૦૨૭ સુધીમાં ગુજરાત સહિત દેશના તમામ બંદરોમાં 'વન નેશન, વન પોર્ટ પ્રોસેસ-ONOP લાગુ કરવાની દિશામાં કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. આ અંતર્ગત બંદરોની દસ્તાવેજી પ્રક્રિયા, પોર્ટ ઓપરેશનની પ્રક્રિયા અને વિવિધ મંત્રાલયો-વિભાગો સાથે જોડાયેલી પ્રક્રિયાઓને સરળ અને એકરૂપ બનાવવામાં આવશે એટલે કે, એક બંદરથી બીજા બંદરે માલ મોકલતા વેપારીઓ અને શિપિંગ કંપનીઓને અલગ-અલગ પ્રકારની પ્રક્રિયાઓનો સામનો ન કરવો પડે તે દિશામાં મોટો સુધારો થશે. આ નિર્ણયનો સૌથી મોટો ફાયદો વેપારીઓ, આયાતકારો, નિકાસકારો અને શિપિંગ ઉદ્યોગને થશે. તમામ બંદરોને પોર્ટ ટેરિફ-ચાર્જની માહિતી ઈલેક્ટ્રોનિક રીતે પ્રકાશિત કરવાની ફરજ પાડવામાં આવી છે પરિણામ સ્વરુપ, કયા બંદરે કયા ચાર્જ લાગશે તેની માહિતી વધુ સરળતાથી ઉપલબ્ધ થશે. અહીં નોંધવું જરૂરી છે કે, હાલના આ નિર્ણયમાં દરેક રાજ્યના દરેક પોર્ટ ચાર્જનો દર શબ્દશઃ એકસરખો કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો નથી પરંતુ ચાર્જની માહિતી જાહેર કરવાની રીત અને પોર્ટ પ્રક્રિયાઓમાં એકરૂપતા લાવવાથી રાજયવાર પ્રક્રિયાત્મક તફાવત અને અનિશ્ચિતતા ઘટાડવાનો પ્રયાસ સ્પષ્ટ કરાયો છે. 'વન નેશન, વન પોર્ટ પ્રોસેજર'માં માર્ચ-૨૦૨૭ સુધીમાં તમામ બંદરોને મેરીટાઈમ સીગલ વીન્ડો-સાગર સેતુ સાથે ઈન્ટિગ્રેટ કરવાનો નિર્ણય પણ લેવાયો છે. આથી પોર્ટ સંબંધિત વિવિધ પ્રક્રિયાઓ એક જ ડિજિટલ માધ્યમ પર લાવવાનો માર્ગ મોકળો થશે અને પોર્ટ પર કાગળ આધારિત તથા અલગ-અલગ પ્રક્રિયાઓ ઘટાડવામાં મદદ મળશે. આ બેઠકમાં મેરીટાઈમ ઈન્ડિયા વીઝન ૨૦૩૦ અને મેરીટાઈમ અમૃત કાળ વિઝન ૨૦૪૭ અંતર્ગત લાંબા ગાળાના લક્ષ્યાંકો પર પણ ચર્ચા થઈ હતી.

ગુજરાત જેવા વિશાળ દરિયા કાંઠો ધરાવતા રાજ્ય માટે આ નિર્ણયનું વિશેષ મહત્વ છે. રાજ્યના વિવિધ બંદરો પરથી આયાત-નિકાસ કરતા ઉદ્યોગો, શિપિંગ કંપનીઓ, લોજિસ્ટિક્સ ક્ષેત્ર અને પોર્ટ આધારિત ઉદ્યોગોને પ્રક્રિયાઓમાં વધુ સ્પષ્ટતા અને એકરૂપતા મળવાની અપેક્ષા છે. MSDCએ રાજ્યોને પોર્ટ સાથે જોડાયેલા ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સ વિકસાવવા, પ્લગ-એન્ડ-પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા અને મંજૂરીની પ્રક્રિયા ઝડપી બનાવવા પણ ભાર મૂક્યો છે. હાલ અલગ-અલગ બંદરો અને રાજ્યોમાં દસ્તાવેજીકરણ, મંજૂરી અને ઓપરેશનલ પ્રક્રિયાઓમાં તફાવત જોવા મળે છે. 'વન નેશન, વન પોર્ટ પ્રોસેસ'નો મુખ્ય હેતુ આ પ્રક્રિયાઓમાં એકરૂપતા અને ડિજિટલ સ્ટાન્ડર્ડાઈઝેશન લાવવાનો છે. સરકાર દ્વારા પોર્ટ ટેરિફ અને ચાર્જની માહિતી પણ ઈલેક્ટ્રોનિક રીતે ઉપલબ્ધ કરાવવાની દિશામાં પગલાં લેવાયા છે. એટલે વેપારીઓને કયા બંદરે કઈ પ્રક્રિયા અને કયા ચાર્જ લાગુ પડે છે તેની માહિતી વધુ સરળતાથી મળી શકશે.આ બેઠકમાં ઈન્ડિયન પોર્ટ એક્ટ, ૨૦૨૫ હેઠળ ૧૫મી, મે ૨૦૨૬ના રોજ સૂચિત થયા બાદ આ તેની પ્રથમ બેઠક હતી.

જેમાં તેને વૈધાનિક સલાહકાર સંસ્થા તરીકે વધુ મજબૂત ભૂમિકા મળી છે. MSDCની મૂળ રચના ૧૯૯૭માં થઈ હતી. ખાસ કરીને એક જ વેપારી જો ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, ગોવા અથવા અન્ય દરિયાકાંઠાના રાજ્યના બંદરનો ઉપયોગ કરે તો અલગ-અલગ પ્રક્રિયાઓના બદલે વધુ પ્રમાણભૂત ડિજિટલ સિસ્ટમ તરફ આગળ વધવાનો માર્ગ તૈયાર થશે.

# અન્ય સમાચારો

Thursday 15, October 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 15, October 2026

## પેટા ચૂંટણી : મમતાને દાઝયા ઉપર ડામ

રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ વિપક્ષી નેતાઓનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળીને વોટચોરીની ફરિયાદ સાથે આવેદનપત્ર આપી રહ્યું હતું, ત્યારે બંગાળ અને તામિલનાડુ વિધાનસભાઓની ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણીનાં પરિણામ આવી રહ્યાં હતાં. બન્ને રાજ્યમાં શાસકપક્ષે બેઠકો જીતી છે. તામિલનાડુનાં પરિણામમાં આશ્ચર્ય નથી, જ્યારે બંગાળમાં - મુસ્લિમોની બહુમતીવાળા વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટીને જે બહુમતી મળી છે તે જોતાં વોટચોરીની ફરિયાદનો છેદ ઊડી જાય છે! મમતા બેનરજી માટે આ પરિણામ દાઝયા ઉપર ડામ જેવાં છે. પશ્ચિમ બંગાળમાં રાજકીય દૃષ્ટિએ મહત્ત્વના નંદીગ્રામ વિધાનસભાની પેટા ચૂંટણી મમતા બેનરજી માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતી, પણ અહીં ભાજપની ઉમેદવાર હસીરાણી રથે કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનને ૧,૨૨,૭૫૩ મતથી સજ્જડ પરાજય આપ્યો. મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારીના પર્સનલ સહાયક ચંદ્રનાથ રથનાં માતા હસીરાણીનો વિજય એ દૃષ્ટિએ પણ મહત્ત્વનો કે કોંગ્રેસના ઉમેદવારને માત્ર ૪૧,૬૭૪ મત જ મળ્યા અને ડાબેરીઓ, આઈએએસએફ તથા ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ તથા અન્ય તમામ ઉમેદવારોની ડિપોઝિટ પણ જપ્ત થઈ ગઈ. મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તાર રેજીનગરમાં પણ ભાજપના શંકરરાવ સરકારની જીત થઈ હતી. આમ જનતા ઉન્નયન પાર્ટીના પ્રમુખ હુમાયુ કબીર હજી પાંચ મહિના પહેલાં જ આ બેઠક પરથી ૫૯ હજાર કરતાં વધુ મતથી જીત્યા હતા, પણ પેટા ચૂંટણીમાં તેમના પુત્ર ગુલામ નબી આઝાદ ૭૫,૮૧૬ મતથી હારનો સામનો કર્યો. હુમાયુ રેજીનગર ઉપરાંત નૌદાથી જીત્યા હતા આથી તેમણે રેજીનગરની બેઠક ખાલી કરી હતી. અહીં પણ ભાજપના ઉમેદવારને એક લાખથી વધુ મત મળ્યા હતા. આ સાથે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ભાજપની બેઠકોનો આંકડો ૨૦૯ થયો છે. કોંગ્રેસ તથા અન્ય વિરોધી પક્ષોએ હાર પછી ચૂંટણી પ્રચારમાં અડચણ અને મતદાનમાં ગેરરીતિના આક્ષેપો કર્યા છે. આસામના નાગાવ લોકસભા મતદાર સંઘમાં ભાજપનો સાત વર્ષ બાદ વિજય થયો એઆઈયુડીએફના પ્રમુખ અને આસામમાં મોટું માથું ગણાતા બદરુદીન અજમલનો ૧.૪૨ લાખ મતોથી પરાજય હેમંતા બિસવા સર્મા માટે વ્યક્તિગત સ્તરે મોટી જીત ગણાય. મુસ્લિમો ભાજપની તરફેણમાં મતદાન નથી. કરતા એ વાતનો છેદ બંગાળ અને આસામની આ જીતોથી ઊડયો છે. નાગાવમાં તો કોંગ્રેસની ઉમેદવાર શિબોમની બોરાને ૧.૨૯ લાખ મત મળ્યા હતા અને વિજેતા અને ભૂતપૂર્વ સરકારી અમલદાર દેબાશિષ શર્માની તરફેણમાં ૭.૧૪ લાખ વોટ પડયા હતા. લોકસભામાં આસામની ૧૪ બેઠકમાંથી હવે ૧૦ ભાજપ પાસે છે, બાકીની ચારમાંથી એક તો ભાજપના સાથી પક્ષ આસોમ ગણ પરિષદ પાસે છે, તો એક યુનાઈટેડ પીપલ્સ પાર્ટી લિબરલ અને બે પર કોંગ્રેસ છે. આસામ કોંગ્રેસના વડા ગૌરવ ગોગોઈએ આ પરાજય માટે ચૂંટણીપંચની ભૂમિકા પર સવાલ ઉપાડયા છે. વાસ્તવિકતા એ છે કે, વિરોધી પક્ષોના મતો વહેંચાઈ જવાને કારણે તથા લઘુમતી બાહુલ્ય વિસ્તારોમાં મતદાનની બદલાયેલી પેટર્નને કારણે ભાજપને લાભ થયો છે. વધુ એકવાર વિપક્ષી એકતાનો દાવો પોકળ સાબિત થયો છે અને ભાજપ સામે એકજૂટ થઈ લડવાની તેમની નબળાઈ અને આપસના મતાંતરોને કારણે ચૂંટણી પરિણામ તેમની ધારણા મુજબનાં આવ્યાં નથી. ભાજપે ક્યાંક ગઢ સાચવવા ઉપરાંત વિરોધીઓના કિલ્લા ફતેહ કર્યા છે.

## દમણગંગા ટાઇમ્સ NEWS CORPORATE NEWS

### બોનફિગ્લિઓલી ટ્રાન્સમિશન્સ લિમિટેડનો આઈપીઓ ગુરુવારથી ખુલશે

**સુરત, તા. ૧૪ :** બોનફિગ્લિઓલી ટ્રાન્સમિશન્સ લિમિટેડ તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટેની બિડ/ઓફર ગુરુવાર, ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ શરૂ થશે અને સોમવાર, ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગ અને ઓફરનો સમયગાળો બુધવાર, ૧૪ ઓક્ટોબર, ૨

૦૨૬ના રોજ રહેશે. આ ઓફર માટે ઈક્વિટી શેરનો પ્રાઈઝ બેન્ડ પ્રતિશેર રૂ.૫૫૮ થી રૂ.૫૮૬ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો લઘુતમ ૨૫ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૨૫ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં બિડ્સ લગાવી શકશે. ઈક્વિટી શેર "BSE" અને "NSE" પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે.આ ઓફરમાં બોનફિગ્લિઓલી એસ.પી.એ. (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર) દ્વારા કુલ. ૪,૩૨,૩૯,૦૪૨ ઈક્વિટી શેર સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦છે. બોનફિગ્લિઓલી બ્રાન્ડ વિશ્વભરમાં લગભગ ૭૦ વર્ષથી કાર્યરત છે, જ્યારે ભારતમાં કંપનીને ૨૫ વર્ષથી વધુ નો કામગીરી નો અનુભવ છે.

### ટોન્બો ઈમેજિંગ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ ગુરુવારના રોજ ખુલશ

**સુરત, તા. ૧૪ :** ટોન્બો ઈમેજિંગ ઈન્ડિયા લિમિટેડ તેના રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ ગુરુવાર, ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ખુલશે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ બુધવાર, ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે, જે આઈપીઓ ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલાં છે. આઈપીઓમાં બિડીંગ અને ઓફર બંધ થવાની તારીખ સોમવાર, ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ રહેશે. કંપનીના ઈક્વિટી શેર BSE અને NSE માં લિસ્ટ કરવાની દરખાસ્ત છે.આ ઓફર માટે દરેક ઈક્વિટી શેરનો -ાઈઝ બેન્ડ રૂ. ૬૬૫થી રૂ. ૭૦૦ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણ કારો ઓછામાં ઓછા ૨૧ ઈક્વિટી શેર માટે બિડ કરી શકશે અને ત્યારબાદ ૨૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. આ ઓફરમાં સંપૂર્ણ પણે શેરધારકો દ્વારા તેમના શેર વેચાણની ઓફરનો સમાવેશ થાય છે.

### CMA CGM સાથે અદાણી લોજિસ્ટિક્સ પાર્ટનર્સ

**વાપી, તા. ૧૪ :** અદાણી લોજિસ્ટિક્સ લિ., જે ભારતની સૌથી મોટી ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ ઓપરેટર અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડની પેટાકંપની છે, તેણે તુમ્બ, વાપી ખાતેના તેના આંતરદેશીય કન્ટેનર ડેપોમાંથી કન્ટેનર ડિલિવરી માટે ઈલેક્ટ્રિક ટ્રક્સ તૈનાત કરવા વૈશ્વિક શિપિંગ અને લોજિસ્ટિક્સ જૂથ CMA CGM સાથે ભાગીદારી કરી છે. આ જમાવટ કન્ટેનર પરિવહનના અંતર્દેશીય તબક્કામાં ઈલેક્ટ્રિક ગતિશીલતાનું વિસ્તરણ કરશે - ડેપોને ગ્રાહકોના કારખાનાઓ અને વેરહાઉસીસ સાથે જોડશે - અને કન્ટેનરની અવરજવર માટે ભારતના સૌથી મોટા ટ્રક કાફલાનો ભાગ બનશે. ટુમ્બાથી શરૂ થયેલી આ પહેલ, ગુજરાતના વ્યાપક લોજિસ્ટિક્સ નેટવર્કમાં ઓછા ઉત્સર્જનવાળા રોડ ટ્રાન્સપોર્ટ તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે.

# આજે મોદી લદ્દાખમાં ૩,૩૫૦ કરોડથી વધુના પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન કરશે



(જી.એન.એસ) તા. ૧૪ નવી દિલ્હી, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ બપોરે અંદાજે ૧૨:૩૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા લદ્દાખમાં ?૩,૩૫૦ કરોડથી વધુના પાંચ મુખ્ય વિકાસ પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ કરશે. તેઓ આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને પણ સંબોધિત કરશે. આ પાંચ પ્રોજેક્ટો કનેક્ટિવિટી મજબૂત કરશે, ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરશે, સાંસ્કૃતિક વિરાસતનું સંરક્ષણ કરશે અને પ્રદેશમાં જળ સુરક્ષા વધારશે.

પ્રધાનમંત્રી લેહના કુશોક બકુલા રિંપોચે એરપોર્ટ ખાતે ?૬૪૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા નવા પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે. ૨૩,૮૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું આ આધુનિક ટર્મિનલ વાર્ષિક ૩૫ લાખ મુસાફરોને સંભાળવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. તેની ઉર્જા કાર્યક્ષમતા વધારવા અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા માટે ભૂ-તાપીય ઊર્જાનો સમાવેશ કરીને, આ સુવિધા લદ્દાખના પર્યાવરણીય રીતે સંવેદનશીલ વાતાવરણમાં ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વને પ્રતિબિંબિત કરે છે. લદ્દાખની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતના તત્વો સાથે આધુનિક પેસેન્જર સુવિધાઓનું મિશ્રણ કરીને, આ ટર્મિનલ મુસાફરોની સુવિધાઓમાં સુધારો કરશે અને દેશના બાકીના ભાગો સાથે હવાઈ કનેક્ટિવિટી મજબૂત કરશે. પ્રધાનમંત્રી બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (મ્ર્ં) દ્વારા નિર્મિત ૨૯૮ કિમી લાંબા નિમ્મુ-પદમ-દાર્ચા માર્ગનું રાષ્ટ્રને સમર્પણ કરશે. દૂરસ્થ ઝાંસ્કર ખીણ દ્વારા લેહના નિમ્મુને હિમાચલ પ્રદેશના દાર્ચા સાથે જોડતો આ રોડ, શ્રીનગર-લેહ અને મનાલી-લેહ હાઈવેની પૂરક તરીકે લદ્દાખને વૈકલ્પિક કનેક્ટિવિટી કોરિડોર પૂરો પાડે છે. અત્યંત ઊંચાઈ ધરાવતા શિંકુન લા પાસ સહિત પડકારરૂપ હિમાલયના ભૂપ્રદેશમાંથી પસાર થતો આ માર્ગ એક નોંધપાત્ર એન્જિનિયરિંગ સિદ્ધિ દર્શાવે છે. તેનું વ્યૂહાત્મક મહત્વ ઓપરેશનલ ગતિશીલતા વધારવા અને સશસ્ત્ર દળો માટે લોજિસ્ટિકલ સમર્થન મજબૂત કરવામાં રહેલું છે. તે આરોગ્ય સંભાળ, શિક્ષણ, બજારો અને આવશ્યક સેવાઓની પહોંચમાં સુધારો કરીને ઝાંસ્કરના નિવાસીઓને પણ લાભ પહોંચાડશે.

ઊર્જા સુરક્ષા મજબૂત કરવા અને લદ્દાખની પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાનો ઉપયોગ કરવાના પ્રયાસોના ભાગરૂપે, પ્રધાનમંત્રી ૯ મેગાવોટના હાનુ સ્મોલ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ અને ૬૬ કેવી ડબલ-સર્કિટ દાહ-હાનુ-ખાલત્સી ટ્રાન્સમિશન લાઈનનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટો વીજ નિષ્કાસન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરશે અને લદ્દાખના વીજળી નેટવર્કની વિશ્વસનીયતામાં સુધારો કરશે. તેઓ પ્રદેશના જળવિદ્યુત સંસાધનોનો ઉપયોગ કરવા અને તેના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે.લદ્દાખની પ્રાચીન પુરાતત્વીય વિરાસતને જાળવવાના મહત્વને ઓળખીને, પ્રધાનમંત્રી સિંધુ ઘાટ, લેહ ખાતે ભારતના પ્રથમ પેટ્રોગ્લિફ કન્ઝર્વેશન પાર્કનું ઉદ્ઘાટન કરશે.

## સિંગતેલનો ડબ્બો રૂ. ૩,૦૦૦ને પાર

# તહેવારો પહેલા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

**છેલ્લા ૩ દિવસમાં ડબ્બે રૂ. ૭૫નો વધારો : કપાસિયા તેલના ભાવ રૂ.૨૬૨૦થી ૨૬૮૦, પામતેલ રૂ.૨૩૧૫થી ૨૩૨૦ થયો**



(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૧૪ : દિવાળીના તહેવારો આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે મોંઘવારીની માર ઝીલતી મહિલાઓ માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે. તહેવારો ટાણે જ ખાદ્યતેલના ભાવમાં વધારો નોંધાયો છે. રાજકોટ તેલબજારમાં દિવાળી પહેલા જ સિંગતેલ સહિતના ખાદ્યતેલોના ભાવમાં મોટો ભડકો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. છેલ્લા ત્રણ જ દિવસમાં સિંગતેલના ભાવમાં ૭૫ રૂપિયાનો તોતિંગ વધારો નોંધાયો છે. આ ભાવવધારા સાથે જ ૧૫ કિલો સિંગતેલના ડબ્બાનો ભાવ ૩,૦૦૦ રૂપિયાની સપાટી વટાવી ચૂક્યો છે. હાલ બજારમાં સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ. ૩,૦૦૦થી વધીને રૂ. ૩,૦૮૦ની ઉંચી સપાટીએ પહોંચી ગયો છે.માત્ર સિંગતેલ જ નહીં, પરંતુ મધ્યમવર્ગીય પરિવારોમાં વપરાતા અન્ય ખાદ્યતેલોના ભાવમાં પણ વધારો જોવા મળ્યો છે.

કપાસિયા તેલના ડબ્બાનો ભાવ વધીને ૨,૬૨૦ રૂપિયા થી ૨,૬૮૦ રૂપિયાની સપાટીએ પહોંચ્યો છે. પામતેલના ડબ્બાનો ભાવ રૂ. ૨,૩૧૫ થી રૂ. ૨,૩૨૦ સુધી બોલાઈ રહ્યો છે.

# સીજેપીના સૌરવ દાસ, આશુતોષ રંકાને તિહાડ જેલ મોકલી દેવાયા



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪ : જંતર મંતર પર પરવાનગી વિના વિરોધ પ્રદર્શન કરવું અને પીસ બોન્ડના ઉલ્લંઘન બદલ સીજેપીના આશુતોષ રંકા, સૌરવ દાસને ૫ દિવસની કસ્ટડીમાં મોકલાયા છે. જ્યારે આજિંક્ય શિંદે પીસ બોન્ડ ભરી મુક્ત થયો છે. સીજેપીના આશુતોષ રંકા અને સૌરવ દાસને તિહાડ જેલ મોકલવામાં આવ્યા છે. કોક્રોચ જનતા પાર્ટીના નેતા સૌરવ દાસ, આશુતોષ રંકા અને અજિંક્ય શિંદેની પોલીસે ધરપકડ કરી છે. સીજેપીના ત્રણેય નેતાઓ વિરુદ્ધ દિલ્હી પોલીસની આ કાર્યવાહીનું કારણ છે કે આ ત્રણ નેતાઓ તેના અન્ય સભ્યો સાથે પરવાનગી વિના જંતર મંતર વિસ્તારમાં આવ્યા અને વિરોધ પ્રદર્શન કર્યું સાથે જ અગાઉ કરેલા શાંતિ કરારનો ભંગ પણ કર્યો છે. આ મામલે પોલીસે પ્રાથમિકી નોંધી હતી. ત્યારબાદ આજે સવારે તેમને કોર્ટ સમક્ષ રજૂ કરાયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર સૌરવ દાસ અને આશુતોષ રંકાએ કલમ ૧૬૩ નું ફરીવાર ઉલ્લંઘન કર્યું છે. પોલીસે તેમને રિપીટ ઓફેંડર કહ્યા અને તેમના અગાઉ કરેલા આચરણનો પણ હવાલો આપવામાં આવ્યો. પોલીસે કોર્ટને જણાવ્યું કે બંનેએ અગાઉના બોન્ડનું ઉલ્લંઘન પણ કર્યું છે. જ્યારબાદ કોર્ટે તેમને ૫ દિવસની કસ્ટડી માટે તિહાડ જેલ મોકલવાનો આદેશ કર્યો. કોક્રોચ જનતા પાર્ટીના નેતા સૌરવ દાસ, આશુતોષ રંકાને ૫ દિવસ તિહાડ જેલ મોકલવામાં આવ્યા તેને લઈ અભિજીત દિપકેની પ્રતિક્રિયા પણ સામે આવી છે. દિપકેએ ઈસ્ટાગ્રામ પર પોસ્ટ કરી આ નિર્ણય પર સવાલ કર્યો છે. તેણે કહ્યું છે કે આશુ અને સૌરવને ૫ દિવસ જેલ મોકલવામાં આવ્યા છે. તેમની ભુલ શું છે? જંતર મંતર પર રાષ્ટ્રધ્વજ ફરકાવવો? જંતર મંતરને તાજેતરમાં પ્રદર્શન માટેના સ્થળની યાદીમાંથી હટાવી દેવામાં આવ્યું છે તેમ છતાં અને સીજેપીના અન્ય સભ્યો વિરોધ પ્રદર્શનની પરવાનગી વિના જંતર મંતર પહોંચ્યા હતા અને નારેબાજી કરી હતી. તેમના જંતર મંતર ખાતેના કેટલાક વિડિયો પણ વાયરલ થયા હતા. વીડિયોમાં આશુતોષ રંકા એવો દાવો પણ કરે છે કે વિરોધ પ્રદર્શન થશે અને જંતર મંતર ખાતે જ જ્ઞાનેશ કુમાર ને રાજીનામું આપવું પડશે.

# IMFએ વૈશ્વિક અર્થતંત્ર માટે જાહેર કર્યું રેડ એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪

IMFએ ચેતવણી આપી છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મધ્ય પૂર્વમાં લાંબા સમયથી ચાલતું યુદ્ધ અને વધતું સરકારી દેવું વૈશ્વિક અર્થતંત્ર માટે નોંધપાત્ર જોખમો ઊભા કરી શકે છે. મંગળવારે બેંગકોકમાં જાહેર કરાયેલા તેના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં, સ્લ્રએ અનુમાન લગાવ્યું છે કે ૨૦૨૬માં વૈશ્વિક આર્થિક વૃદ્ધિ દર ૩.૧% રહેશે. જે જુલાઈમાં કરવામાં આવેલા ૩%ના અનુમાન કરતાં થોડો વધારે છે. મધ્ય પૂર્વના યુદ્ધને કારણે ઓઈલના ભાવમાં વધારો થયો હોવા છતાં છૈં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મજબૂત રોકાણને કારણે વૃદ્ધિને વેગ મળ્યો છે.

IMFને અપેક્ષા છે કે ૨૦૨૭ સુધીમાં વૈશ્વિક વૃદ્ધિ દર ૩.૪% સુધી પહોંચશે. જોકે, આ અનુમાનનો આધાર માર્ચ સુધીમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરીથી ખુલવા અને ઓક્ટોબર ૨૦૨૭ સુધીમાં શિપિંગની સ્થિતિ યુદ્ધ-પૂર્વેના સ્તરે પાછી આવવા પર રહેલો છે. IMFએ ચેતવણી આપી છે કે જો છૈં ટેક્નોલોજી ઉત્પાદકતા અને નફાકારકતામાં અપેક્ષિત લાભ આપવામાં નિષ્ફળ જાય, તો છૈં રોકાણમાં અચાનક ઘટાડો નાણાકીય બજારોને નુકસાન પહોંચાડી શકે છે અને આર્થિક વૃદ્ધિને ધીમી કરી શકે છે. ડાઉનસાઈડ સિનારિયો હેઠળ, AI રોકાણમાં તીવ્ર ઘટાડો ૨૦૨૮ સુધીમાં વૈશ્વિક ય્ઘ્ઁમાં ૧.૧%નો ઘટાડો લાવી શકે છે. આ સ્થિતિમાં, યુએસના આર્થિક ઉત્પાદનમાં ૧.૮%નો ઘટાડો થઈ શકે છે.IMFએ તેના ગ્લોબલ ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી રિપોર્ટમાં પણ આ જોખમો પર પ્રકાશ પાડ્યો છે અને નીતિ-નિર્ધારકોને AI રોકાણો અને સ્ટોક વેલ્યુએશનમાં ઘટાડાની સંભાવના અંગે બેદરકાર ન રહેવાની ચેતવણી આપી છે. IMFના ગ્લોબલ માર્કેટ્સ એનાલિસિસ ડિવિઝનના આસિસ્ટન્ટ ડાયરેક્ટર જેસન વુએ જણાવ્યું હતું કે છૈં કંપનીઓની આવક પેદા કરવાની ક્ષમતા અંગેની શંકા ઈક્વિટી રોકાણોના મૂલ્યને ઘટાડી શકે છે. આનાથી દેવાની ચુકવણી મુશ્કેલ બની શકે છે અને કંપનીઓ માટે ભવિષ્યની આવકની પ્રતિબદ્ધતાઓને પૂરી કરવામાં અવરોધ ઊભો થઈ શકે છે.

IMFના મોનેટરી એન્ડ કેપિટલ માર્કેટ્સ વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર એથનાસિયોસ વામવાકીડિસના જણાવ્યા અનુસાર, AI માર્કેટમાં આવતું કરેક્શન વ્યાપક અર્થતંત્રને અસર કરી શકે છે. આનાથી સંપત્તિના ભાવમાં ઘટાડો થઈ શકે છે અને ગ્રાહકોની માંગ ઘટી શકે છે, કારણ કે પરિવારો તેમની નાણાકીય સ્થિતિ નબળી હોવાનું અનુભવી શકે છે. IMFએ એવી ચેતવણી પણ આપી છે કે છૈં-સંબંધિત રોકાણોમાં ધીમી ગતિ વૈશ્વિક વેપારને અસર કરી શકે છે.

# હાજીપુરમાં ગંગા નદીમાં બોટ પલટતાં ૧૪ લોકોનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા) પટણા, તા.૧૪

મંગળવારે મોડી સાંજે બિહારના હાજીપુરમાં ગંગા નદીમાં એક બોટ પલટી જતાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. બોટમાં ૨૦થી વધુ લોકો સવાર હતા. આ ઘટના રાઘોપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના રામપુર શ્યામચંદ ગામ નજીક બની હતી. વૈશાલીના જિલ્લા મેજિસ્ટ્રેટે આ અકસ્માતમાં ૧૪ લોકોના મોતની પુષ્ટિ કરી છે, જ્યારે અન્ય પાંચ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. સૌથી દુઃખદ વાત એ છે કે મૃતકોમાં મોટાભાગનાં બાળકો છે, જેઓ હોડીમાં બેસીને જમણવારમાં જઈ રહ્યાં હતાં. આ ઘટના રાઘોપુરના રામપુર શ્યામચંદ ગામની છે. જણાવવામાં આવી રહ્યું છે કે ગામના લગભગ ૨૦થી ૩૦ લોકો હોડીમાં બેસીને નજીકના ગામમાં ભોજન સમારંભમાં જઈ રહ્યા હતા. આ દરમિયાન હોડી નદીમાં પલટી ગઈ અને મોટો અકસ્માત સર્જાયો હતો.

અહેવાલો અનુસાર, બોટમાં સવાર લોકો એક ભોજન સમારંભમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. રસ્તામાં બોટ ગંગા નદીમાં પલટી ગઈ, જેના કારણે મુસાફરો નદીમાં પડી ગયા. અકસ્માત એટલી ઝડપથી થયો કે મુસાફરો કંઈ સમજે તે પહેલા જ બોટ પલટી ગઈ. આ ઘટનાના સમાચારથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્રને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પીડિતોના પરિવારો ભારે આઘાતમાં છે. દરમિયાન, પોલીસ મૃતકોના સંબંધીઓનો સંપર્ક કરી રહી છે અને પીડિતોની ઓળખ કરી તેમના પરિવારોને જાણ કરવાની પ્રક્રિયા હાથ ધરી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે રાઘોપુર દિયારા વિસ્તારમાં બોટ પલટી જવાની ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યુંછે. 'X' પરની એક પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે તેમને આ દુર્ઘટનાના દુઃખદ સમાચાર મળ્યા છે અને જણાવ્યું હતું કે ડૂબી જનારાઓમાં મોટાભાગના બાળકો હતા. તેજસ્વી યાદવે સૌની સુરક્ષા માટે આશા વ્યક્ત કરી હતી. તેમણે ઉલ્લેખ કર્યો કે તેમણે સ્થાનિક લોકો, વહીવટીતંત્ર અને અધિકારીઓ સાથે વાતચીત કરી છે તથા રાહત, બચાવ અને તબીબી સારવારની કામગીરી ઝડપી બનાવવા માટે સૂચનાઓ આપી છે.બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ પણ બોટ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે. તેમણે આ દુર્ઘટનામાં નિર્દોષ લોકોના મૃત્યુના સમાચારને અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક ગણાવ્યા હતા. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા તેમણે દિવંગત આત્માઓની શાંતિ માટે અને પરિવારોને આ દુઃખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના કરી હતી.

# અમેરિકાના વિદેશ મંત્રી ભારતની મુલાકાત લેશે



(સંપૂર્ણ સમાચાર સેવા) વોશિંગ્ટન, તા.૧૪

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો આગામી દિવસોમાં ભારતની સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ આર્થિક રાજધાની મુંબઈની સાથે-સાથે ગુજરાતના જામનગરની પણ મુલાકાત લેવાના છે. બંને દેશો વચ્ચે વ્યુહાત્મક ભાગીદારી ને વધુ મજબૂત કરવા અને ઉર્જા ક્ષેત્રે સહયોગ વધારવાની સંભાવનાઓ પર ચર્ચા કરવા માટે આ પ્રવાસ અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.અમેરિકાના વિદેશ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, ભારત આવતા પહેલા માર્કો રૂબિયો ઉઝબેકિસ્તાનના સમરકંદ જશે, જ્યાં તેઓ C5+1 મિનિસ્ટ્રિયલ મીટિંગમાં ભાગ લેશે. આ પ્લેટફોર્મમાં મધ્ય એશિયાના પાંચ દેશો (ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન, તઝાકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને કિર્ગિસ્તાન) ના વરિષ્ઠ અધિકારીઓ સાથે દ્વિપક્ષીય વાર્તા યોજ્યા બાદ તેઓ સીધા ભારત આવશે. તા. ૧૭ થી ૨૨ ઓક્ટોબર દરમિયાન યોજાનાર આ પ્રવાસ આ વર્ષે તેમનો બીજો ભારત પ્રવાસ હશે. ગુજરાત અને મુંબઈના પ્રવાસ દરમિયાન માર્કો રૂબિયો ભારતીય સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને અગ્રણી બિઝનેસ લીડર્સ સાથે મુલાકાત કરશે. આ બેઠકોમાં ભારત-અમેરિકા વચ્ચે કમર્શિયલ ઈન્વેસ્ટમેન્ટ, આર્થિક સહયોગ અને ખાસ કરીને ઊર્જા સહયોગ વધારવા અંગે વિસ્તૃત મંથન થશે. જામનગર વિશ્વનું રિફાઈનિંગ હબ હોવાથી ઊર્જા અને વ્યાપારી દ્રષ્ટિએ આ મુલાકાતને ખૂબ જ વ્યૂહાત્મક માનવામાં આવી રહી છે.આ મહત્ત્વપૂર્ણ પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે અમેરિકામાં મિડટર્મ ચૂંટણીઓ નજીક છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર પોતાની ઈમિગ્રેશન નીતિઓને વધુ કડક બનાવી રહી છે. ભારતીય નાગરિકો માટે વીઝા સંબંધી કેટલાક પડકારોને કારણે બંને દેશો વચ્ચે થોડી તલખી પણ જોવા મળી છે. જોકે, તાજેતરમાં જ ભારતમાં અમેરિકી રાજદૂત સર્જ્યો ગોરે ભારત અને અમેરિકા વચ્ચે રક્ષા, આઈટી અને હેલ્થકેર ક્ષેત્રે વધી રહેલા સહયોગ પર ભાર મૂક્યો છે.

# I.N.D.I.A. ગઠબંધનની મહારેલી સામે કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪ : દિલ્હી પોલીસે સોમવારે વિપક્ષી ગઠબંધન 'INDIA' દ્વારા યોજાયેલા વિરોધ પ્રદર્શન અને માર્ચના સંદર્ભમાં કુલ ૪ FIR દાખલ કરી છે. વિસ્તારમાં લાગુ કરવામાં આવેલા પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કરવા, બેરિકેડ્સ તોડવા અને રસ્તાઓને નુકસાન પહોંચાડવાના આરોપસર આ ગુના નોંધવામાં આવ્યા છે. તિલક માર્ગ પોલીસ સ્ટેશનમાં ૨ FIR જ્યારે મંદિર માર્ગ અને બારાખંબા રોડ પોલીસ સ્ટેશનમાં ૧-૧ FIR દાખલ કરવામાં આવી છે.

આ વિરોધ પ્રદર્શન સિવાય, દિલ્હી પોલીસે દેશવિરોધી પ્રચાર અને અફવાઓ ફેલાવવા બદલ અલગથી અન્ય ૪ FIR પણ નોંધાવી છે. તપાસ એજન્સીઓને શંકા છે કે પાકિસ્તાન સ્થિત સોશિયલ મીડિયા હેન્ડલ્સ દ્વારા પ્રદર્શનનો ગેરફાયદો ઉઠાવીને ભારતવિરોધી વાતાવરણ ઊભું કરવા અને કોમી સૌહાર્દ બગાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો.

પોલીસે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને પત્ર લખીને આશરે ૫૦૦ જેટલી વાંધાજનક અને ગેરમાર્ગે દોરનારી પોસ્ટ્સ તાત્કાલિક અસરથી હટાવવા વિનંતી કરી છે. હાલ ૧૦૦થી વધુ શંકાસ્પદ એકાઉન્ટ્સ પોલીસની નજરમાં છે, જેમાંથી ઘણા પાકિસ્તાનથી ઓપરેટ થતા હોવાનું મનાય છે. તપાસમાં સામે આવ્યું છે કે સરહદ પારથી સંચાલિત કેટલાક ફેક એકાઉન્ટ્સ દ્વારા રમખાણો અને હિંસાના જૂના તેમજ એડિટ કરેલા વીડિયો વાઈરલ કરવામાં આવી રહ્યા હતા. આ વીડિયોને દિલ્હીના વર્તમાન પ્રદર્શનના હોવાનું કહીને લોકોને ગેરમાર્ગે દોરવામાં આવતા હતા. આ પોસ્ટ્સ સાચી લાગે તે માટે ભારતીય યુવાનોના નામે ફેક આઈડી બનાવવામાં આવ્યા હતા.

૧૦ ઓક્ટોબરના રોજ સોશિયલ મીડિયા પર દિલ્હીમાં ભારે હિંસા થઈ હોવાના દાવા કરાયા હતા. એટલું જ નહીં, એક 'X' એકાઉન્ટ પરથી દિલ્હીમાં સેના તૈનાત કરાઈ હોવાની અને બજારો બંધ હોવાની અફવા ફેલાવાઈ હતી. જેનો ખુલાસો કરતા દિલ્હી પોલીસે સ્પષ્ટતા કરી હતી કે આ વીડિયોનો વર્તમાન ઘટનાઓ સાથે કોઈ સંબંધ નથી.

લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીની આગેવાની હેઠળ 'INDIA' ગઠબંધનના વરિષ્ઠ નેતાઓ અને હજારો કાર્યકરો બારાખંબા રોડ પર એકઠા થયા હતા અને ત્યાંથી સુપ્રીમ કોર્ટ તરફ માર્ચ કરી હતી. કનોટ પ્લેસથી સુપ્રીમ કોર્ટ વચ્ચેના રસ્તાઓ પર હજારોની સંખ્યામાં લોકોએ ઝંડા લહેરાવી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને SIR પ્રક્રિયા બંધ કરવાની માંગ સાથે નારેબાજી કરી હતી.

# ભારતમાં ચાલતા પ્રોટેસ્ટને અમારા દેશથી થઈ રહ્યું છે ફંડિંગ :અમેરિકી સિંગર

(સંપૂર્ણ સમાચાર સેવા) વોશિંગ્ટન, તા.૧૪

બે-ત્રણ મહિના પહેલા એક સોશિયલ મીડિયા કેમ્પેઈનથી શરૂ થયેલી કોકરોચ જનતા પાર્ટીએ હવે દેશના રાજકારણમાં ખળભળાટ સર્જી દીધો છે. નીટ પ્રોટેસ્ટથી એક મંત્રીનું રાજીનામું પડ્યું અને હવે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર પર નિશાન. જો કે એક જાણીતી અમેરિકી સિંગર મેરી મિલબેને કોકરોચ જનતા પાર્ટી અને તેના સંસ્થાપક અભિજીત દીપકેના આ વિરોધ પ્રદર્શનો સામે અવાજ ઉઠાવ્યો છે અને તેમણે દેશના યુવાઓને દીપકેને સાથ ન આપવાની ગુહાર પણ લગાવી છે. મેરી મિલબેનનો એવો આરોપ છે કે તેમના દેશમાંથી એન્ટી મોદી તાકાતોને ફંડિંગ મળી રહ્યું છે.

અમેરિકાની જાણીતી સિંગર મેરી મિલબેને એવો આરોપ લગાવ્યો છે કે પીએમ મોદીનો વિરોધ કરનારા અમેરિકી ડોનર અભિજીત દીપકે અને તેમના ગ્રુપને ફંડિંગ કરે છે. તેમનો એવો પણ દાવો છે કે આ લોકો ભારતની વ્યવસ્થાને તોડવા માંગે છે. ભારતના વિકાસમાં બાધાઓ નાખવા માટેની આ કોશિશો છે. અમેરિકી સિંગરે ભારતના યુવાઓને ચેતવતા કહ્યું કે ભારતમાં થઈ રહેલી એન્ટી મોદી એક્ટિવિસ્ટનું ફંડિંગ તેમના દેશમાંથી થઈ રહ્યું છે. હવે સિંગર મેરી મિલબેનના આ આરોપથી ભારતમાં ચાલી રહેલા પ્રોટેસ્ટના ઈરાદાઓ પર સવાલ ઉઠી રહ્યો છે. અત્રે જણાવવાનું કે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સૂર્યકાંતની એક ટિપ્પણી બાદ સોશિયલ મીડિયામાં રાતોરાત કોકરોચ જનતા પાર્ટી અસ્તિત્વમાં આવી અને તેણે ત્યારબાદ રાજકારણમાં સળવળાટ શરૂ કરી દીધો. નીટનું પેપર લીક થયા બાદ વિરોધ પ્રદર્શનમાં આગળ પડીને ભાગ લીધો અને આ વિરોધ પ્રદર્શન એ હદે પહોંચી ગયું કે શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પડ્યું. ત્યારબાદ સીજેપીનું જુસ્સો વધુ બુલંદ થયો અને પછી તો જીંઇ, ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનરને ટાર્ગેટ પર લીધા છે. જંતર મંતર પર થયેલા નીટ પ્રોટેસ્ટમાં તેમના સ્વરા ભાસ્કર, પ્રકાશ રાજ, શબાના આઝમી જેવા અનેક સેલેબ્સે પણ સપોર્ટ કર્યો હતો.

# અન્ય સમાચારો

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## ખુડવેલમાં બાઈક પર જતાં દંપતિ પૈકી પત્ની પર દીપડાનો હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૪ :** ચીખલી તાલુકાના ખુડવેલ ગામે સાંજના સમયે મોટરસાયકલ ઉપર જઈ રહેલ એક મહિલાને દીપડાએ પંજો મારતા પગના ભાગે ઈજા થતાં ચીખલી રેફરલ હોસ્પિટલમાં સારવાર લેવાની નોબત આવી હતી.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અવર નવર દિપડાઓ જોવા મળી રહ્યા છે. ત્યારે ખુડવેલ ગામની હદમાં સાંજના સમયે નવીનભાઈ શુક્કરભાઇ હળપતિ તથા તેમની પત્ની શીલાબેન




હળપતિ જેઓ મોટરસાયકલ ઉપર જઈ રહ્યા હતાં. દરમિયાન હનુમાન ફળિયા ખાતે અચાનક દિપડો મોટરસાયકલ ઉપર દોડી આવી શીલાબેન હળપતિને ડાબા પગ પર નહોર મારી ઈજા પહોંચાડી હતી. જોકે નવીનભાઈ હળપતિએ મોટરસાયકલ પૂર ઝડપે હંકારી મુકતા આ બંને પતિ પત્નીનો આબાદ બચાવ થયો છે. જોકે ઈજા પામેલ શીલાબેન હળપતિને ચીખલી રેફરલ હોસ્પિટલમાં લાવી સારવાર લેવાની નોબત આવી હતી બનાવની જાણ ચીખલી વન વિભાગને થતા ચીખલી વન વિભાગે ઘટના સ્થળે જઈ દીપડાને પકડવા માટે પાંજરૂ ગોઠવામાં આવ્યું છે.

## બામણવેલના યુવાકે ફાંસો ખાઈ આપઘાત કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૪ :** ચીખલી તાલુકાના બામણવેલ ગામે એક યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાય મોતને વ્હાલું કરતા બનાવ અંગેની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના બામણવેલ ઘાચીવાડ ખાતે રહેતા ચિરાગ પ્રતાપભાઈ ટેલર ઉ.વ.૩૭ જેઓ પોતાના ઘરમાં એકલા રહેતા હોય જેણે મંગળવારના રોજ બપોરના એક વાગ્યા પહેલા હરકોઈ વખતે પોતાના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર ઘરના પહેલા માળે લોખંડના એંગલ સાથે નાયલોનની દોરી વડે ગળે ફાંસો ખાય મોતને વહાલું કર્યું છે જે બનાવ અંગેની જાણ પ્રિતેશ પ્રતાપભાઈ ટેલરનાએ કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

## દમણ જિ.પં. શિક્ષણ સમિતિ અધ્યક્ષ સહિત ટીમે ચાર સરકારી શાળાની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૪ :** દમણ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ મુકેશ ગોસાવીના નેતૃત્વમાં આજે મોટી દમણની ચાર સરકારી શાળાઓની મુલાકાત લઈ શૈક્ષણિક પર્યાવરણથી રૂબરૂ થયા હતાં. પ્રતિનિધિ મંડળમાં દમણ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના સભ્ય નયનાબેન બાબુભાઈ પટેલ, પરિયારીના સરપંચ ભાવિકભાઈ હળપતિ, મગરવાડાના ઉપ સરપંચ પ્રવિણભાઈ ઉક્કડભાઈ ધોડી, દમણવાડાના પંચાયત સભ્ય વિષ્ણુભાઈ બાબુ વગેરેનો સમાવેશ થતો હતો.

દમણ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ મુકેશ ગોસાવી અને ટીમે મહારાણા પ્રતાપ ઉચ્ચ પ્રાથમિક શાળા આંબાવાડી, ઝરી આશ્રમ શાળા, પરિયારી અને દમણવાડા શાળાની મુલાકાત લીધી હતી. આ તમામ શાળાઓની સ્વચ્છતાની સભ્યોએ મુક્ત મને પ્રશંસા કરી હતી અને આ પ્રકારની સ્વચ્છતા જાળવી રાખવા તકેદારી લેવા પણ સલાહ આપી હતી.

દમણની ૪ પૈકી એકાદ શાળામાં ઉધઈની સમસ્યા તથા એકાદ-બેમાં કોમ્પ્યુટર લેબ.માં કેટલાક ખોટકાયેલા કોમ્પ્યુટર અંગે પણ જાણકારી મળી હતી. મોટી દમણની આંબાવાડી શાળામાં બીજા અને ત્રીજા માળ ઉપર બાલ્કનીને ગ્રીલ લગાવી ઢાંકી દેવાની પણ જરૂરત મહેસૂસ થઈ હતી. આ તમામ સમસ્યાના નિરાકરણ માટે શાળાની સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યોને ઉચ્ચ સ્તરે રજૂઆત કરવાનું પણ આશ્વાસન આપવામાં આવ્યું હતું.

પ્રતિનિધિ મંડળમાં દમણ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના સભ્ય નયનાબેન બાબુભાઈ પટેલ, પરિયારીના સરપંચ ભાવિકભાઈ હળપતિ, મગરવાડાના ઉપ સરપંચ પ્રવિણભાઈ ઉક્કડભાઈ ધોડી, દમણવાડાના પંચાયત સભ્ય વિષ્ણુભાઈ બાબુ વગેરેનો સમાવેશ થતો હતો.

## દમણ જિલ્લા ભાજપની બેઠકમાં સંગઠન પર ભાર મુકાયો




**દમણ, તા.૧૪ :** દમણમાં ભારતીય જનતા પાર્ટીના દમણ જિલ્લા એકમની સંગઠનાત્મક બેઠક દમણ ઈન્ડસ્ટ્રીઝ એસો.ના હોલમાં યોજાઈ હતી. જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ અગરિયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

બેઠકને સંબોધિત કરતાં પ્રદેશ પ્રમુખ મહેશભાઈ અગરિયાએ કાર્યકર્તાઓને પક્ષના સંગઠનાત્મક કાર્યક્રમો અસરકારક રીતે ચલાવવા, સંગઠનાત્મક શિસ્ત જાળવવા અને બૂથ સ્તરે સંગઠનને વધુ મજબૂત બનાવવા અપીલ કરી હતી. આ ઉપરાંત નમો એપ પર વધુ સક્રિયતાથી કાર્ય કરવા અને પક્ષની નીતિઓ તથા કાર્યક્રમોને જન-જન સુધી પહોંચાડવા પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં પ્રદેશ ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન પટેલ, પ્રદેશ મંત્રી ઉર્વશીબેન પટેલ, પ્રદેશ મીડિયા સંયોજક મજીદ લધાણી, દમણ પાલિકા પ્રમુખ દીપિકાબેન ટંડેલ, જી.પં.ના ઉપપ્રમુખ રીનાબેન પટેલ સહિત પક્ષના પદાધિકારીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ડાંગમાં પિતા-પુત્રીની ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી બદનામ કરવાનો કારસો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૪ :** ડાંગ જિલ્લામાં સોશિયલ મીડિયાના દુરુપયોગ દ્વારા એક પરિવારને બદનામ કરવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જિલ્લાની એક ૨૨ વર્ષીય યુવતીને લક્ષ્ય બનાવીને કોઈ અજાણ્યા શખ્સે 'rupalgavit7596' નામે ઈન્સ્ટાગ્રામ પર એક નકલી (ફેક) પ્રોફાઈલ તૈયાર કરી હતી. આ bogus આઈડી પરથી શખ્સે યુવતી તેમજ તેના પિતાના આપત્તિજનક ફોટોગ્રાફસ અપલોડ કરીને તેની સાથે અત્યંત અભદ્ર, અશ્લીલ અને અપમાનજનક લખાણો પોસ્ટ કર્યા હતાં. આ પ્રકારના નીચ કૃત્ય દ્વારા યુવતી અને તેના પરિવારની સામાજિક પ્રતિષ્ઠાને ભારે નુકસાન પહોંચાડવાનો મલિન પ્રયાસ કરવામાં આવ્યો હતો. શરૂઆતના તબક્કે, સમાજમાં નકામી ચર્ચા કે બદનામી થશે તેવા ડર અને સંકોચના કારણે પીડિત યુવતી તથા તેના પરિવારે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. જોકે, ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને યુવતીએ પોતાના પરિવારજનો સાથે ઊંડાણપૂર્વક વિચાર-વિમર્શ કર્યો હતો. આખરે હિંમત ભેગી કરીને તેણે પોતાના પિતા સાથે મળીને આ મામલે કાયદેસરનું પગલું ભરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ તબક્કે યુવતીએ સાયબર ક્રાઈમની રાષ્ટ્રીય હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક સાધીને ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી અને ત્યારબાદ નકલી આઈડી પરથી કરાયેલી વિવાદાસ્પદ પોસ્ટ્સના સ્ક્રીનશોટ સહિતના તમામ પુરાવાઓ સાથે પોલીસ ચોકીએ પહોંચી હતી. પીડિત યુવતી અને તેના પિતાએ સાયબર સ્ટોકિંગ અને ઓનલાઈન ઉત્પીડન કરનાર અજાણ્યા ગુનેગારને સત્વરે શોધી કાઢી તેની સામે કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી કરવાની જોરદાર માંગ કરી છે. આ બનાવ અંગે સાપુતારા પોલીસ મથકે ગુનો નોંધી ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. સાપુતારા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) દ્વારા ટેકનિકલ સર્વેલન્સ અને સાયબર સેલની મદદથી આ નકલી ઈન્સ્ટાગ્રામ આઈડી કયા આઈપી એડ્રેસ કે મોબાઈલ નંબરથી ઓપરેટ થઈ રહ્યું હતું તે શોધવાની દિશામાં ચક્રગતિમાન કરવામાં આવ્યા છે.

## ફણસાથી મોપેડ પર દારૂ સાથે એક ઝડપાયો

**વાપી, તા.૧૪ :** વલસાડ એલસીબી પો.કોન્સ. પિયુષ મહેન્દ્રસિંહને મળેલ બાતમી આધારે મોજે કનાડુ પલાટ ફળિયું, ફણસા તરફ જતા રોડ પરથી એક બ્લુ કલરનું નંબર વગરનું TVS જ્યુપિટર મોપેડ કિં. રૂા.૫૦,૦૦૦ પર જતાં આરોપી હેમંતભાઈ દીપકભાઈ પટેલ ઉ.વ.૨૫ રહે. કલગામ, બંધાણી ફળિયું, ઉમરગામને ઝડપી પાડ્યો હતો.

તેની પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂ બિયરના ટીન નંગ-૨૪૦ કિં.રૂ.૫૨,૮૦૦ અને મોબાઈલ ફોન કિં.રૂ.૫,૦૦૦ મળી કુલ રૂ.૧,૦૭,૮૦૦નો પ્રોહી મુદ્દામાલ કબજે કરાયો છે. પકડાયેલ આરોપી વિરૂદ્ધ સરીગામ પો.સ્ટે. ખાતે ફરિયાદ નોંધી વધુ તપાસ કરાઈ રહી છે.

**CHANGE OF NAME**

OLD NAME :- NURODIN ISSUFO MULLA
NEW NAME :- NURODIN ISSUFO
ADDRESS :- 320-A, NEAR IDDGAH, VARKUND, NANI DAMAN, DAMAN 396210

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM SELINA JAMIR NATHANI & SENILA JAMIR NATHANI TO SEHNILA JAMIL NATHANI
ADDRESS : - FLAT NO-205, 2ND FLOOR, SALSABIL MANZIL, KHATKIWAD, NANI DAMAN-396210

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM JAMIL RAZAK NATHANI & JAMIL RAZZAK NATHANI TO JAMIL ABDULRAZAQ NATHANI
ADDRESS: - FLAT NO-205, 2ND FLOOR, SALSABIL MANZIL, KHATKIWAD, NANI DAMAN-396210

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.

e- PTN No. : 39/2026-27/529
Tender ID No. : 2026_UTDNH_8296_1
Last date of download : 30/10/2026 at 12:00 hrs.
Last date of online submission : 30/10/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 30/10/2026 till 15:00 hrs.

Name of work – AMC for CCTV Surveillance System installed at Various Sub-Stations, Offices, Solar Power Plants and Associated Locations of Daman & Diu.

www.dnhtenders.gov.in
tender-elect-dnh@dddo.gov.in (026-2406500)

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa

NO.: IP/DMN/2/5/2026-27/585 DATED :14/10/2026

**વાપી મહાનગરપાલિકા-વાપી**
**૩૯૬૧૯૧, તા.વાપી, જી.વલસાડ**
**(ઈલેક્ટ્રિકલ વિભાગ) (જાહેર નિવિદા નં.૦૫/૨૦૨૬-૨૭)**
**(ટૂંકી મુદતની જાહેરાત)**

વાપી મહાનગર પાલિકા, શરીદ ધનસુખભાઈ માર્ગ, વાપી, ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮, ૨૪૬૨૮૦૩ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઈચ્છા ધરાવનાર ઠેકેદારો પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રક મંગાવવામાં આવે છે. તતા કવર ઉપર ઈલેક્ટ્રિકલ વિભાગ તથા જે તે કામનું પુરુ નામ અવશ્ય લખવાનું રહેશે. તે લખેલ નહી હશે તો ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

| અ.નં. | કામની વિગત | ૧) અંદાજીત રકમ રૂા. ૨) ટેન્ડર ફી રૂા. ૩) બાનાની રકમ રૂા. ૪) સમયમર્યાદા |
|---|---|---|
| ૧ | વાપી મહાનગરપાલિકાના પદ્મભૂષણશ્રી રજ્જુભાઈ શ્રોફ ઓડિટોરિયમ હોલમાં લગાવેલ પ્રોજેક્ટર માટે મધર બોર્ડ, HDMI કેબલ અને VGA કેબલનું સપ્લાય કરી લગાવવાનું કામ. | ૧) ૮૩,૧૬૧.૦૦ ૨) ૩૫૪ (GST સહિત) ૩)૨,૫૦૦.૦૦ ૪) ૦૨ માસ |

કોરા ભાવપત્રક આપવાની આખરી તારીખ ૨૧/૧૦/૨૦૨૬ સમય સાંજે ૫:૦૦ કલાક સુધી. ભરેલા ભાવપત્રક રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી મોકલવાની આખરી તારીખ ૨૭-૧૦-૨૦૨૬ સમય સાંજે ૫:૦૦ કલાક સુધી સિટી ઈજનેર, વાપી મહાનગરપાલિકા - વાપી ૩૯૬૧૯૧ને મળે તે રીતે મોકલવાના રહેશે. ઉપરોક્ત ભાવપત્રક ખોલવા કે ના ખોલવા કે તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

જે.કે. પટેલ
સીટી ઈજનેર
વાપી મહાનગરપાલિકા

નં.માહિતી/વલસાડ/૪૮૧/૨૦૨૬

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.

e- PTN No. : 37/2026-27/711
Tender ID No. : 2026_UTDNH_8294_1
Last date of download : 16/10/2026 at 12:00 hrs.
Last date of online submission : 16/10/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 16/10/2026 till 15:00 hrs.

Name of work – Procurement of Solar PV Modules for Replacement of Faulty/Unserviceable Existing Solar PV Modules installed at Roof-top and Ground Mounted Solar Power Plants of DNHDDPCL.

www.dnhtenders.gov.in
e-elec dnh@ddd.gov.in 026-2406500

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

NO.: IP/DMN/2/5/2026-27/583 DATED :14/10/2026

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.

e- PTN No. : 38/2026-27/528
Tender ID No. : 2026_UTDNH_8298_1
Last date of download : 30/10/2026 at 12:00 hrs.
Last date of online submission : 30/10/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 30/10/2026 till 15:00 hrs.

Name of work – AMC for the Maintenance of Lawn, garden and horticultural work at DNHDDPCL premises in Daman and Diu for a period of one year.

www.dnhtenders.gov.in
tender-elect-dnh@dddo.gov.in (026-2406500)

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

NO.: IP/DMN/2/5/2026-27/584 DATED :14/10/2026

**મે. ઉમરગામના જ્યુડી. મેજી. (ફ.કા.) સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ**

ફો.પ.અ.નં.૩૪૩/૨૦૨૬

**અરજદાર : પરસોત્તમભાઈ ક્રિષ્ણાભાઈ મોરે, ઉંમર ૭૪ વર્ષ, ધંધો-ખેતી,**
**રહે.** દહેરી, મોરેવાસ
તા.ઉમરગામ, જી.વલસાડ, **(અરજદારનાં વકીલ ભુમી આર. ટંડેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, દહેરી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના માતા નામે **રતન ક્રિષ્ણા મોરે**નું મરણ તારીખ ૦૧/૦૮/૧૯૯૦ના રોજ દહેરી, તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૦૭/૧૧/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૧૩ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- આસિસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉમરગામ

**મે. ઉમરગામના જ્યુડી. મેજી. (ફ.કા.) સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ**

ફો.પ.અ.નં.૩૪૪/૨૦૨૬

**અરજદાર : સુખીબેન પરાગભાઈ દુબળા, ઉંમર ૬૯ વર્ષ, ધંધો-ઘરકામ,**
**રહે.** જુના ઉમરગામ, બારીયાવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ, **(અરજદારનાં વકીલ ભુમી આર. ટંડેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, કલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના બહેન નામે **બેબલીબેન જગનભાઈ દુબળા**ની મરણ તારીખ ૧૩/૦૯/૧૯૮૦ના રોજ કલગામ, તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૨૯/૧૦/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૧૩ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- આસિસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉમરગામ

**મે. ઉમરગામના જ્યુડી. મેજી. (ફ.કા.) સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ**

ફો.પ.અ.નં.૩૪૫/૨૦૨૬

**અરજદાર : સુખીબેન પરાગભાઈ દુબળા, ઉંમર ૬૯ વર્ષ, ધંધો-ઘરકામ,**
**રહે.** જુના ઉમરગામ, બારીયાવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ, **(અરજદારનાં વકીલ ભુમી આર. ટંડેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, કલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના માતા નામે **તાપલીબેન બાબુભાઈ દુબળા**ની મરણ તારીખ ૨૪/૦૭/૨૦૦૧ના રોજ કલગામ, તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૨૯/૧૦/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૧૩ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- આસિસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉમરગામ

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Public Works Department
NOTICE INVITING TENDER
Mandatory Civil, Electrical & External Development Works required in Residential Zone of Ayush Hospital at Pati, DNH

On line downloading start of tender documents 13.10.2026 @ 16.00 Hrs
* Pre-bid meeting N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid 22.10.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid 22.10.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid 22.10.2026 @ 16.30 hrs. (if possible)
ID.No. 2026_UTDNH_8302_1

For details please scan dnhtenders.nic.in e-bldg-dnh@ddd.gov.in 0260 2642350

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/698 Dtd.13/09/2026
NO.: IP/DMN/2/5/2026-27/587 DATED :14/10/2026

**ટેરેસ ગળે છે ??**

વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર

એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેકશન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસિપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's, DONEAR, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ



મંડળની ગરબી અને આરતી ઉતારતાં ભકતો

ઈ.સ. ૧૯૫૩માં દમણના સ્વ. ગોપાલભાઈ એન. ટંડેલ તથા વાપીના બંકિમ અગ્રવાલની પ્રેરણા અને સહયોગથી શરુ થયેલ

## વાપીના ગાયત્રી મંદિરમાં ગવાતા ગરબાનો ગુંજરાવ આજે પણ લોકો વાગોળે છે

(મુકુંદ સોની દ્વારા)

**વાપી, તા. ૧૪ :** આજે વાપી મહાનગર બન્યું છે, પણ સાત દાયકા પહેલા વાપી એક નાનકડું ગામડું હતું, જે આઝાદ નગરથી લઈ દેસાઈવાડ સુધી જ સમેટાઈ જતું હતું. આવા સમયે શરૂ થયેલા વાપીના સૌથી જુના ગાયત્રી મંડળનો ઈતિહાસ આજે પણ વડીલોના મુખે વાગોળાય છે.

વાત છે ૧૯૫૩ની. વાપી બજાર રોડ, ગાંધી માર્કેટ પાછળના વિસ્તારમાં રહેતા ભજનિક પરિવાર નારણદાસ રાણા પરિવારના પુત્રો સતીષભાઈ ઉર્ફે ઠાકોરભાઈ રાણા, હીરાભાઈ રાણા અને પરસોત્તમદાસ રાણાને નવરાત્રી મંડળ સ્થાપવાનો વિચાર આવ્યો. આ વિચારને વાપી ઝંડા ચોક ખાતે રહેતા બંકિમભાઈ અગ્રવાલ અને દમણના વર્તમાન ભાજપ નેતા વિશાલ ટંડેલના દાદા સ્વ. ગોપાલભાઈ નારણભાઈ ટંડેલે તન-મન-ધનથી ટેકો આપ્યો અને આ રીતે ૧૯૫૩માં શ્રી ગાયત્રી મંડળની સ્થાપના થઈ. શરૂઆતમાં ગાંધી માર્કેટ પાછળ જ ગરબા રમવાનું શરૂ થયું હતું.

જો જોતામાં આ મંડળ અને અહીં ગવાતા ગરબા એટલા પ્રખ્યાત થઈ ગયા કે આજુબાજુના ગામડાઓમાંથી લોકો ટોળે વળતા. આ મંડળની સૌથી મોટી ઓળખ હતી મા ગાયત્રીની આરતી. એટલા કરુણ સ્વરમાં આરતી ગવાતી કે સાંભળનારની આંખો ભીની થઈ જતી, જે પરંપરા આજે પણ જળવાઈ રહી છે.

તે સમયે નાની બાળાઓ, યુવાનો, મહિલાઓ માટે અલગ અલગ અને સમૂહ ગરબા રમાતા, જેમાં હિન્દુ-મુસ્લિમ દરેક સમાજના લોકો ઉત્સાહથી ભાગ લેતા. યુસુફ ભાઈ ઈંડા વાળાના પિતા પોતે મુસ્લિમ હોવા છતાં દર નવરાત્રીમાં માતાજીને શ્રીફળ અને યથાશક્તિ દાન અર્પણ કરવાં આવતા જે પરંપરા આજે પણ જળવાયેલી છે.હીરાભાઈ ઉર્ફે સોમુભાઈ રાણા દ્વારા ગવાતો ભાઈ-બહેનનો ગરબો આજે પણ લોકો યાદ કરે છે. દાંડિયામાં વકડવેલ સહિત અનેક પ્રકારના રાસ રમાતા.

આ મંડળની વાજિંત્ર ટીમ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં જાણીતી હતી

. હાર્મોનિયમ પર ઠાકોરભાઈ રાણા, માઉજીભાઈ ટેલર પોતે કર્ણપ્રિય ગરબા ગાતા, બેન્જો પર વાપીના મહંમદભાઈ રંગારી, તબલા પર ઈબ્રાહીમભાઈ જેવા હિન્દુ-મુસ્લિમ કલાકારોની માસ્ટર ટીમ હતી. ગરબા ઉપરાંત બાબુભાઈ ચુડીવાળા, બચુભાઈ મિશ્રા, કાંતિભાઈ ચૌહાણ, શિવજીભાઈ પાવર હાસ્યના કાર્યક્રમો કરી મનોરંજન કરાવતા. મંડળને મજબૂત બનાવવામાં ગુલાબભાઈ મારવાડી સહિત અનેક આગેવાનો તનમાંધનથી જોડાયા હતા. જેમાં અમૃતભાઈ ભાવસાર, જશુભાઈ શાહ જેવા દાતાઓ ખેલૈયાઓને વાસણો ઈનામમાં આપતા. ગરબા જોવા લોકો ગાંધી માર્કેટની છત પર પણ બેસી જતા. વાપીમાં તે સમયે માત્ર અનાવિલ શેરી અને શારદા મંડળ જેવી ગણતરીની જગ્યાએ જ નવરાત્રી ઉજવાતી હતી. આજે તો વાપી શહેરમાં સોસાયટી સોસાયટી એ તેમજ કેટલાક સ્થળે એન્ટ્રી પાસ સિસ્ટમ થકી લખલૂટ ખર્ચો કરી ઝકમજળ નવરાત્રી મહોત્સવ ઓર્કેસ્ટ્રા અને ડીજે ના તાલે રમાય છે પણ જુના પારંપરિક મુખેથી ગરબા સાંભળવાની અને ગાવાની પરંપરા બહુ જૂજ જોવા મળે છે.






ગરબા જોવા માર્કેટના ધાબા ઉપર ટોળે વળતી ભીડ



મંડળના કલાકારોની ટીમ



રાસ રમતા ખેલૈયાઓ

### ગાયત્રી મંડળના ગરબા ઓલ ઈન્ડિયા રેડિયો પર સાંભળવા મળ્યાં હતાં

આ મંડળના ગરબાનો એક અનોખો કિસ્સો એ પણ છે કે વાપીના જાણીતા રેડિયો કારીગર જગદીશભાઈ ધોંડેએ ખાસ યંત્ર બનાવી ફ્રિકવન્સી સેટ કરી ગાયત્રી મંડળના લાઈવ ગરબા ઓલ ઈન્ડિયા રેડિયો પર સંભળાવ્યા હતા, જે આજે પણ એક ઈતિહાસ છે.

## ચલા રિંગ રોડ પર પેચવર્ક ઉખડી જતાં વાહનચાલકોમાં રોષ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપીના અતિ વ્યસ્ત ગણાતા ચલા રિંગ રોડ પર મનપા દ્વારા કરાયેલું પેચવર્ક કામ થોડા જ દિવસોમાં ઉખડી જતાં હજારો વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે અને અકસ્માતનો ભય સતાઈ રહ્યો છે.

ચોમાસા દરમિયાન રિંગ રોડ પર ઠેર ઠેર મોટા ખાડા પડી ગયા હતા. સ્થાનિકોની ફરિયાદો બાદ મનપા દ્વારા થોડા દિવસો પહેલા તકલાદી પેચવર્ક કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ કામમાં વેઠ ઉતારવામાં આવી હોવાથી અને ગુણવત્તા ન જળવાતા હાલ પેચવર્ક સંપૂર્ણ ઉખડી ગયું છે અને ફરી મોટા ખાડાઓ દેખાવા લાગ્યા છે.

આ રોડ પરથી રોજ હજારો દ્વિચક્રી, કાર અને ભારે વાહનો પસાર થાય છે. ઉખડેલા પેચવર્કને કારણે વાહનોને કૂદકા ખાવા પડે છે અને સ્લીપ થવાના બનાવો બને છે. રાત્રિના સમયે ખાડા ન દેખાતા જોખમ વધુ વધી જાય છે. વારંવાર રજૂઆત છતાં કાયમી નિરાકરણ ન આવતા તંત્ર તાત્કાલિક ગુણવત્તાસભર અને ટકાઉ સમારકામ કરાવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે.

## વાપી મનપાના અનેક વિસ્તારોમાં સફાઈનો અભાવ

### તમામ ૧૩ વોર્ડમાં સફાઈ માટે નવી એજન્સીઓ નીમવાની તૈયારી છતાં સ્થિતિ યથાવત્ : મ્યુનિસિપલ કમિશનર અને આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવાની જરૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી મહાનગરપાલિકાના અનેક વિસ્તારોમાં સાફ-સફાઈની કામગીરી યોગ્ય રીતે થતી ન હોવાની ફરિયાદો સામે આવી રહી છે. ખાસ કરીને મહાનગરપાલિકામાં નવા સમાવાયેલા ૧૧ ગામોમાંથી મોટાભાગનાં ગામોમાં સફાઈનો અભાવ જોવા મળતાં સ્થાનિક નાગરિકોમાં ભારે નારાજગી ફેલાઈ છે. એક તરફ દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે, તો બીજી તરફ અનેક વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળતાં મનપાના સફાઈ વિભાગની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત વિગતો મુજબ, વાપી મહાનગરપાલિકાના ૧૩ વોર્ડમાં નિયમિત સફાઈ જાળવવા અને ગંદકી ન થાય તે માટે વાર્ષિક કોન્ટ્રાક્ટના આધારે એજન્સીઓને કામગીરી સોંપવામાં આવી હતી. જોકે, હાલ કામગીરી સંભાળતી ત્રણેય એજન્સીઓ સફાઈની વ્યવસ્થા યોગ્ય રીતે જાળવવામાં નિષ્ફળ રહી હોવાની ફરિયાદો ઊઠી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મનપા દ્વારા હવે દરેક વોર્ડમાં અલગ એજન્સી દ્વારા સફાઈ કરાવવાની દિશામાં આયોજન કરવામાં આવી રહ્યું છે. એટલે કે, ૧૩ વોર્ડમાં ૧૩ અલગ-અલગ એજન્સીઓ મારફતે સફાઈની કામગીરી કરાવવાની તૈયારી છે. જોકે, નવી વ્યવસ્થા અમલમાં આવે તે પહેલાં જ મનપાના અનેક વિસ્તારોમાં ગંદકીની સમસ્યા યથાવત્ છે. ખાસ કરીને નવા સમાવાયેલા ૧૧ ગામોમાં સફાઈની પૂરતી વ્યવસ્થા ન હોવાની ફરિયાદો સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી રહી છે. નાગરિકો પોતાના વિસ્તારના ચૂંટાયેલા સભ્યો સમક્ષ રજૂઆતો કરતા હોવા છતાં સમસ્યાનો યોગ્ય ઉકેલ મળતો ન હોવાની પણ નારાજગી વ્યક્ત થઈ રહી છે.

હાલ ચોમાસાની વિદાય થઈ રહી છે અને દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે. આવા સમયે શહેર અને આસપાસના વિસ્તારોને સ્વચ્છ રાખવાની જવાબદારી મહાનગરપાલિકાના વહીવટી તંત્ર અને સત્તાધારી પક્ષની છે. તેમ છતાં અનેક વિસ્તારોમાં ગંદકી જોવા મળતાં સ્થાનિક લોકોમાં અસંતોષ વધી રહ્યો છે. ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધવાની અને વિવિધ રોગચાળો ફાટી નીકળવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં દિવસ અને રાત્રિ દરમિયાન સફાઈ માટે ત્રણે એજન્સી પાસે પૂરતા સફાઈ કામદારો ઉપલબ્ધ ન હોવાની ફરિયાદો પણ ઊઠી રહી છે. સફાઈ કામદારોની સંખ્યા, તેમની કામગીરી અને કોન્ટ્રાક્ટર તથા આરોગ્ય વિભાગ વચ્ચેના સંકલન અંગે પણ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI •
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા વાયર વેલ્ડમેસ
ખીલી હુક જાળી નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

દમણગંગા ટાઈમ્સમાં
શ્રદ્ધાંજલિ અને બેસણું
તમારા આત્મીયજનોના શોક સંદેશ તથા શ્રદ્ધાંજલિ અર્પણ કરવું એકદમ સરળ
નીચે દર્શાવેલ નંબર પર તમારી મેટર વોટસએપ કરો
ઓફિસ : ૯૮૨૫૧ ૨૨૫૦૫

| સાઈઝ | કિંમત |
|---|---|
| ૫ X ૨(૧૦ સીસી) | રૂા. ૩૫૦ /- (ફિક્સ) વધારાના પ્રતિ સીસી રૂા. ૬૦/- |

## વાપી સ્ટેશને નવા ફૂટ ઓવર બ્રિજનો સ્પાન બેસાડી દેવાયો

### રૂા. ૫૦ કરોડના ખર્ચે દરેક પ્લેટફોર્મ અને પૂર્વ-પશ્ચિમમાં આવવા-જવા માટે આ ફૂટ ઓવર બ્રિજથી રોજિંદા ૫૦ હજારથી વધુ યાત્રીઓને રાહત થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી રેલ્વે સ્ટેશન પરથી પસાર થતા દૈનિક હજારો મુસાફરો માટે રાહતના સમાચાર છે. પશ્ચિમ રેલ્વે દ્વારા વાપી સ્ટેશનના આધુનિકીકરણ અંતર્ગત નિર્માણ પામી રહેલા નવા અત્યાધુનિક ફૂટ ઓવર બ્રિજ (FOB) નો મુખ્ય સ્પાન સફળતા પૂર્વક બેસાડી દેવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, અંદાજે રૂ. ૫૦ કરોડના ખર્ચે બની રહેલો આ નવો FOB વાપી સ્ટેશનના તમામ પ્લેટફોર્મને જોડશે, સાથે સાથે પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને પણ જોડતો હશે. હાલમાં જૂનો પુલ ઊંચો હોવાથી પીક અવર્સમાં ભારે ભીડ જામતી હતી અને યાત્રીઓને મુશ્કેલી પડતી હતી.





રેલ્વે અધિકારીઓના જણાવ્યા મુજબ આ નવો બ્રિજ ૧૨ મીટર પહોળો હશે. આ બ્રિજ કાર્યરત થયા બાદ રોજના ૫૦ હજારથી વધુ યાત્રીઓ, ખાસ કરીને વાપી જીઆઈડીસીમાં કામ કરતા શ્રમિકો અને નિત્ય મુસાફરોને સીધો લાભ થશે. સ્પાન બેસાડવાની કામગીરી બુધવારે ભારે ક્રેનની મદદથી કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. હવે ફિનિશિંગ કામ ઝડપથી પૂર્ણ કરી આગામી બે-ત્રણ મહિનામાં આ બ્રિજ મુસાફરો માટે ખુલ્લો મુકવામાં આવશે તેવું રેલ્વે તંત્રએ જણાવ્યું છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**